સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# સ્વામિનારાયણ ચિંતન

વર્ષ :- ૨, અંક :- ૭, સપ્ટેમ્બર - ૨૦૧૪
બે વર્ષ લવાજમ રૂા.૧૬૦/-



**‘આજ શરદ પુનમનો ચંદો રે, અતિશે શોભે આકાશે; રમે ગોપી સંગે ગોવિંદો રે, રંગડો જામ્યો છે રાસે...’**

શરદપૂર્ણિમાની રાત્રિએ ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ પંચાળામાં સંતો-હરિભક્તોના પ્રેમને આધીન થઈ તેમને રાસોત્સવનો લાભ આપી કૃતાર્થ કર્યા હતા. ભગવાન શ્રીહરિની આ રાસલીલાથી પંચાળા અને તેનો રાસોત્સવ એક પર્યાય બની રહ્યા છે.

**શરદ ઉત્સવ**
તા. ૭-૧૦-૨૦૧૪
આસો સુદ - ૧૪














સોરઠ પ્રદેશના માણાવદર શહેરને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે યોજાયેલ પાંચમી 'શ્રી સ્વામિનારાયણ સત્સંગ શિબિર'માં પધારતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી.














સરધારધામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી યોજાયેલ 'સંત શિબિર'માં સંતો-પાર્ષદોને સાધુતાના પાઠો શીખવાડતા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના 'જન્મોત્સવ' પ્રસંગે પૂજન કરતા પૂ. સ્વામી તથા સંતો.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥



# સ્વામિનારાયણ ચિંતન


વર્ષ :- ૨ | અંક :- ૭ | તા. ૨૦-૦૯-૧૪

પ્રયોજક :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: પ્રસિદ્ધ કર્તા ::

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ
પીઠસ્થાન સંસ્થાન -વડતાલ વતી

**શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર**
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫.

:: પ્રકાશક/માલિક/તંત્રી :: સાધુ પતિતપાવનદાસજી
:: સંપાદક :: સ્વામી આનંદસ્વરૂપદાસજી(વેદાંતાચાર્ય)

:: લેખન / સંકલન ::

સાધુ અમૃતસ્વરૂપદાસજી
ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી



:: લવાજમ દર અંગે ગ્રાહક પત્ર વ્યવહાર ::

'ચિંતન કાર્યાલય'
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
**Visit us :** www.sardharkatha.net
www.swaminarayanvadtalgadi.org
**E-mail :-** sardharmandir@gmail.com


:: લવાજમ દર ::

બે વર્ષ: રૂા. ૧૬૦/-
પંચવાર્ષિક : રૂા. ૩૫૦/- • પચ્ચીસ વર્ષ : રૂા. ૭૫૦/-
પરદેશમાં લવાજમ : $ 200 U.S.A.,• £ 125 U.K.

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના જૂન માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ-પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧ | **જળઝીલણી એકાદશી** (ભાદરવા સુદ એકાદશી)<br>- સાધુ અમૃતસ્વરૂપદાસજી, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી | ૦૪ |
| ૨ | **વામન જયંતિ** (ભાદરવા સુદ બારસ) | ૦૬ |
| ૩ | **દશેરા-વિજયાદશમી** (આસો સુદ દશમ) | ૧૦ |
| ૪ | **શરદપૂર્ણિમા** (આસો સુદ પૂર્ણિમા) | ૧૪ |
| ૫ | **ધનતેરશ** (આસો વદ તેરશ) | ૧૮ |
| ૬ | **કાળીચૌદશ** (આસો વદ ચૌદશ) | ૧૯ |
| ૭ | **દીપાવલી-દિવાળી** (આસો વદ અમાસ), **નૂતન વર્ષ-અન્નકૂટોત્સવ** (કારતક સુદ એકમ)<br>**ભાઈબીજ** (કારતક સુદ બીજ), **લાભપાંચમ** (કારતક સુદ પાંચમ) | ૨૦ |
| ૮ | **દેવદિવાળી-તુલસીવિવાહ** (કારતક સુદ એકાદશી થી પૂનમ) | ૨૫ |
| ૯ | **સત્સંગ સમાચાર પત્રિકા**<br>સ્વામી ઘનશ્યામદાસજી તથા શા. સ્વામી સર્વમંગલદાસજી તથા સાધુ ધર્મવલ્લભદાસજી | ૩૦ |



હમારા લક્ષ્ય ચેનલ પર
હવે આપ માણો દુનિયાના 52 દેશોમાં...
Online
www.lakshyatv.com

દિવ્ય અમૃતવાણી
પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની

સત્સંગ કથામૃત
પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી-સરધાર
તથા પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના શ્રીમુખે

**સમય :** દરરોજ સવારે ૫.૩૦ થી ૭.૩૦ રાત્રે ૮.૦૦ થી ૧૧.૦૦



# જળઝીલણી એકાદશી (ભાદરવા સુદ એકાદશી)

**ગતાંકથી આગળ...**

- સાધુ અમૃતસ્વરૂપદાસ ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

જળક્રીડાઓ દરમ્યાન શ્રીજીમહારાજ રમૂજની સાથે સાથે ક્યારેક **ઐશ્વર્ય-દર્શન** પણ કરાવતા :

સં. ૧૮૬૧ના વર્ષમાં **સરધાર**માં ચાતુર્માસ રોકાણ દરમ્યાન ભગવાન શ્રીહરિ રોજબરોજ અનેકવિધ નિત્ય નવી લીલા કરતા. તેમાં ભાદરવા સુદ એકાદશી (જળઝીલણી એકાદશી)ને દિવસે શ્રીજીમહારાજ સર્વે સંતો-હરિભક્તો સાથે સરોવરમાં ઠાકોરજીને જળ ઝીલાવા માટે ધામધૂમથી નીકળ્યા. ઠાકોરજીને પાલખીમાં પધરાવ્યા હતા. સાથે વિસર્જનાર્થે ગણપતિની મૂર્તિ પણ હતી. સરોવરના કિનારે ઠાકોરજીને જળ ઝીલાવવા માટે ત્યાં સંતોએ તથા રાજા તોંગાભાઈ આદિકે અગાઉથી તૈયારીઓ કરી રાખી હતી.

બાંધેલા ઘાટ પાસે પાણી ઊંડું હતું. સંતોએ તેમાં એક નાની હોડી તૈયાર રાખી હતી. ઠાકોરજીને તથા ગણપતિને તે હોડીમાં પધરાવ્યા. પાંચ આરતી કરી. પછી ઠાકોરજી સાથે શ્રીજીમહારાજે પણ સરોવરમાં સ્નાન કર્યું. શરીર લૂછી, સફેદ વસ્ત્રો પહેરી મહારાજ સરોવર તટે બિરાજમાન થયા હતા.

લોજમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ નીલકંઠ વર્ણીવેશે રહેતા હતા ત્યારે મુક્તાનંદ સ્વામીએ દેવા ભક્તને વર્ણીની સેવામાં મૂક્યા હતા. એકવાર નીલકંઠ વર્ણી, સુખાનંદ સ્વામી તથા દેવા ભક્તને સાથે લઈ સમુદ્રમાં સ્નાન કરવા ગયા હતા. ત્યાં બંને સાથે સહજભાવે નીલકંઠ વર્ણીએ ઘણી જળક્રીડા કરી.

'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં આ પ્રસંગનું વર્ણન કરતા પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી **વિહારીલાલજી મહારાજ** લખે છે :- 'સખાભાવ કરી તેહ સ્થાને, જળકેળી કરી ભગવાને; અન્યોઅન્યને જળમાં ડૂબાવે, મારે જળમાં ધકા જેમ ફાવે.માર્યો હરિયે ધકો બહુ બળમાં, નાખ્યો દેવાને ત્યાં ઊંડા જળમાં; એ તો બૂડી ગયો એ જ ઠાર, ક્યાંઈ દીઠો નહીં બીજી વાર.' (શ્રીહરિલીલામૃત : ૪/૪)

નીલકંઠ વર્ણીના એક જ ધક્કે જળમાં ડૂબી ગયેલો દેવો ઘણીવાર સુધી બહાર ન આવ્યો, ત્યારે સુખાનંદ સ્વામીને ચિંતા થઈ કે 'હવે ગામમાં જઈ લોકોને શું જવાબ આપશું ?' ને દેવાની ચિંતામાં તેઓની આંખમાં આંસુ આવી ગયા. સુખાનંદ સ્વામીને ચિંતામાં ડૂબેલા જોઈ નીલંકઠ વર્ણીએ દેવા ભક્તને સાદ કર્યો. વર્ણીરાજનો સાદ પડતાં જ દેવો જળમાંથી બહાર આવી ગયો.


દેવાને જોઈ સુખાનંદ સ્વામીએ સાનંદાશ્ચર્ય પૂછ્યું : ''તું ક્યાં જતો રહ્યો હતો ?'' ત્યારે દેવો કહે :- 'દેવો ભક્ત બોલ્યા તેહ ઠામ, મેં તો જૈ જોયું અક્ષરધામ; દીઠા ત્યાં આ જ વર્ણી સ્વચ્છંદ, ઊભા ચમર કરે રામાનંદ. બ્રહ્મા ભવ ને ઈંદ્રાદિક ઘણા, ગુણ ગાય આ વર્ણીન્દ્ર તણા; મહારાજે મને તો બોલાવ્યો, ત્યારે ધામમાંથી ઝટ આવ્યો.'

આમ, શ્રીજીમહારાજ **જળક્રીડા દરમ્યાન** સૌને આશ્ચર્ય ને ઐશ્વર્યનો પણ અનુભવ કરાવતા.

ભગવાન શ્રીહરિ જળક્રીડાના પ્રસંગે **મર્યાદાઓ** પણ ક્યારેક શીખવતા, કારણ કે જળ જોઈને મનને મર્યાદામાં રાખવું

કઠણ છે. શ્રીહરિ કહે : "વિવાહ તથા ફાગના દિવસોમાં, ભાંડ-ભવાઈ જોવામાં, યુવતી, દર્પણ, બાળક ને જળ - એમાં જે મનને નિયમમાં રાખે તેને દેવ જેવો જાણવો." (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૪/૮૬)

શ્રીજીમહારાજના સાનિધ્યમાં નદીમાં કાયમ હાસ્યના ફૂવારા ઊડતા રહેતા. પરંતુ જળક્રીડા વખતે રમૂજની છોળ્યો ઉછાળતા ભગવાન શ્રીહરિ ભજન-સ્મરણને ક્યારેય ભૂલતાં નહીં. કદાચ કોઈ ભગવાનની સ્મૃતિ ન કરે તો કુરાજીપો પણ વ્યક્ત કરતા. આ પ્રસંગનું વર્ણન પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી **વિહારીલાલજી મહારાજ** 'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં કરે છે :



એકવાર શ્રીજીમહારાજ **કુંડળ** પધાર્યા હતા. અહીં ભગવાન શ્રીહરિ ગામની બાજુમાંથી વહેતી **ઉતાવળી નદી**માં સંતો તથા કાઠી દરબારો સાથે **સ્નાન** કરવા પધાર્યા. શ્રીજીમહારાજ સાથે સંતો સ્નાન કરી રહ્યા હતા, ત્યારે કાઠી-દરબારો ત્યાંથી થોડેક દૂર જઈને ખૂબ પ્રમત્ત થઈને નાહ્યા. પછી કોરા વસ્ત્રો પહેરીને શ્રીજીમહારાજ પાસે આવ્યા. ત્યારે મહારાજે કહ્યું :- 'અશુદ્ધ કાયા કરી છે જરૂર, માટે રહો સૌ અમથી જ દૂર; નાયા તમે ત્યાં નહિ શુદ્ધ નીર, ત્યાં તો હતું તે સઘળું રુધીર. જેઓ પ્રભુ કેરિ સ્મૃતિ વિસારી, ગંગા વિષે સ્નાન કરે પધારી; તે સ્નાન તો શોણિત તુલ્ય જાણો, અશુદ્ધ એનું શરીર પ્રમાણો. માટે કરો સ્નાન સહુ ફરીને, વાણી વદુ તે મનમાં ધરીને;' (શ્રીહરિલીલામૃત : ૬/૨૪)

'ભગવાનની **સ્મૃતિ વિના** તમે નાહ્યા તે તો **લોહીમાં નાહ્યા બરાબર** છે' - એમ કહીને શ્રીજીમહારાજે ભગવાનની સ્મૃતિ વિના સ્નાન કરેલા તે સૌને ફરીથી નાહવા મોકલ્યા. કાઠીઓ સ્મૃતિ સાથે ફરી સ્નાન કરીને પાછા આવ્યા ત્યારે જ શ્રીજીમહારાજે પ્રસન્નતા બતાવી.

આમ, ભગવાન શ્રીહરિ પોતાના આશ્રિતોને ભવસાગરમાં તરવામાં જરા પણ ખોટ ન રહી જાય તેની તકેદારી આવી જળક્રીડામાં પણ રાખતા.

"...'ભગવાનની સ્મૃતિ વિના તમે નાહ્યા તે તો લોહીમાં નાહ્યા બરાબર છે' - એમ કહીને શ્રીજીમહારાજે ભગવાનની સ્મૃતિ વિના સ્નાન કરેલા તે સૌને ફરીથી નાહવા મોકલ્યા. કાઠીઓ સ્મૃતિ સાથે ફરી સ્નાન કરીને પાછા આવ્યા ત્યારે જ શ્રીજીમહારાજે પ્રસન્નતા બતાવી. આમ, ભગવાન શ્રીહરિ પોતાના આશ્રિતોને ભવ-સાગરમાં તરવામાં જરા પણ ખોટ ન રહી જાય તેની તકેદારી આવી જળક્રીડામાં પણ રાખતા..."

એકવાર **ગઢપુર**માં ઉજવાયેલ જળઝીલણી ઉત્સવે ભગવાન શ્રીહરિએ દૃઢાવેલ ભક્તિમાર્ગની મર્યાદાનું સુંદર વર્ણન કરતા સ.ગુ. શ્રી આધારાનંદ સ્વામી 'શ્રીહરિચરિત્રામૃતસાગર' ગ્રંથમાં લખે છે : જળઝીલણી ઉત્સવ આવ્યો ત્યારે મધ્યાહ્ન સમયે શ્રીહરિએ લાલજીને ઝુલાવવા માટે **સુખપાલ**માં બેસાડ્યા અને ગણપતિને **પાટ** પર બેસાડ્યા અને સૌ નદીએ ચાલ્યા. લાલજી, ગણપતિ અને શ્રીહરિના દર્શન કરવા હજારો પુરવાસી બજારમાં ઊભા હતા. ઉન્મત્તગંગાના તીર પર આવ્યા. તે વખતે ત્યાં પાણી ઊંડું હતું વહાણ ત્યાં તરતું હતું. શ્રીહરિ તટ પર આવીને બેઠા. એટલામાં એક સંતે આવીને દસ-બાર ફૂલના હાર તથા ગુચ્છ તોરા વગેરે શ્રીહરિને ધરાવ્યા. પછી શ્રીહરિએ સંતોને પૂછ્યું : "લાલજીને ધરાવીને અમને ધરાવ્યા છે ?"

સંત આ વાત જાણતા ન હતા. તે જણાવવા માટે શ્રીહરિએ પૂછ્યું. ત્યારે સંતો બોલ્યા કે 'લાલજીને ધરાવ્યા નથી.' ત્યારે શ્રીહરિએ હાર તોડીને ભૂમિ ઉપર નાખી દીધા અને કહ્યું : "પૃથુ ભગવાન થયા હતા તે મૂર્તિની સેવા કરતા ત્યારે મૂર્તિનું સન્માન અધિક રાખતા હતા. ભગવાનની જે **આઠ પ્રકારની મૂર્તિ** કહી છે તે મૂર્તિમાં પ્રગટ હરિની બુદ્ધિ રાખીને સેવા કરવી જોઈએ. જેથી નિશ્ચય મોક્ષ થાય છે. અમે એ વાત જાણીને તથા સમજીને તમને લાભની વાત કહી છે અને **મોક્ષની પ્રથા** ક્યારેય ન તૂટે તેવી બાંધી છે" (શ્રીજીમહારાજ સ્વયં પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમનારાયણ હોવા છતાં **મૂર્તિની મર્યાદા** રાખવાની **શીખ** આપતા હતા) ત્યારબાદ લાલજીને વહાણમાં બેસાડી આરતી કરી. ગણપતિને ગંગામાં પધરાવી, પછી લાલજીને ગંગામાં ઝુલાવી બહાર આવ્યા. શ્રીહરિ તથા સંત-હરિભક્તો નાહ્યા. પછી પુરમાં ચાલ્યા. જીવેન્દ્રે પોતાના દરબારમાં લાલજી તથા મહારાજને પધરાવ્યા. પછી પુરમાં હરિભક્તો હતા તેમણે લાલજીને ઘેરઘેર પધરાવી પૂજ્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૨/૩૦)

આમ, જળઝીલણી ને જળક્રીડાના ઉત્સવો ઉપાસના-ભક્તિની મર્યાદાની સાથે ઊજવી ભગવાન શ્રીહરિ સૌને **પૂરણકામ** કરી દેતા. આવા અલૌકિક સુખ પામીને સૌ કોઈ **ધન્ય ધન્ય** થઈ જતા.

શ્રીજીમહારાજની આજ્ઞા પ્રમાણે **ગઢડામાં ભાદરવા સુદ - ૧૧ જળજીલણી**ના દિવસે સમૈયો કરવાનું નિયત કરવામાં આવેલું છે.



# વામન જયંતિ

(ભાદરવા સુદ બારસ)

સમુદ્રમંથન બાદ નીકળેલા અમૃત માટે **દેવો** અને **દાનવો** વચ્ચે **યુદ્ધ** થયું. તેમાં ઈન્દ્રએ બલિરાજનો વધ કર્યો. આથી દાનવ ગુરુ શુક્રાચાર્યે પોતાની સંજીવની વિદ્યાનો ઉપયોગ કરવા નિર્ણય લીધો ! પછી તેમણે બલિરાજાને સંજીવની વિદ્યા દ્વારા જીવંત કર્યા.

બલિએ ઈન્દ્રને મહાત કરવા યુદ્ધનો માર્ગ છોડી યજ્ઞોનો માર્ગ અપનાવ્યો. 'એક સો યજ્ઞો કરાવનાર ઈન્દ્ર પદવીને પામે' એ શાસ્ત્રના વિધાન અનુસાર નર્મદા નદીના સુરમ્ય કિનારા પર **ભૃગુકચ્છ નગરી** (હાલ - ભરુચ શહેર)ને પવિત્ર કરતો **મહાયજ્ઞ** શરૂ થયો. આ નગરીમાં બલિરાજાનો અંતિમ યજ્ઞ હતો. ઈન્દ્રને ચિંતા થઈ કે, હવે બલિ જરૂર મારી પદવી પડાવી લેશે. તેણે પોતાની માતા અદિતિને આ યજ્ઞની અને અગાઉ કરેલા યજ્ઞમાંથી બલિને જે દિવ્ય રથ, અક્ષય ભાથો અને અભેદ્ય કવચ પ્રાપ્ત થયા હતા, તેની પણ વાત કરી. આથી પુત્રપ્રેમી માતાએ પોતાના પતિ કશ્યપને કહ્યું : ''સ્વામિન્ ! આપણા પુત્રો દુઃખી દુઃખી થઈ ગયા છે, તે ફરીથી લક્ષ્મી, યશ અને સ્થાન પ્રાપ્ત કરે તેવો આપ ઉપાય બતાવો.''

ત્યારે કશ્યપે નિર્લેપભાવે કહ્યું : ''ભગવાનનું શરણું સ્વીકારી એની ઉપાસના કરો. કેમ કે ગરીબોની ભક્તિ જેવી સફળ થાય છે, તેવી બીજા કોઈની ભક્તિ સફળ થતી નથી.''

માતા અદિતિએ બાર દિવસનું **પયોવ્રત** કર્યું. ભગવાને તેમને **વરદાન** આપ્યું અને તેમની કૂખે ભાદરવા સુદ ૧૨ના અભિજિત્ મુહૂર્તમાં વિષ્ણુ વામનજી રૂપે પ્રગટ થયા. તેઓ ઈન્દ્રના નાના ભાઈ હોવાને કારણે **'ઉપેન્દ્ર'** પણ કહેવાયા. પ્રાગટ્ય પામ્યા ને તરત જ વામન બટુક થઈ ગયા. તેમને ઉપનયન સંસ્કાર કર્યો. પછી પિતાની આજ્ઞા લઈ વામનજી બલિરાજા પાસે નર્મદા કિનારે ભૃગુકચ્છનગરીમાં આવી પહોંચ્યા.

બલિરાજાએ ભક્તિભાવથી વામનજીના કાંતિ અને તેજ જોઈ આદર કર્યો, પૂજા કરી. પછી છત્ર, પલાશદંડ અને કમંડળધારી આ બટુકને વિનંતી કરી કે, મારી પાસે કંઈક દાન માગો.

વામનજીએ કહ્યું : ''હે બલિ ! મારે તો માત્ર થોડી ભૂમિ જોઈએ છે, તે પણ મારા પગથી મપાયેલા ત્રણ પગલા જેટલી જ !''

બલિરાજાએ આશ્ચર્યચકિત થઈને કહ્યું : ''હે બટુક ! તમે પોતાના સ્વાર્થને સમજતા નથી, તમે હજુ બાળક છો, ત્રણ પગલા જમીનમાં શું ? તમારી આજીવિકા ચાલે તેટલી જમીન તો માગો !''

ભગવાન વામન હસ્યા ને કહ્યું : ''રાજન્ ! દૈવેચ્છાથી જે મળે તેમાં સંતોષી રહે તે સુખી છે. એવો સંતોષ જ મોક્ષનું કારણ છે. અને સાંભળ રાજા ! અજિતેન્દ્રિય છે તેને તો ત્રિલોક આપો તોય તૃપ્ત કરી શકાતા નથી !''

બલિરાજાને આશ્ચર્ય થયું. તેમણે તરત જ વામનજીને ભૂમિ આપવા **સંકલ્પવિધિ** કર્યો. આ પ્રતિજ્ઞાની વાત જાણતા જ દૈત્યગુરુ શુક્રાચાર્ય દોડી આવ્યા. ને ચેતવણી આપતા કહ્યું : ''અરે બલિ ! આ તો વિષ્ણુ છે, તારું સર્વસ્વ છીનવી લેશે.''

પરંતુ બલિ સત્યસંકલ્પ હતા, તેમણે પ્રતિજ્ઞા પાળી. શુક્રાચાર્યે

તેને રાજ્ય-લક્ષ્મીથી ભ્રષ્ટ થવાનો શાપ આપ્યો. બલિએ તે સ્વીકારી લીધો અને એક **અદ્‌ભુત ઘટના** બની ગઈ. જોતજોતામાં જ વામન, વિરાટ બની ગયા ! એક જ પગલામાં વામનજીએ બલિની આખી પૃથ્વી માપી લીધી. શરીરથી આકાશ અને ભુજાઓથી બધી દિશાઓ ઘેરી લીધી. કેમ કે બીજું કદમ ઉપરની તરફ ઊઠી રહ્યું હતું. જેમાં મહર્લોક, જનલોક અને તપલોકથી પર સત્યલોક પણ સમાઈ ગયા હતા :

'क्षितिं पदैकेन बले विचक्रमे नभः शरीरेण दिशश्च बाहुभिः ।।
पदं द्वितीयं क्रमतस्त्रिविष्टपं न वै तृतीयाय तदीयमण्वपि ।
उरुक्रमस्याङ्घ्रिरुपर्यपर्यथो महर्जनाभ्यां तपसः परं गतः ।।'

(શ્રીમદ્‌ ભાગવત : ૮/૨૦/૩૩-૩૪)

હવે ત્રીજો પગ ક્યાં મૂકવો ? ભગવાન વામનજીએ બલિને પૂછ્યું. ત્યારે બલિરાજાએ અતિ નમ્રભાવે કહ્યું : 'पदं तृतीयं कुरु शीर्ष्णि मे निजम् ।' ''ભગવન્‌ ! ત્રીજું પગલું મારા મસ્તક પર રાખો.'' અને વામનજીએ બલિને માથે પગ મૂકી, તેને સુતલમાં રાખી દીધા. દૈત્યરાજની આવી ભક્તિ જોઈને ભગવાન તેના બારણે બંધાયા. ત્યારથી પોતે બલિના દરવાજે ઊભા રહે છે.

આવા ભક્તહૃદય બલિરાજાની પત્ની વિંધ્યાવલિએ પણ પતિના સર્વસ્વ અર્પણમાં ભક્તિપૂર્વક સહયોગ આપ્યો. આ દિવસે પ્રભુએ બલિને ઈન્દ્ર થવાના આશીર્વાદ આપ્યા. અને અંતર્ધાન થઈ ગયા.

'વામન અવતાર'ની એક બીજી કથા **'શતપથ બ્રાહ્મણ'**માં દર્શાવી છે : દેવો અને અસુરના સંગ્રામમાં દેવો પરાજિત થયા. અસુરો પૃથ્વીના ભાગ પાડવા બેઠા અને ભગવાન વિષ્ણુ દેવો સાથે આવી અસુરો પાસે પૃથ્વીમાંથી દેવોનો ભાગ પણ માગવા લાગ્યા. પરંતુ દાનવો કહે : ''વિષ્ણુના ત્રણ પગલાં જેટલી જ જમીન આપીશું.'' એ જ ક્ષણે વામનવિષ્ણુ વિરાટ બન્યા, અને ત્રણે લોક માપી બધું જ હસ્તગત કર્યું. આથી, વામનજીને **'ત્રિવિક્રમ'** પણ કહેવામાં આવે છે. જ્યારે વામનજીએ બીજું પગલું ભર્યું ત્યારે સત્યલોક સુધી પહોંચ્યું. બ્રહ્માજીએ પગલાંનું સૌભાગ્ય-દ્રવ્યોથી પૂજન કર્યું અને પોતાના કમંડળના જળથી ચરણપૂજન કર્યું. તે જળ **આકાશગંગા** થઈને વિચરવા લાગ્યું. રાજા ભગીરથે આ ગંગાને પૃથ્વી ઉપર ઉતારી, તેથી આજે પણ ગંગાને **'ભાગીરથી'** કહેવામાં આવે છે.

આ **'વામન જયંતિ'**નો મહિમા અને પૂજનવિધિ **ભવિષ્યોત્તર પુરાણ**માં વિસ્તારથી સમજાવવામાં આવ્યો છે. આ દિવસે ભગવાનના દશે અવતારની પૂજા કરવામાં આવે છે. દેવતર્પણ તથા પિતૃતર્પણ કરવામાં આ દિવસ ઉત્તમ ગણાય છે. અને ભક્તો ભગવાનના એક હજાર આઠ નામ બોલી આહુતિ અર્પણ કરે છે. આજે પણ ભારતભરમાં ભાદરવા સુદ ૧૨નો દિવસ વામનજીની જયંતિ રૂપે ઊજવવામાં આવે છે. 'જલઝીલણી' એકાદશીનો ઉપવાસ પછી આ વામન જયંતિના દિવસે બપોર સુધી ઉપવાસ કરવાનો હોય છે.

ગરવા ગિરનારની પશ્ચિમ બાજુ **વંથલી** નામનું ગામ આવેલું છે. આ ગામ હજારો વર્ષ પહેલા **'વામનસ્થળી'** નામે ઓળખાતું હતું. મહાભારતમાં **'વામનતીર્થ'** તરીકે ઓળખાવ્યું છે. તેમજ પાંચમી સદી દરમ્યાન ગુપ્ત ઉપરાજાઓનું મુખ્ય શહેર ગણાતું હતું. ઐતિહાસિક નગર સમય વ્યતીત થતાં **'વંથલી'** નામે પ્રચલિત થયું. મધ્યકાલમાં અહિં ચુડાસમાઓની રાજધાની હતી. આ ગામમાં શ્રી વામન ભગવાનનું **પ્રાચીન મંદિર** આવેલું છે. જે ભારતભરમાં આવેલા કેવળ બે જ શ્રી વામનજીના મંદિરોમાંનું આ એક મંદિર છે. આ મંદિરમાં ભગવાન શ્રીહરિ નીલકંઠ વર્ણી વેશે તેમજ રાજાધિરાજ બનીને આ મંદિરના દર્શને પધાર્યા હતા તેમજ રાત પણ રોકાયા હતા અને વામનજી ભગવાનની આરતી ઉતારી મંદિરને વિશેષ **તીર્થત્વ** આપ્યું હતું.

આ વામનજીની વિચરણ ભૂમિને ભક્તજનો હંમેશા યાદ રાખે તેવા શુભ હેતુથી શ્રીજીમહારાજે જૂનાગઢ મંદિરમાં **'ત્રિકમરાયજી'**ની સ્થાપના કરી. વૈદિક ઈતિહાસમાં વામનજી(ત્રિવિક્રમ = ત્રિકમરાયજી)ની પ્રતિષ્ઠા ભગવાન શ્રી સ્વામિનારાયણે એક જૂનાગઢમાં જ કરી છે.

આ 'વામન જયંતિ'નું પર્વ માનવજીવનને **'સંતોષી નર સદા સુખી'** એવી **પ્રેરણા** આપે છે.

સંતોષ જ **આનંદનું મૂળ** છે. સંતોષ કોઈપણ સામ્રાજય કરતા મોટો છે. સંતોષ **પરમાત્માની દેણ** છે. પરમાત્મા પ્રત્યેની શ્રદ્ધા અને ભક્તિ દ્વારા જ તે પ્રાપ્ત થાય છે. સંતોષ કુદરતી દોલત છે, જ્યારે ઐશ્વર્ય કૃત્રિમ ગરીબી છે. જ્યારે સંતોષરૂપી **ધન** આવે છે ત્યારે બીજા બધા ધન ધૂળ સમાન લાગે છે. સંસારના સર્વ સુખ પ્રાપ્ત થયા હોય તો પણ લોભી માણસને સંતોષ થતો નથી. જે કાંઈ સારું-નરસું, ઓછું-વધતું મળ્યા કરે એના વિષે સંતોષની લાગણી ધરાવવી; આમ કરવાથી સમતા કેળવવામાં મદદ મળશે. જો શ્રીમંતોમાં ન્યાય હોત અને ગરીબોમાં સંતોષ હોત તો જગતમાં ભીખ માગવાની પ્રથા બંધ થઈ ગઈ હોત. સંતોષી માનવી ધનવાન છે, પછી ભલે તે ભૂખ્યો કે વસ્ત્રહીન હોય.

**'સંતોષી નર સદા સુખી'** આ સુવાક્ય ગેરમાર્ગે દોરતું હોય તેમ નથી લાગતું ?

પ્રગતિનો આધાર ? અસંતોષ.

મનુષ્ય પાસે જે છે તેનાથી જ જો સંતોષ માન્યો હોત તો વિજ્ઞાનની નવી નવી શોધો ક્યાંથી થઈ હોત ? પરમાત્માએ જે

આપ્યું છે તેમાં સંતોષ માની આપણે બેસી રહ્યા હોત તો આજે હજુ ગુફાઓમાં જીવતા **'આદિમાનવ'** હોત?

જો આપણે જે છે તેમાં સંતોષ માનીએ તો 'જરૂરીયાત' ક્યાંથી ઊભી થાય? અને જરૂરીયાત ઊભી ન થાય તો નવી શોધ ક્યાંથી થાય?

ક્યાંક ખોટું લાગે છે! કાં તો સુવાક્ય ખોટું છે, કાં તો આપણે તેને સમજવાની ભૂલ કરીએ છીએ.

જીવનશૈલીમાં સંતોષ અને પરિગ્રહને સાંકળીને વાત કરતા જણાવે છે કે, 'જો મનમાં સંતોષ અને બિનસ્પર્ધાત્મકભાવ રાખવામાં આવે તો સહેલાઈથી અપરિગ્રહ પાળી શકાય છે.'

ભગવદ્ ગોમંડલમાં સંતોષના **બે અર્થ** આપ્યા છે :- ૧. અપરિગ્રહ, ૨. જેટલું મળે તેટલાથી પ્રસન્ન રહેવું તે, પ્રારબ્ધ પ્રમાણે પ્રાપ્ત થાય તેમાં તૃપ્તિ રાખવી તે.

આમાં સાર કાઢવા જઈએ તો 'સંતોષ'નું મૂળ **'તૃપ્તિ'** સુધી પહોંચે છે.

હવે તૃપ્તિની વ્યાખ્યા દરેક વ્યક્તિગત જુદી જુદી હોય છે. સુરતીલાલાને ભરપેટ ખાવાનું મળે તો પણ જો ભોજન સ્વાદિષ્ટ હોય તો સંતોષ મળે, નહિતર 'મજા ન આવે', તૃપ્તિ ન થાય. કોઈને ફક્ત પેટ ભરાય એટલું કંઈ પણ મળે તો પણ સંતોષ થઈ જાય.

ધનવાનને કરોડ રૂપિયા મળે તોપણ 'સંતોષ' ન થાય અને વેઈટરને તમે સારી ટીપ આપો તોપણ તેને સંતોષ થાય અને તમારા પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરે. આમ દરેક વ્યક્તિ સંતોષનું પોતાનું આગવું લેવલ નક્કી કરે છે. કઈ વસ્તુ કેટલી મળવી જોઈએ એની પૂર્વધારણા કરતો હોય છે, અપેક્ષા હોય છે.

એક બીજો મુદ્દો ધ્યાનમાં લેવો પડે. 'સંતોષ'નું પરિણામ 'સમય' સાથે બદલાય છે. એક સમયે એક પરિસ્થિતિમાં સંતોષ મળતો હોય તોપણ બીજા સમયે એ જ પરિસ્થિતિમાં સંતોષ મળતો નથી. જે વ્યક્તિને આજે મહિને દશ હજારમાં પણ સંતોષ હોય પણ એક વર્ષ પછી તેને એ જ પરિસ્થિતિમાં એટલાથી સંતોષ મળતો નથી.

ભગવાને જે આપ્યું છે તેની કોઈ વ્યક્તિ કદર કરતો નથી અને જે નથી તેની પાછળ દોડે છે. એટલે તેને સંતોષ મળતો નથી અને પછી ભગવાનને ફરિયાદ કરે છે કે, "તે મને દુઃખ કેમ આપ્યું?" તેથી જીવનમાં સુખ મેળવવું હોય તો જે મળ્યું છે તેની કદર કરતા શીખો.

કેનિ શેર નામનો એક વ્યક્તિ બ્રોકરની સારી કંપનીમાં નોકરી કરે છે. ફોરેનની મોંઘી કાર વાપરે છે. શહેરના અમીર વિસ્તારમાં તેમનો મોટો ફ્લેટ છે. તે સ્કાઈ ડ્રાઈવર છે. એટલે કે ઊડતા વિમાનમાંથી પેરાશૂટ પહેરીને નીચે ઊતરવામાં ઍક્સપર્ટ છે. એના માટે તે પાગલ પણ છે. આપણને લાગશે કે તેમનું જીવન ખુશીથી ભરેલું છે. પણ 'The Wall Street Journal' નામના ન્યૂઝપેપરમાં તેમણે કહ્યું હતું કે, "હું ૪૫ વર્ષનો છું. મારા જીવનનો કોઈ મકસદ (હેતુ કે ઉદ્દેશ) નથી. મારું જીવન બસ ખાલી ખાલી છે."

એલિન નામની એક યુવતી આઈસ સ્કેટિંગમાં નંબર વન હતી. તેના વર્ષોના સપનાં સાચાં પડ્યાં. પણ એલિને ઉદાસ સાદે કહ્યું હતું કે, "જે જોઈતું હતું એ મળી ગયું. પૈસાનો ઢગલો છે, પણ જીવન સૂનું સૂનું છે. લાગે છે હું આમ જ ઘરડી થઈને ચાલી જઈશ?"

હિડિયો નામનો એક વ્યક્તિ **કુશળ ચિત્રકાર** હતો. તે રંગબેરંગી ચિત્રો માટે ખૂબ જાણીતો હતો. તે ચિત્ર દોરવા માટે જ જીવતો હતો. તે માનતો હતો કે, ચિત્રો વેચવાથી પોતાની કળા હલકી ગણાશે. એટલે તેણે એક પણ ચિત્ર વેચ્યું નહિ. જીવન દોરીનો અંત આવવા લાગ્યો ત્યારે તેમણે પોતાના બધાં ચિત્રો એક મ્યુઝિયમને દાનમાં આપી દીધા. તે આખી જિંદગી તેની કળા માટે જીવ્યો. પણ તેને એમાં સંતોષ મળ્યો નહિ. કેમ કે, તે માનતો હતો કે પોતે લાખો-કરોડો વર્ષ જીવે તોય કદીએ ચિત્રકળાનો માસ્ટર બની શકશે નહિ.

એક ઈન્ટરનેશનલ કંપનીના **વાઈસ પ્રેસિડન્ટ** હતા. તે શહેરના ખૂબ અમીર લોકોને મળતા હતા અને તેવા જ વિસ્તારમાં તે રહેતા હતા. એકવાર તે અમેરિકાના કૅમ્બોડિયામાં ફરવા ગયા. ત્યાંના પાટનગર નોમ પેન્હમાં તે એક હોટલમાં જમતા હતા. એક નાની છોકરીએ તેમની પાસે ભીખ માંગી. તેમણે તેને એક ડોલર જેટલી ત્યાંની રકમ આપી. સાથે સાથે તેને કોલ્ડડ્રિંક ખરીદી આપ્યું. છોકરી રાજી રાજી થઈ ગઈ. બીજા દિવસે તે ફરી એ જ હોટલમાં જમતા હતા. એ જ છોકરી ફરી ત્યાં ભીખ માંગવા આવી. તેમને થયું કે, આવા લોકોને એક-બે પાઈ આપવાથી કંઈ ફરક નહિ પડે. તેઓને વધારે મદદની જરૂર છે.

આ બનાવના એક વર્ષ પછી, આ વાઈસ પ્રેસિડન્ટે પોતાની કંપની છોડી દીધી. તેમણે કૅમ્બોડિયા જઈને એક **સ્કૂલ** શરૂ કરી. એમાં ગરીબો માટે રહેવાની, જમવાની અને ભણવાની વ્યવસ્થા ગોઠવી. આવી સમાજસેવા કર્યા છતાં, તેમના મનને શાંતિ ન હતી. એક બાજુ તેમને ગરીબોની સેવા કરવાનો સંતોષ હતો. પણ બીજી બાજુ તેમની નિરાશા વધતી ગઈ. કેમ કે, લોકોની દુઃખ તકલીફો પણ વધતી હતી.

ઉપરોક્ત ચારેય જણને ખબર હતી કે, તેઓના જીવનનો મકસદ શું છે. તેઓએ રાત-દિન કામ કરીને સપનાં સાકાર કર્યાં. તોપણ તેઓને સંતોષ ન હતો. તેઓને જીવન ખાલી-ખાલી લાગ્યું. હવે તમારો વિચાર કરો. તમે શાના માટે જીવો છો? તમારા જીવનમાં શું સૌથી મહત્ત્વનું છે? શું તમને ખાતરી છે કે વર્ષો પછી પણ જીવનમાં **સંતોષ** હશે?

જેને અઢળક સંપત્તિ હોવા છતાં સંતોષની મૂડી હાથ નથી લાગી, એ ખરેખર દરિદ્ર છે ! 'संतोष एव पुरुषस्य परं निधानम् ।' - સંતોષ એ જ માનવનો **ખરો ખજાનો** છે.

ઘણા તો એટલા અસંતોષમાં જીવતા હોય છે કે પોતાની પાસે જે કાંઈ પૂરતી સંપત્તિ હોય છતાં રાત-દિવસ વ્યર્થ ચિંતામાં સુકાઈ જતા હોય છે.

એક શેઠ આવી ચિંતામાં ખાવા-પીવાનું યે ધ્યાન રાખી શકતા નહીં. તેમના પત્નીએ પૂછ્યું : ''આપણને કોઈ દુઃખ નથી, છતાં તમે કેમ આમ ઉદાસ રહ્યા કરો છો ?''

ત્યારે શેઠ બોલ્યા : ''હા, સાત પેઢી સુધી આપણને વાંધો નહીં આવે, પણ આઠમી પેઢી શું ખાશે ?''

આવા વિચારો હોય ત્યાં શાંતિ ક્યાંથી હોય ? ને શાંતિ ન હોય તે કેમ સુખી હોઈ શકે ? જે 'છે' તેનું સુખ ન લેવું, ને 'નથી' તેની પાછળ ચિંતા કરવી. તેવી અવળાઈ માનવને હંમેશ માટે દુઃખી જ કરતી રહે છે.

એક લોભીએ પિત્તળનો, તાંબાનો ને સોનાનો પહાડ જોયો. તેણે તેમાંથી સોનું લેવાનો વિચાર કર્યો. તેણે માગણી મૂકી. તો જવાબ મળ્યો કે એક શરતે સોનું મળશે ! જે સોનું લેશે તેના માથા પર એકધારું એક વિશાળ ચક્ર ઘૂમ્યા જ કરશે !

આ ચક્ર એટલે ઈચ્છાનું, મોહનું, આસક્તિનું ! - 'अतिलोभाऽभिभूतस्य चक्रं भ्रमति मस्तके !' - આજે પણ આ વાર્તા સત્ય છે. સોનાના પહાડ જેટલી સંપત્તિઓના માલિક હોય, પરંતુ દુઃખ - ક્લેશ અને અશાંતિનું એક અદૃશ્ય ચક્ર દરેકના માથા પર ફરતું જ રહે છે !

'ગોધન ગજધન બાજધન, ઔર રતનધન ખાન; જબ આવે સંતોષ ધન, સબ ધન ધૂલ સમાન.' - વ્યક્તિ પાસે ગમે તેટલું ધન હોય અને રત્નોની ખાણ હોય, પરંતુ 'સંતોષ' રૂપી ધન પ્રાપ્ત થાય છે ત્યારે બાકીના બધા ધન ધૂળ સમાન લાગવા માંડે છે. એટલે કે માણસ 'સંતોષી' થાય તો જ સુખી થઈ શકે છે.

ઉપરોક્ત વાત **આત્મસાત્** કરવા જેવી છે. કારણ કે, આજના માનવીને પોતાની જીવન જરૂરિયાતથી વધારે મળ્યું હોવા છતાં એની ઈચ્છાઓ વધુ ને વધુ મેળવવા માટે બહેકી જાય છે. અને પછી કોઈ એક તબક્કે પોતે શું મેળવવા ઈચ્છે છે એનું ભાન પણ એને રહેતું નથી. **ટોલ્સ્ટોયની વાર્તા** 'માણસને કેટલી જમીન જોઈએ ?'ના નાયકની જેમ આજનો માનવી વધુ ને વધુ મેળવવા માટે દોડ્યા જ કરે છે, એને સંતોષ જ થતો નથી. ટોલ્સ્ટોયની વાર્તામાં મુદ્દો એવો છે કે, સૂર્યોદયથી લઈને સૂર્યાસ્ત સુધીમાં માણસ જેટલી જમીન ઉપર દોડી શકે એટલી જમીનનો એ માલિક બની શકે. હજી વધુ, હજી વધુની ઈચ્છામાં એક માણસ દોડતો જ રહે છે, છેવટે થાકીને હાંફીને એ પડી જાય છે અને એમ જ મૃત્યુ પામે છે. જે જમીન ઉપર એ ફસડાઈને મૃત્યુ પામ્યો હોય છે ત્યાં જ એને દફન કરવામાં આવે છે. છેવટે એની કબર બની એટલી જમીન જ એને મળી.

આપણે એ **મંથન** કરવું જરૂરી છે કે, આજના માનવીએ ખાસ કરીને યુવાનોએ ધન, સત્તા અને કીર્તિ પાછળ જે દોટ મૂકી છે એ જરૂરી છે ખરી ? આખરે એ શું આપી શકશે ? સત્તા, પૈસા, પ્રતિષ્ઠા એ ક્યારેય સુખના પર્યાય બની શક્યાં છે ખરાં ? **સંતોષ એજ સુખનો પર્યાય** છે.

પરંતુ આજના માણસના **તોલમાપ** જ ફરી ગયા છે. આજે માણસના ડહાપણને, તેની સર્જકતાને, તેની ભલાઈને, અરે ! તેના સાધુપણાને માપવા માટે પણ એની પાસેના પૈસાનો અને સંપત્તિનો જ વિચાર કરવામાં આવે છે. અને એટલે સ્વાભાવિક રીતે જ આજના યુવાનો પૈસા અને સત્તા મેળવવા માટે **આંધળી દોટ** મૂકે છે. એમને લાગે છે કે એ રસ્તે તેઓ સુખી થઈ શકશે. પરંતુ ડાહ્યા માણસો કહે છે કે, માણસે પૈસા એટલા જ કમાવા જોઈએ જેને એ જીરવી શકે. જેનો ઉપયોગ એ કરી શકે અને જેને કમાયા પછી સુખ માણવાનો સમય એની પાસે બાકી રહે. અનુભવી માણસો તો ત્યાં સુધી કહે છે કે, પૈસા પોતાની સાથે કોઈને કોઈ ઉપાધિ લઈને જ આવે છે અને એ ઉપાધિ સુખને હરે છે. ચળકાટથી ભરેલી ફિલ્મી દુનિયામાં જીવતાં-સંકળાયેલાં ધન, વૈભવ અને ઐશ્વર્યમાં રાચતાં અનેક લોકોની જિંદગીના કરુણ અને અકાળે આવેલા અંતથી આપણે અજાણ નથી અને છતાં આજનો માનવી એ રસ્તેથી પાછા ફરવાનો વિચાર કરતો નથી. પણ એનો અર્થ એ નથી કે, માણસે પોતાની જરૂરિયાત જેટલું પણ ન કમાવું. દરેકે પોતાની પાયાની જરૂરિયાત સંતોષવા જેટલું તો કમાવું જ જોઈએ. ધન કમાવાની અને ધન સંચય કરવાની બાબતમાં દરેક વ્યક્તિની **મર્યાદા** જુદી જુદી હોય છે. કેટલું ધન કમાવાથી કે એકઠું થવાથી નુકસાન થાય એનો કોઈ સર્વસામાન્ય નિયમ નથી. અને એવો કોઈ નિયમ સ્થાપિત થઈ પણ શકે નહીં. માણસ પોતે જ એ નક્કી કરી શકે.

જેમ નિરોગી રહેવા માટે વ્યાયામ જરૂરી છે કે પૌષ્ટિક ખોરાક લેવો જરૂરી છે એ જ રીતે ધન કમાવું પણ માણસ માટે જરૂરી છે. પણ આખો દિવસ જેમ વ્યાયામ ન કરાય, આરામ પણ કરવો પડે - એ જ રીતે આખો દિવસ ભોજન ઉપર પણ બેસી ન રહેવાય. અને એવી જ વાત ધન કમાવાની અને ધન સંચય કરવાની છે. જે માણસ **'અતિ સર્વત્ર વર્જયેત'** એ સૂત્રને અનુસરે છે એને **'સંતોષધન'**ની વાત બરાબર સમજાઈ જાય છે.

જિંદગીને જેમણે અનેક રીતે જોઈ છે, અનેક જુદી જુદી સ્થિતિમાં રહીને જોઈ છે, માણી છે, ચકાસી છે એવા અનુભવી

અનુસંધાન પેજ નંબર ૧૯ પર



# દશેરા વિજયાદશમી

(આસો સુદ દશમ)

'धर्मो जयति नाधर्मः सत्यं जयति नानृतम् ।' - ધર્મનો જય થાય છે, અધર્મનો નહીં. સત્યનો જય થાય છે અસત્યનો નહીં. દશાનન એટલે દશ માથાવાળા રાવણનો આ દિવસે ભગવાન શ્રીરામચંદ્રે નાશ કર્યો માટે **દશેરા.**

અષાઢની મેઘગર્જનાની જેમ અટ્ટહાસ્ય કરતો રાવણ યુદ્ધભૂમિ પર નિર્ભય બની ઊભો હતો. ભગવાન શ્રીરામના પ્રત્યેક બાણ અફળ જતા હતા ત્યારે વિભીષણે નજીક આવીને શાંતચિત્તે કહ્યું : **'નાભિકુંડ પિયૂષ બસ યાકેં । નાથ જિયત રાવનુ બલ તાકેં ॥ સુનત બિભીષન બચન કૃપાલા । હરષિ ગહે કર બાન કરાલા ॥'** - ''હે પ્રભુ ! રાવણના નાભિકુંડમાં અમૃતકૂંપી છે. જેના પ્રતાપે તેના શિર કપાય છે છતાં સજીવન થાય છે. જ્યાં સુધી અમૃતકૂંપી ફૂટી નહીં જાય ત્યાં સુધી રાવણ અમર રહેશે.''

વિભીષણની વિસ્મયભરી વાત સાંભળી ભગવાન શ્રીરામચંદ્રજીએ રાવણના નાભિકુંડ પર દૃષ્ટિ કરી. અટ્ટહાસ્ય કરતો રાવણ શ્રીરામચંદ્રજીને લલકારી રહ્યો હતો ત્યારે ભગવાને બ્રહ્માસ્ત્રને ધનુષ્ય પર ચઢાવ્યું. સ્વસ્થચિત્તે શ્રીરામચંદ્રજીએ રાવણના નાભિકુંડનું લક્ષ્ય સાધી બ્રહ્માસ્ત્રને છોડ્યું. ધનુષ્યમાંથી છૂટેલા બ્રહ્માસ્ત્રે રાવણના નાભિકુંડને છેદી નાખ્યું. નાભિકુંડ છેદાતા અમૃતકૂંપી ફૂટી ગઈ અને તરત જ મહાકાંતિવાળો મહાન શિવભક્ત રાવણ પૃથ્વી પર ઢળી પડ્યો. અંતે સાત દિવસ અને સાત રાત્રિ સુધી અખંડિત ચાલતું રામ-રાવણનું યુદ્ધ પૂર્ણ થયું.

ભગવાન શ્રીરામચંદ્રજીએ આ દિવસે રાવણ પર વિજય પ્રાપ્ત કર્યો માટે **'વિજયાદશમી'** પણ કહેવાય છે. દશેરા એટલે વીરતાની અને શૌર્યની ઉપાસનાનું પર્વ. ભગવાન શ્રીરામચંદ્રજીનો આ ભવ્ય વિજય ભારતવર્ષમાં વિજયા દશમી તરીકે દર વર્ષે ઊજવાય છે. આ દિવસે દેવતાઓ અને મનુષ્ય પર લાંબા સમયથી રાવણ દ્વારા થતો અત્યાચાર ભગવાન શ્રીરામચંદ્રજી દ્વારા સદાચારમાં પરિણમ્યો. અસત્ય પર સત્યનો અને એક દૈવીશક્તિનો આસુરી શક્તિ પર ભવ્ય વિજય થયો.

બીજા એક અર્થ મુજબ જોઈએ તો વિજયાદશમી સદ્પ્રેરણાનું **મહાપ્રેરક પર્વ** છે. માનવીની અંદર રહેલા દશ પ્રકારના આસુરી તત્ત્વો જેવાં કે - કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, આશા, તૃષ્ણા, અહંકાર, ઈર્ષ્યા. આ દશ આસુરી તત્ત્વો પર વિજય મેળવવાની એક પ્રેરણા આ પ્રેરક પર્વ આપણ સર્વેને આપે છે. આપણા મનમાં રહેલા આ દશ આસુરી તત્ત્વોને જો આપણે જ ભગવત્કૃપાથી નાશ કરીએ તો જીવનમાં ખરા અર્થમાં વિજયા દશમી ઊજવાય. વિજયા દશમીનું આ પ્રેરણાપર્વ માનવમનમાં છવાયેલી નિરાશાઓની વચ્ચે એક નવી જ આશાઓનો સંચાર કરે છે. અન્યાય અને અત્યાચારનું સામ્રાજ્ય ભલે ગમે તેટલું પ્રસ્થાપિત થયું હોય, છતાં પણ એક દિવસ આ દુષ્ટ સામ્રાજ્ય ન્યાય અને સદાચારના સાત્ત્વિક શસ્ત્રો દ્વારા પરાજિત થવાનું જ છે. વિજય હંમેશા સત્યનો જ થાય છે. જીવનમાં ગમે તેટલી મુશ્કેલી આવે તોપણ ધીરજ ન ગુમાવવી જોઈએ અને અડીખમ ઊભા રહેવું જોઈએ. અડગ મનના માનવીઓ જ **વિજયપતાકા** ફરકાવી શકે છે. વિજયા દશમી પર્વ **અન્યાયના અંતનું** પણ પ્રતીક છે.

સદીઓથી આપણે ત્યાં ગામો-ગામ અને શહેરે-શહેર **રાવણનું દહન**

કરવામાં આવે છતાં જાણે રાવણનો નાશ જ થતો ના હોય તેવું લાગી રહ્યું છે. રાવણના નાશ થવાને બદલે અનેક નવા રાવણો ઊભા થતા હોય તેવું જોવા મળી રહ્યું છે. સમાજમાં દિન-પ્રતિદિન હિંસા, વ્યભિચાર, ચોરી, કોઈનું અણહકનું પડાવી લેવાની બદદાનત આદિ દુષિતભાવો વધી રહ્યા છે. તે આપણે સહુ કોઈ પ્રત્યક્ષ જોઈ રહ્યા છીએ. આ એ ભારત છે, જ્યાં સીતાના પાલવનો વિકૃત સ્પર્શ કર્યો એ રાવણના દશે-દશ માથાને કાપીને માટીમાં રગદોળી દેવામાં આવ્યા હતા, અને દ્રૌપદીની લાજ લૂંટવાનો પ્રયત્ન કરનાર દુઃશાસનનો હાથ ઉખાડીને ફગાવી દેવામાં આવ્યો હતો. ગુરુપુત્રીને બહેન માનવાની કચદૃષ્ટિ કે ભાભીને માતા માનીને ચૌદ-ચૌદ વર્ષ સુધી તેમની ચરણરજ માથે ચડાવવાની લક્ષ્મણદૃષ્ટિએ ભારતને ભારત રાખ્યું છે. જ્યારે આજે કેટલાક યુવાનોની આંખમાં વિષયવાસનાને લીધે સાપોલિયાં રમતા થઈ ગયા છે. બહેન-દીકરી આજે સલામત રહી નથી. આ શું છે ? રાવણવૃત્તિ કે બીજું કાંઈ ? દશેરાના દિવસે રાવણ આપણામાં તો થોડા ઘણા અંશે વસી રહ્યો નથી ને ? તેની તપાસ કરવાની જરૂર છે. પહેલા તો વિશ્રવાનો પુત્ર દશ માથાવાળો એક જ રાવણ હતો... આજે ઠેર-ઠેર ગામો-ગામ અને શહેરે-શહેર બહેન, મા-દીકરી ઉપર કુદૃષ્ટિ કરનાર અનેક રાવણો જોવા મળે છે. આનો મતલબ એ થયો કે, માણસમાં ઊંડે ઊંડે રાવણ જીવી રહ્યો છે. માટે અનીતિ, અત્યાચાર, કૂટનીતિ, બળાત્કાર જેવા દોષોને હટાવી નીતિ, નિયમ, વ્રત, સદાચાર, સદ્‌ભાવના અને પ્રેમના બીજનું વાવેતર કરીને કુટુંબ, સમાજ અને રાષ્ટ્રને અંધકારમાંથી ઉજાસ તરફ લઈ જવાનો ભગીરથ સંકલ્પ કરવાનો આપણે સૌ કોઈને આજનો દિવસ **પ્રેરણા** આપે છે.

માટે જ સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે વચનામૃત આદિ સત્શાસ્ત્રોમાં કહ્યું છે કે, "મન અને દૃષ્ટિ ઉપર સંયમ કેળવો. પારકી સ્ત્રીને મા-બહેન અને દીકરી તુલ્ય જાણો." જો આજનો માનવ આ મહાવાક્યોને પોતાના જીવનમાં ઉતારે તો જે ઠેર-ઠેર જે રાવણ અને રાવણવૃત્તિ જીવી રહી છે તે નાશ પામશે અને તે નાશ પામશે ત્યારે જ આપણે દશેરાના દિવસે રાવણનું દહન કર્યું તે **સાર્થક** ગણાશે.

આજે આ સંસારમાં દુષ્કાળ છે સજ્જનતાનો - માણસાઈનો અને દુર્ગુણો સામે લડનારી મર્દાનગીનો. શરીરરૂપી વાહનમાં શ્વાસના સિલિન્ડર લઈને ભટકનારા ક્યાં ઓછા છે ! આજે આપણે આપણી ભારતીય સંસ્કૃતિને યાદ કરવાની જરૂર છે. તેની જે યશોગાથા છે તે કલંકિત ન બને તે રીતનું જીવન જીવવાનું છે. આપણે દશેરાના પર્વને માત્ર રાવણના પૂતળાંનું દહન કરીને કે ફાફડા-જલેબી ખાઈને જ ઊજવવા પૂરતું સીમિત ન રાખવું જોઈએ. પરંતુ આ દશેરાના દિવસે દરેક ભારતના નાગરિકે પોતાનામાં રહેલા કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, આશા, તૃષ્ણા, અહંકાર, ઈર્ષ્યા - આ દશ મહાશત્રુને જીતવાનો પ્રયત્ન કરવો જોઈએ. જેથી હૃદયમાં રહેલી જે રાવણવૃત્તિ છે તેનો નાશ થાય અને રાવણવૃત્તિ નાશ કરીને જો દશેરા ઊજવવામાં આવે તો જ દશેરા - વિજયાદશમીની ઉજવણી સાર્થક કહેવાશે.

સ્કંદ પુરાણની કથા મુજબ આજના દિવસે જીવપ્રાણી માત્રને રંજાડનાર, દેવોને દુઃખ આપનાર મહિષાસુર નામના દૈત્યને નવ-નવ દિવસ સુધી યુદ્ધમાં લડીને હરાવી પાર્વતીજીએ તેનો સંહાર કર્યો હતો. ઈન્દ્રિયોની વૃત્તિ મહિષ અર્થાત્ પાડા જેવી સંયમહીન છે, તે ભગવાનની શક્તિથી જ જીતી શકાય છે, તે આ ઉત્સવનો મર્મ છે.

અસુરના પરાજય અને શક્તિના વિજયના આનંદમાં બહેનો નવરાત્રિમાં ગરબા ગાઈને આનંદ વ્યક્ત કરે છે. શક્તિને વધાવે છે, પરંતુ નવરાત્રિમાં આજે સર્વત્ર 'માતાજીને પ્રસન્ન' કરવાના નામે સ્વચ્છંદતા અને સ્વેચ્છાચાર પ્રવેશ્યાં છે. ભક્તિને વ્યાપારીકરણનું રૂપ આપી દેવામાં આવ્યું છે. શક્તિને બદલે જાણે વિકૃતિની જ પૂજા દેખાય છે ! ડીસ્કો ડાન્સ જેવા વિકૃત વર્તનથી મૂળ ઉત્સવનો મર્મ માર્યો જાય છે. તેમાં મહિષાસુરના નાશને બદલે માનવ પોતાના જ સંસ્કારનો નાશ નોતરે છે.

એક બીજી કથા એવી પણ છે કે, વિરાટ રાજા પાસે ગુપ્તવેશે રહેલા પાંચ પાંડવો પૈકી અર્જુને આ દિવસે શમી વૃક્ષ (ખીજડા) ઉપરથી પોતાના શસ્ત્રો ઉતારી વિરાટ રાજાની ગાયો હરી જતાં દુર્યોધનના સૈન્યને હરાવી હરણ કરેલી ગાયોને પાછી વાળી હતી. ગાંડિવધારી અર્જુને વિજયટંકાર પણ આ જ દિવસે કર્યો હતો. શિવાજીએ ઔરંગઝેબને હરાવવા આ જ દિવસે પ્રયાણ કર્યું હતું. બુદ્ધનો જન્મ પણ આ જ દિવસે થયો હતો. અનેક પૌરાણિક કથાઓની સ્મૃતિ કરાવતો આ ઉત્સવ બાહ્ય તથા આંતરિક વિજયનો આનંદ મનાવવાનો દિવસ છે. રામાયણ કાળપર્યંતથી અનેક કથાઓ આ ઉત્સવના મૂળમાં છે. આમ, દશેરા અધર્મ પર ધર્મનો, અહંકાર પર સારપનો, અસત્ય પર સત્યના વિજયનો દિવસ છે. આ દિવસે શસ્ત્રો અને વાહનોની પૂજા કરવામાં આવે છે. જેથી આ ઉત્સવ ભારતને દિગ્વિજયી

થવાનો સંદેશ આપે છે. શસ્ત્રોની પૂજા દ્વારા આ ઉત્સવ સ્વવિજયી થવાનો પણ સંદેશ આપે છે. આ દિવસે લોકો અનેક નવા કાર્યનો પ્રારંભ પણ કરે છે. જેમાં ચોઘડિયું જોવાની પણ જરૂર રહેતી નથી.

આ દશેરાના દિવસે **શમીપૂજન** કરવામાં આવે છે. આ શમીપૂજન કરવાનો શાસ્ત્રોક્ત એવો હેતુ જાણવા મળે છે કે, વિશ્વામિત્ર ઋષિનો શિષ્ય કૌત્સ ગુરુદક્ષિણા માટે ધન લેવા રઘુરાજા પાસે ગયો. રઘુરાજાએ વિશ્વજિત યજ્ઞ માટે પોતાની બધી જ સંપત્તિનું દાન કરી દીધેલું અને પોતે માટીના પાત્રમાં જમતા હતા. કૌત્સને ખાલી હાથે જવું ન પડે તેથી રઘુરાજાએ આ દશેરાના દિવસે કુબેર ઉપર ચડાઈ કરી. કુબેરે હારીને શમી વૃક્ષ ઉપર ચૌદ કરોડ સોનામહોરો વરસાવી. કૌત્સે તે ધન ગુરુને દક્ષિણામાં સમર્પિત કર્યું. ગુરુએ તે ધન ગરીબોને વહેંચી દીધું. આ પછી શમી વૃક્ષના પાન સુવર્ણતુલ્ય ગણાયાં. આમ, શમીએ ધન આપ્યું તેથી લોકો શમીપૂજન કરે છે.

'દશેરા' એટલે વીરતાનો વૈભવ, શૌર્યનો શૃંગાર અને પરાક્રમની પૂજા કરવી તે અને સાથે સાથે આપણા મનમાં બેઠેલા અંતઃશત્રુઓ સામે વિજય મેળવવી એ જ સાચા અર્થમાં રાવણનો સંહાર. આ શત્રુઓ સામે સંગ્રામમાં લડવા માટે કયું આયુધ જોઈશે ? તો તેને નાશ કરવા માટે ધીરજરૂપી ઢાલ અને જ્ઞાનરૂપી તલવારની જરૂર છે. ધીરજ અને જ્ઞાને કરી સંકલ્પ-વિકલ્પ રૂપી ઘાટ-સંકલ્પોનો નાશ કરીને ભગવાનનું અખંડ ભજન થાય તો કોઈ દોષ આપણને પરાભવ ન કરી શકે અને જો ભગવાનના સ્વરૂપમાં આપણી વૃત્તિ રહે અને અનહદ અપાર સુખની પ્રાપ્તિ થાય ત્યારે જ આપણો વિજય થયો કહેવાય.

ભગવાન શ્રી સ્વામિનારાયણે આ દશેરા પર્વને ઉજવી અનેક લીલાચરિત્રો કરી ભક્તજનોને સુખ આપ્યું હતું. આ દિવસે અશ્વદોડની સ્પર્ધાઓ પણ ભગવાન શ્રીહરિ કાઠી ભક્તો સાથે કરી અશ્વારોહણ-લીલાની સ્મૃતિ પોતાના ભક્તોને આપતા હતા.

●●●●●

માનવીની સાહજિક ભાવના છે કે 'દરેક ક્ષેત્રમાં મારો વિજય થાવ.' આવી વિજયની ભાવના સૃષ્ટિ જેટલી પુરાણી છે. માણસ ગુફામાં રહેતો ત્યારથી જ તેણે કોઈ ને કોઈ પ્રકારના શસ્ત્રને જ વિજયનું સાધન માન્યું છે. માનવની વિજય માટેની ભાવના એ જ છે કે બીજાનો જેટલો વધુ વિનાશ કરી શકાય એટલો જ આપણો વિજય થયો કહેવાય. પરંતુ આવા ભૌતિક વિજય પાછળ હંમેશા ભય રહેલો છે. અને જેને ભય છે, તે સાચો વિજયી નથી. સિકંદર જેવા લાખો વિજેતાઓને મૃત્યુએ પરાજય આપ્યો છે. મહાસત્તાઓ પાસે માણસોને મારવાના બોંબ છે પણ મૃત્યુને મારનારો મૃત્યુંજયી બોંબ નથી.

વિજયના નશામાં હંમેશા વિલાસ વધે છે. યાદવાસ્થળી તેનું ઉદાહરણ છે. મરતા પહેલા માણસને વિષય-વાસના મારી નાખે છે. પછી તો ખોખા જ મારવાના હોય છે. આજે કમ્પ્યુટરયુગમાં માનવસમાજનો મહાન શત્રુ છે : નવરાશ ! 'નવરું મન નખોદ વાળે' તે ઉક્તિ અનુસાર નવરું મન વધુ વિલાસ માગે છે. અને મન સાથે લડવાનો કોઈ બોંબ આજનો આધુનિક માનવી શોધી શક્યો નથી. સાચો વિજેતા એ છે કે, જેણે મન જીત્યું છે ! મનને ન જીત્યું તો કાંઈ જીત્યું નથી.

પરંતુ એ મનને જીતવાનો આધ્યાત્મિક ઉપાય બતાવતાં ભગવાન શ્રી સ્વામિનારાયણ સારંગપુર પ્રકરણના ૧લા વચનામૃતમાં કહે છે : "શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ જે પંચવિષય તેમાંથી જ્યારે ઈન્દ્રિયો પાછી હઠે અને કોઈ વિષય પામવાની ઈચ્છા રહે નહિ, ત્યારે સર્વે ઈન્દ્રિયો વશ થાય છે અને જ્યારે ઈન્દ્રિયો વિષયનો સ્પર્શ જ ન કરે ત્યારે મન પણ ઈન્દ્રિયો લગણ આવે નહિ અને હૈયામાં ને હૈયામાં રહે. એવી રીતે જેને પંચવિષયનો ત્યાગ અતિ દૃઢપણે કરીને થયો ત્યારે તેનું મન જીત્યું જાણવું."

શ્રી શંકરાચાર્યજી પણ **'મણિરત્નમાલા'**માં કહે છે : 'जितं जगत् केन मनो हि येन ।' - જેણે મન જીત્યું તેણે જગત જીત્યું. ગઢડા મધ્ય પ્રકરણના ૨૨મા વચનામૃતમાં ભગવાન શ્રીહરિએ મનની સાથે લડાઈ વિગતે સમજાવી છે. આપણા મહાપુરુષોએ, ઋષિમુનિઓએ અને નંદસંતોએ અનેક ગ્રંથોમાં પણ મન ઉપર વિજય મેળવવાના અનંત ઉપાયો બતાવ્યાં છે.

મન જીતવાની વાત જેમ આધ્યાત્મિકતા તરફ નિર્દેશ કરે છે, તેમ મન જીતવાના ઉપાયો પણ ધર્મ પાસે જ છે. તેથી જ **ડો. ચાર્લ્સ** સ્ટાઈનમેટ્ઝે રોજર બેબ્સનને કહ્યું હતું કે, "કોઈ દિવસ લોકો જોશે કે ભૌતિક વસ્તુઓ સુખ આપી શકતી નથી. ત્યાર પછીના દુનિયાના વૈજ્ઞાનિકો પોતાની પ્રયોગશાળાઓ પરમાત્માની પ્રાર્થનાઓ અને આધ્યાત્મિક શક્તિઓ તરફ વાળશે, ત્યારે ચાર જમાનાનો વિકાસ એક જ જમાનામાં થઈ ગયો હશે !"

અર્જુનને ગાંડીવનું બળ નહિ, પણ ધર્મના ધારક ભગવાન શ્રીકૃષ્ણનું બળ હતું. શ્રીમદ્ ભગવદ્ ગીતા પણ કહે છે : 'यत्र योगेश्वरः कृष्णो यत्र पार्थो धनुर्धरः । तत्र श्रीर्विजयो भूति र्ध्रुवा नीतिर्मतिर्मम ।।' જ્યાં યોગેશ્વર શ્રીકૃષ્ણ છે અને જ્યાં

ધનુર્ધારી અર્જુન છે ત્યાં લક્ષ્મી, વિજય છે. અને તેથી જ અર્જુને નારાયણી સેના ન માગતા ભગવાન શ્રીકૃષ્ણને માગ્યા હતા તો તેનો વિજય થયો. 'કેનોપનિષદ' પણ કહે છે કે, દેવો ભગવાનનું બળ ભૂલી ગયા તો ભગવાને તેમને યક્ષનું રૂપ લઈને દેખાડ્યું કે, "તમારાથી તો એક સૂકું તણખલું પણ હલાવી શકાતું નથી!"

યુદ્ધ મહારથી ચર્ચિલે પણ બીજા વિશ્વયુદ્ધ વખતે હતાશ થઈ પ્રાર્થનાનો આશરો લીધો હતો. તો ગાંધીજીએ પણ ટોલ્સટોયને પત્ર લખીને પૂછ્યું હતું કે, "ભારતને સ્વતંત્ર કરવા શો ઉપાય કરીએ ?" ત્યારે ટોલ્સટોયે ઉત્તર આપતા કહ્યું : 'Go back to your religion. There is nothing which can not be solve through religion. Religion is the force.' - 'તમે તમારા ધર્મનું શરણું સ્વીકારો. દુનિયામાં એવી કોઈ સમસ્યા નથી કે જે ધર્મના માધ્યમથી હલ ન થઈ શકે. ધર્મ એ જ બળ છે.'

મહાભારતમાં વારંવાર કહે છે : 'यतो कृष्णस्ततो धर्मः यतो धर्मस्ततो जयः ।' - જ્યાં ભગવાન શ્રીકૃષ્ણ છે, ત્યાં ધર્મ છે અને જ્યાં ધર્મ છે, ત્યાં જય છે. (મહાભારત, ભીષ્મપર્વ : ૬૧/૩૦)

અમેરિકા જેવો અતિ આધુનિક ટેકનોલોજી ધરાવતો દેશ પણ તેની ચલણી નોટ ઉપર લખે છે : 'In God we trust.' - અમે ભગવાનમાં માનીએ છીએ.

અધર્મનો ક્યારેય જય થયો નથી. રાવણે પોતાના જીવનકાળ દરમ્યાન કેટલાય અધર્મો કર્યા હતા. પોતાના માસિયાઈ ભાઈ એવા અલકાપુરીના રાજા કુબેરને હરાવી તેણે પુષ્પક વિમાન પડાવ્યું હતું. નળકુબેરની અપ્સરા રંભા ઉપર બળાત્કાર પણ કર્યો હતો. પોતાની પત્ની મંદોદરીને મૂકી પારકી સ્ત્રી સીતાજી ઉપર નજર બગાડી તેમનું અપરહરણ કર્યું અને તેના પરિણામે રામ-રાવણનું યુદ્ધ થયું. રાવણ પાસે અભેદ્ય રથ હતો. ભગવાન શ્રીરામ જમીન ઉપરથી જ લડતા હતા. વિભીષણે તેમને માટે રથ લાવી આપવા કહ્યું ત્યારે શ્રીરામે કહ્યું કે, "મારી પાસે અદૃશ્ય રથ છે. જેનું નામ છે : 'ધર્મરથ !' તેને સત્યસભર શૌર્ય અને ભગવન્નિષ્ઠા નિર્ભર ધૈર્યના બે પૈડાં છે. વિવેક, સંયમ, જ્ઞાન અને વૈરાગ્યરૂપી ચાર ઘોડા છે. સદાચાર, આત્મનિષ્ઠા અને નિશ્ચયની ત્રણ લગામ છે. આવી અનેક સંપત્તિ મારી પાસે છે." અને અંતે આ સંપત્તિ વડે ભગવાન શ્રીરામચંદ્રજીએ રાવણનો પરાજય કર્યો. રાવણ મન-ઈન્દ્રિયોનો ગુલામ હતો તેથી શ્રીરામચંદ્રજીના હાથે માર્યો ગયો અને તેનું માથું મંદોદરીના ખોળામાં પડ્યું. ત્યારે મંદોદરીએ વિલાપ કરતાં કરતાં પણ સત્ય ઉચ્ચાર્યું કે, '**રામ વિમુખ અસ હાલ તુમ્હારા, રહા ન કોઉ કુલ રોવનહારા...**'

ચાણક્યે ચંદ્રગુપ્તને સમગ્ર શાસ્ત્રનો સાર એક જ વાક્યમાં કહ્યો : 'कृत्स्नं हि शास्त्रमिदमिन्द्रियजयः' - ઈન્દ્રિયો ઉપરનો વિજય મેળવવો એ જ સર્વ શાસ્ત્રોનો **ગલિતાર્થ** છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે કરેલી લોકોના આમૂલ **જીવન-પરિવર્તન**ની અને ઈન્દ્રિય સંયમની **નિઃશસ્ત્ર ક્રાંતિ** જોઈ મુંબઈના ગવર્નર સર જ્હોન માલ્કમ અતિ પ્રભાવિત થયા હતા. તેમને અનુભવાયું હતું કે, લોકો ઉપર રાજ્ય કરવા શસ્ત્રની જરૂર પડે, પરંતુ ભગવાન સ્વામિનારાયણની જેમ લોકોના હૃદય ઉપર રાજ્ય કરવા **કરુણા** અને **દિવ્યતા** જોઈએ.

પ.પૂ. ભાવિઆચાર્ય શ્રી **નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** ઘણીવખત પોતાની અમૃતવાણીમાં ભગવાન શ્રીહરિની વાત કરતા કહે છે :

એકવખત શ્રીજીમહારાજે ગઢડામાં સંતો-પરમહંસોને બેસાડ્યા ને પ્રશ્ન કર્યો કે, "રામાવતારની અંદર તો રાવણને માર્યો, સાગર ઉપર સેતુ બાંધ્યો અને અનેક અસુરોનો સંહાર કર્યો એટલે ભગવાન **મર્યાદા પુરુષોત્તમ 'રામ'** કહેવાયા. શ્રીકૃષ્ણ ભગવાને પણ કંસનો નાશ કર્યો, ગોવર્ધન તોળ્યો અને મહાભારતના યુદ્ધમાં વિરાટ સ્વરૂપના દર્શન કરાવ્યા એટલે એમને **ભગવાન** કહેવાયા. મચ્છ, કચ્છ, વરાહ, વામન આદિક અવતારોએ કાંઈક પરાક્રમ બતાવ્યા એટલે એમને ભગવાન તરીકે સંસાર માને છે. પરંતુ અમે તો આવું કાંઈ પરાક્રમ જ નથી કર્યું, તો પછી **અમને તમે બધા ભગવાન શા માટે માનો છો ?"** ત્યારે સંતોએ બે હાથ જોડીને બહુ સરસ ઉત્તર આપ્યો :- "હે મહારાજ ! રામ અવતારમાં માત્ર રાવણ માર્યો, કૃષ્ણાવતારમાં એક કંસને માર્યો, પરંતુ જે રાવણમાં **રાવણત્વ** હતું - જે અંતઃશત્રુના કારણે એ વ્યક્તિ રાવણ બન્યો હતો, કંસ બન્યો હતો એ અંતઃશત્રુને કારણે જે આસુરી બીજ હતું તે નાશ થયું ન હતું. માત્ર રાવણ કે કંસ નામની **વ્યક્તિ**નો નાશ કર્યો હતો, પણ તેમાં રહેલ રાવણ કે કંસ **વૃત્તિ**નો નાશ કર્યો ન હતો. પરંતુ આપે અત્યારે પ્રત્યક્ષ પધારી એવા **આસુરી બીજ**નો **નાશ** કર્યો છે. કામ, ક્રોધ, લોભ, મોહ, માયા, મત્સર, ઈર્ષ્યા, તૃષ્ણા વગેરે દોષોનો નાશ કરી જીવાત્માને તમે મોક્ષના અધિકારી બનાવ્યા છે. માટે અમે તમને **સર્વોપરી** માનીએ છીએ."

માટે જ વાસના ઉપર વિજય મેળવવા માટે પંચવર્તમાનયુક્ત સાચા બ્રહ્મનિષ્ઠ સંતોનો સમાગમ જ કલ્યાણકારી નીવડે છે. અને એવો સંતસમાગમ જ કળિયુગમાં અતિ આવશ્યક છે.



# શરદપૂર્ણિમા (આસો સુદ પૂર્ણિમા)

શરદ પૂર્ણિમાએ ચંદ્ર પોતાની સોળે કલા પૃથ્વી પર વરસાવે છે. પૂર્ણિમામાં **શરદ**ની પૂર્ણિમા **શ્રેષ્ઠ** છે. આ આસો માસની પૂર્ણિમા શરદ ઋતુની પરાકાષ્ઠા સમાન છે. શાસ્ત્રોની દૃષ્ટિએ આ દિવસે ચંદ્ર પૃથ્વીની વધારેમાં વધારે નજીક હોય છે. શરદપૂર્ણિમાનો ચંદ્ર શીતલતાનો પ્રકાશ આપે છે. ભગવદ્ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે 'नक्षत्राणामहं शशी' કહી ચંદ્રની શોભા વધારી છે.

શરદપૂર્ણિમાની રાત્રિએ લક્ષ્મીજી સ્વયં આકાશમાં વિહાર કરે છે. અને મૃત્યુલોકના મનુષ્યોને જોતાં બોલે છે : 'को जागर्ति' - ''કોણ જાગે છે ? જે જાગે તેને ધનવાન બનાવીશ.''

સનત્કુમાર સંહિતામાં **કોજાગરી પૂર્ણિમા** જેને ઘણાં **'શરદપૂર્ણિમા'** તરીકે ઓળખે છે તેની કથા છે.

કથા અનુસાર મગધ દેશમાં વલિત નામનો બ્રાહ્મણ હતો તે કુશનો પુત્ર હતો. આ બ્રાહ્મણની પત્ની કજિયાળી હતી. તે પોતાના પતિની આજ્ઞાથી વિપરીત વર્તન કરતી. એકવાર તેણે પતિના પિતાનું શ્રાદ્ધપિંડ ગંગા નદીમાં નાખવાને બદલે વિષ્ટાના કૂવામાં નાખ્યું.

બ્રાહ્મણ દુઃખી થઈને વનમાં ચાલ્યો ગયો. તેને કાલિય નાગના વંશમાં ઉછરેલી કન્યાઓની મુલાકાત થઈ. આ કન્યાઓએ **કોજાગરવ્રત** કર્યું હતું. શરદપૂર્ણિમાએ આ કન્યાઓએ બ્રાહ્મણને જુગાર રમવા બેસાડ્યો. બ્રાહ્મણ પોતાના શરીર સિવાય બધું જ હારી ગયો. આ જ સમયે લક્ષ્મીજી તથા વિષ્ણુ ભગવાન ત્યાંથી પસાર થયા. બ્રાહ્મણે તો કોજાગર વ્રત અજાણતાં જ કર્યું હતું, તેથી લક્ષ્મીએ કૃપા કરીને બ્રાહ્મણનું સ્વરૂપ કામદેવ જેવું કરી આપ્યું. નાગકન્યાઓએ બ્રાહ્મણ પાસે હારીને ગાંધર્વલગ્ન કર્યાં. પછી એ બ્રાહ્મણ ફરી પોતાના ઘેર પાછો આવ્યો. તેની પત્નીએ પણ ધનવાન પતિનો સત્કાર કર્યો ને સુખી થયો.

આ પ્રસંગ પછી **સનત્કુમાર સંહિતા**માં લખે છે : 'निशीथे वरदा लक्ष्मीः को जागर्तीति भाषिणी । तस्मै वित्तं प्रयच्छामि, यो जागर्ति महीतले ।।' - જે લોકો આ શરદપૂર્ણિમાની રાત્રિએ જાગે છે તેના પર લક્ષ્મીની કૃપા વરસે અને તેઓ ધનવાન બને છે.

આ ઋતુમાં આકાશ નિર્મળ હોય છે, શ્વેત ચાંદની રેલાતી હોય છે. ચંદ્રના શાંત અને શીતળ પ્રકાશથી અનેક પ્રકારની વનસ્પતિ-ઔષધિઓને અત્યંત પુષ્ટિ મળે છે. શ્રીકૃષ્ણચંદ્રજી ભગવદ્ ગીતામાં કહે છે : 'पुष्णामि औषधीः सर्वाः सोमो भूत्वा रसात्मकः ।' - હું રસાત્મક ચંદ્ર બની પૃથ્વીની તમામ ઔષધીઓનું પોષણ કરું છું ! આવા ધવલરંગી ઉત્સવે લોકો દૂધ-પૌંઆનો પ્રસાદ જમીને ખુશાલી વ્યક્ત કરે છે. આ દૂધ-પૌંઆ શરીરમાં ઔષધીનું પણ કામ કરે છે.

આ દિવસે વ્રજમાં ભગવાન શ્રીકૃષ્ણે **રાસલીલા** કરી હતી તે અવિસ્મરણીય છે. ભગવાન શ્રીકૃષ્ણનો આ મહારાસ દિવ્ય છે. વૃંદાવનના આ મહારાસે ગોપીઓને ઘેલી બનાવેલી હતી અને ગોપીઓને આ રાસલીલા દ્વારા પ્રભુએ અપાર પ્રેમ-ભક્તિ આપ્યા હતા.

શ્રીમદ્ ભાગવતમાં **શુકદેવજી** કહે છે : ''હે

પરીક્ષિત ! પ્રભુની બધી લીલાઓ **દિવ્ય** છે. તેમાં રાસલીલા તો **અતિ દિવ્ય** જ છે. બધી રાત્રિઓમાં શ્રેષ્ઠ રાત્રિ શરદપૂર્ણિમાની છે એટલે જ પ્રભુએ યમુનાના કિનારા ઉપર આ દિવ્યલીલા કરી છે.'' સ.ગુ. શ્રી **બ્રહ્માનંદ સ્વામી**એ પણ આ દિવ્ય **રાસલીલા**નો **મહિમા** ગાતાં ગાયું :

**'એ કહાન કુંવરની ક્રીડા રે, ગરવ તજી પ્રેમે ગાશે; બ્રહ્માનંદ કહે મટે ભવ પીડા રે, અંતર નિષ્કામી થાશે... ધન્ય શરદ પૂનમની રજની રે, રસિક સલૂણો રાસ રમે; ધન્ય ધન્ય એ નારી વ્રજની રે, ગિરિધરને મનમાંહી ગમે.'**

ચીરહરણલીલા વખતે ભગવાન શ્રીકૃષ્ણના વચને ગોપીઓએ પોતાના વસ્ત્રો લેવા માટે લોકલાજ મૂકી હતી, ત્યારે શ્રીકૃષ્ણ પ્રભુએ પ્રસન્ન થઈને શરદપૂર્ણિમાએ મહારાસમાં તેમને આમંત્રણ આપ્યું. આ આમંત્રણથી ગોપીઓ ધન્ય થઈ.

ભગવાન શ્રીકૃષ્ણે એ રાત્રિએ જે બંસરીના સૂર વહેતા મૂક્યા તેમાં ગોપીઓ દેહ-ભાન ભૂલી પ્રભુના પ્રેમમાં ઘેલી બની. વ્રજ છોડી વૃંદાવનમાં આવેલી ગોપીઓનું સ્વાગત કરતા ભગવાન શ્રીકૃષ્ણ બોલ્યા : 'स्वागतं वो महाभागाः' ને પછી તેમના પ્રેમની પરીક્ષા કરવા કહ્યું : ''તમારા જેવી કુલીન સ્ત્રીઓએ આમ મધ્યરાત્રીએ પરપુરુષ પાસે ઘરબાર છોડીને ન આવવું. સૌ પાછા જાવ.''

ગોપીઓને આ વચનોથી બાણ વાગે તેવું વસમું લાગ્યું ત્યારે ભગવાન શ્રીકૃષ્ણને ગોપીઓ પૂછે છે તેની નોંધ લેતા **શ્રીમદ્ ભાગવત** લખે છે : 'पादौ पदं न चलतस्तव पादमूलाद् । यामः कथं व्रजमथो करवाम किं वा ।।' - 'અમારા પગ તમારા ચરણકમળથી દૂર ખસવા જરા પણ તૈયાર નથી, તો અમે વ્રજમાં કેવી રીતે જઈએ ?' (શ્રીમદ્ ભાગવત: ૧૦/૨૯/૩૪)

ભગવાન શ્રીકૃષ્ણે ગોપીઓના આવો ઉત્કટ પ્રેમ જોઈ યમુનાના કાંઠે મહારાસનો પ્રારંભ કર્યો. એ વખતે ગોપીઓને અભિમાન આવ્યું કે, 'આપણા જેવી બીજી કોઈ ભક્તિમતી નહિ કે ભગવાન આપણને વશ વર્ત્યા !' મહારાસને ભગવાનની કૃપા સમજવાને બદલે તેમની ભક્તિમાં માન આવ્યું, અને ભગવાન શ્રીકૃષ્ણ મહારાસમાંથી અંતર્ધાન થઈ ગયા !

ગોપીઓ નિરાશ થઈ, પસ્તાવા લાગી અને કૃષ્ણલીલા ચરિત્રોનું સ્મરણ કરતી કૃષ્ણમય બનીને વિરહ ગીતો ગાવા લાગી : 'जयति तेऽधिकं जन्मना व्रजः श्रयत इन्दिरा शश्वदत्र हि । दयित दृश्यतां दिक्षु तावकास्त्वयि धृतासवस्त्वां विचिन्वते ।।' - હે પ્રભુ ! અમે તમારા વિયોગમાં દુઃખી છીએ, અમને સુખી કરવા માટે બીજું કાંઈ આપવાનું નથી, માત્ર દર્શન આપવાના છે. તો દર્શન તો આપો. થોડાક ઉદાર બનો કેશવ ! રડતા હૃદયે પ્રાર્થના કરવાથી અભિમાન આંસુ દ્વારા બહાર નીકળી ગયું.

(શ્રીમદ્ ભાગવત : ૧૦/૩૧/૧)

ગોપીગીતનો એક-એક શ્લોક ભક્તિથી તરબોળ છે. ભગવાન શ્રીકૃષ્ણને જ્યારે લાગ્યું કે, પ્રેમના પ્રવાહમાં ગોપીઓનો અહંકાર ધોવાઈ ગયો છે, ત્યારે તેમની સ્નેહ નીતરતી આરજૂથી પીગળી તેઓ ગોપીઓ વચ્ચે પ્રગટ થઈ ગયા!!

પછી તો રાસમંડળમાં રાધાને પોતાની પડખે રાખી એક ગોપી અને એક કૃષ્ણ - એ રીતે ભગવાને અનેક રૂપો ધારણ કર્યાં. ગોપીઓને મહારાસનું દિવ્ય સુખ શ્રીકૃષ્ણ પ્રભુએ આપ્યું. ભગવાન શ્રીકૃષ્ણે આ મહારાસમાં ગોપીઓને એટલું બધું સુખ આપ્યું કે શરદપૂર્ણિમાની રાત્રિ જાણે છ મહિનાની થઈ ગઈ !

આ સુખનું વર્ણન કરતાં સ.ગુ. શ્રી **બ્રહ્માનંદ સ્વામી** ગાય છે :

**'આજ શરદ પુનમનો ચંદો રે, અતિશે શોભે આકાશે;**
**રમે ગોપી સંગે ગોવિંદો રે, રંગડો જામ્યો છે રાસે.**
**નાટારંભ માંડ્યો નાથે રે, વ્રજજીવન વૃંદાવનમાં;**
**સુંદરવર ગોપી સાથે રે, મગન થયા રમતા મનમાં.**
**બાંહડલી બળવંત કેરી રે, ઝાલીને વનિતા ઝુલે;**
**બ્રહ્માનંદનો વહાલો લહેરી રે, જોઈને મનમાં ફૂલે.'**

જેમાં કેવળ દેહભાવ જ ઊછળતો હોય તે રાસ નહિ, એ વિકૃતિ છે. આત્મભાવથી પરબ્રહ્મ પરમાત્મામાં રમણ કરવાનો સંદેશ આ પર્વ દ્વારા પ્રાપ્ત થાય છે. આજે તો ડીસ્કો ગરબા જેવા કાર્યક્રમોથી તો જાણે આ મહામૂલા મહારાસની તો વિસ્મૃતિ જ થઈ ગઈ છે !!!

ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ પંચાળામાં સંતો-ભક્તોના પ્રેમને આધીન થઈ તેમને રાસોત્સવનો લાભ આપી આ દિવસે કૃતાર્થ કર્યા હતા.

એકવાર શ્રીજીમહારાજ **પંચાળા** ઠાકોર શ્રી ઝીણાભાઈને ત્યાં પધાર્યા હતા ત્યારે શ્રીજીમહારાજની સન્મુખ ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી વગેરે સંતો બેઠા હતા અને મહારાજના દર્શન કરતા હતા. એવામાં બ્રહ્માનંદ સ્વામીએ ભગવાન શ્રીહરિને કહ્યું : ''મહારાજ ! શ્રીકૃષ્ણ ભગવાને જેમ ગોપીઓને શરદપૂર્ણિમાની રાત્રીએ મહારાસ રમાડી દિવ્ય આનંદનો અનુભવ કરાવ્યો હતો, તેવો દિવ્ય આનંદ આજે આપ કરાવો. અમારી સાથે રાસ રમો એવો અમારો સંકલ્પ છે.''

એટલે શ્રીજીમહારાજે કહ્યું : ''તો ગામની પશ્ચિમ દિશામાં જે ટેકરો છે ત્યાં વિશાળ પટાંગણ છે. ત્યાં મહારાસ ગોઠવો. બાજુમાં **સાબળી નદી** વહે છે. પૂર્ણિમાની રાત્રી છે, એટલે ચંદ્ર પણ પૂર્ણ પ્રકાશે પ્રકાશી રહ્યો હશે. ''

સાંજ ઢળી અને હરિભક્તો અને નગરજનો સૌ સાબળી નદીના કિનારા ઉપર જ્યાં **મહારાસ** યોજાવાનો હતો ત્યાં જવા લાગ્યા. લગભગ રાત્રીના નવનો સુમાર થયો હશે ત્યાં તો સમગ્ર

પટાંગણમાં, નદીના બંને કિનારે તેમજ આજુબાજુના ઝાડ ઉપર હજારો મનુષ્યોની ભીડ જામી ગઈ. ઝીણાભાઈએ ત્રંબાળું, ઢોલ, શરણાઈ, કાંસા જોડી, કરતાલો વગેરે સાજ તૈયાર કરાવી ત્યાં મોકલી આપ્યો હતો. સંતો પણ અહીં આવી ગયા હતા. શ્રીજીમહારાજ મંચ ઉપર બિરાજમાન થયા હતા. પછી બ્રહ્માનંદ સ્વામીએ મહારાજની આજ્ઞા પ્રમાણે સંતોના એક એક ફરતા નવ કુંડાળા કર્યા. પછી મહારાસનો પ્રારંભ થયો.

મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી, દેવાનંદ સ્વામી વગેરે સંતોના હાથમાં કરતાલો હતી. પગે ઘૂઘરા બાંધ્યા હતા. જે સંતો કુંડાળાની વચ્ચે બેઠા હતા તેમણે દુક્કડ, સરોદ, પખવાજ, સિતાર, શરણાઈ, ઝાંઝ, સારંગી, મંજિરા આદિક અનેક પ્રકારના વાજિંત્રો લીધા હતા. એક સંતે ત્રંબાળું ઢોલ કેડે બાંધ્યો હતો. તેણે તેના ઉપર દાંડી મારી અને પખવાજ તથા દુક્કડના નાદ સાથે બ્રહ્માનંદ સ્વામીએ શરુ કર્યું : **'સખી ગોકુલ ગામના ચોકમાં રે, ખાંતે માંડ્યો રસીલે ખેલ, રમે રાસ રંગીલો રંગમાં રે...'**

બ્રહ્માનંદ સ્વામીના પહાડી સૂર સાથે વાજિંત્રોના નાદથી મિલાવટ થઈ ગઈ ! સંતોએ પગમાં પહેરેલા ઘૂઘરાના અવાજ પગના ઠેકા સાથે આ સૂરમાં સુરમ્ય બની ગયા. કરતાલના નાદે પણ સૂરો સાથે ઠાવકી મહોબત જમાવી દીધી. બ્રહ્માનંદ સ્વામીની આ એક જ પંક્તિના ઉચ્ચારણ સાથે જ રાસ જામ્યો અને સંતો પોતપોતાના કુંડાળામાં ઘૂમવા લાગ્યા. સંતોનો આ દિવ્ય આનંદ શ્રીજીમહારાજે જોયો, તેમની મસ્તી જોઈ, પોતાનું દેહભાન ભૂલીને કેવળ પોતાના ઉપાસ્ય સ્વરૂપની ભક્તિમાં જ તેમને સૌને તલ્લીન બની ગયેલા જોઈ, ભગવાન શ્રીહરિ એકદમ મંચ ઉપરથી ઊભા થયા અને બધાં જ કુંડાળા વીંધી પહેલા કુંડાળામાં પહોંચી ગયા ! શ્રીજીમહારાજને અંદર આવતા જોઈ સંતોના આનંદનો અવધિ ન રહ્યો. તે વખતે વેગથી રાસમંડળમાં ફરતા બ્રહ્માનંદ સ્વામીએ બીજી પંક્તિ શરૂ કરી : **'ચહુ કોરે સખાની મંડળી રે, ઊભા વચમાં છેલો અલબેલ, રમે રાસ રંગીલો રંગમાં રે...'**

શ્રીજીમહારાજ સંતો સાથે તાળી દઈને રાસમાં ફરવા લાગ્યા. જાણે બ્રહ્માંડ ફરતું હતું ! સૂર્ય, ચંદ્ર, તારા, નક્ષત્રો તેમજ સકળ લોકના અધિષ્ઠાતાઓ આજે પુરુષોત્તમ નારાયણે પૃથ્વી ઉપર સાક્ષાત્ અક્ષરધામ ખડું કર્યું હતું તે દિવ્ય પ્રસંગના દર્શન કરવા નભમંડળમાં આવી ગયા. સંતમંડળ, હરિજનો અને નગરજનો આ દિવ્ય આનંદમાં મસ્ત બની ગયા હતા. બ્રહ્માનંદ સ્વામીના મુખમાંથી તો પંક્તિઓ સરતી જ હતી : **'તાળી પાડે રૂપાળી તાનમાં રે, મુખે ગાવે મનોહર ગીત, રમે રાસ રંગીલો રંગમાં રે...'**

ભગવાન શ્રીહરિ સંતો સાથે તાળીના તાન દેતા, નેણકટાક્ષોથી તેમના હૈયા વીંધતા, આજે જાણે સમગ્ર દિવ્યતાથી સંતોના-હરિભક્તોના હૃદય સભર કરી દેવા છે તેવા સંકલ્પથી ઘૂમી રહ્યા હતા. પરંતુ શ્રીજીમહારાજ ફક્ત મોટેરા સંતો સાથે જ રાસ રમે છે, તાળીઓના તાન આપે છે તે જોઈ બીજા કુંડાળામાં ફરતા સંતોને પણ સંકલ્પ થયો : "મહારાજ અમને એ સુખ ન આપે ?" અને આશ્ચર્યવત્ તેમની પડખે શ્રીજીમહારાજ તેમને દેખાયા. એક એક સંત અને સાથે મહારાજ ! જેટલા સંત એટલા ભગવાન શ્રીહરિના સ્વરૂપો ! આ દિવ્ય આનંદના ઉન્માદથી સંતોનો વેગ વધ્યો, વાજિંત્રોના ઘોષ પણ મેઘની ગર્જનાને થંભાવી દે તેવા થવા લાગ્યા. મહારાસ જામ્યો ! ચંદ્ર પણ આ દિવ્ય દર્શનનો લાભ લેવા થંભ્યો. સૂર્યને થયું કે તેને કોઈનો શાપ થયો હશે તેથી આ મહારાસ દર્શનથી તે વંચિત રહ્યો. સાબળી નદી પણ આજે ધન્ય બની ગઈ ! પંચાળાની ભૂમિ સમગ્ર પૃથ્વીમાં દિવ્યતમ તીર્થ સ્વરૂપ શોભવા લાગી !

દરેકે દરેક પરમહંસોને એમ જણાયું કે શ્રીજીમહારાજ મારી સાથે જ હાથમાં હાથ મિલાવી મંદ મંદ હસતા હસતા રાસ રમણ કરી રહ્યા છે. એ વખતે મહાપ્રભુ શ્રીહરિના અનેક સ્વરૂપોમાંથી શીતળ, શાંત કિરણો પ્રગટ્યા અને દર્શન કરનારને પણ અતિ શાંતિ પમાડતા હતા. પશુ-પક્ષી, વેલી, વન, નદી, જળ સહુ થંભી ગયા. દરેક રાસ રમનારાઓ પણ શરીરનું ભાન ભૂલી એક ભગવાન શ્રીહરિની મૂર્તિમાં એકતાર બની રમવા લાગ્યા. આમ રાસમાં અદ્‌ભુત દિવ્ય સાહિત્ય સંગીત અને નૃત્યનો સંગમ રચાયો.

જગતના ભાવો ભૂલી દિવ્યાનંદમાં મસ્ત બની જુદી-જુદી રીત અને શ્રેષ્ઠ ઢબથી જ્યારે રાસની બરાબર જમાવટ થઈ એ સમયે આકાશમાંથી દેવતાઓ ભગવાન શ્રીહરિના દર્શન કરી જય જયકાર કરવા લાગ્યા અને પુષ્પોની વૃષ્ટિ કરવા લાગ્યા.આ અદ્‌ભુત દૃશ્યને જોઈ હજારો નરનારીઓ આશ્ચર્યમુગ્ધ થઈને હર્ષઘેલા બની ગયા. બ્રહ્માનંદ સ્વામી શીઘ્રતાથી નવીન અને ચારણી સાહિત્યમાં બેનમૂન રાસાષ્ટકના **રેણકી છંદો** ગંભીર રાગથી ગાવા લાગ્યા : **'એક સમે શશિ ઉદિત અતિ, હોય મન અધિક હુલ્લાસ, યમુના તટ વ્રજનાર જુત, રચ્યો મનોહર રાસ...'** આ રીતે એક પછી એક છંદોની વર્ષા બ્રહ્માનંદ સ્વામીએ કરી.

રાસની રમઝટ ચાલી. પરંતુ બ્રહ્માનંદ સ્વામી થાક્યા ત્યારે પુસ્તકમાંથી જોઈને કીર્તનો બોલવાની આજ્ઞા કરી. સમય કેટલો થયો હતો તેનો કોઈને ખ્યાલ રહ્યો નહીં. ભગવાન શ્રીહરિને તો મહારાસ થંભાવવો જ નહોતો. પણ સંતોને લાગ્યું કે આવતી કાલે હજુ રંગે રમવાનું છે. શ્રીજીમહારાજ જરૂર થાકી જશે.

બ્રહ્માનંદ સ્વામીએ તરત જ યુક્તિ કરી. ઘાસનો એક ઢગલો દૂર પડ્યો હતો તે સળગાવવા સુરાખાચરને ઈશારો

કરી દીધો. તે સમસ્યા મુજબ સુરાખાચરે તે ઢગલામાં તણખો મૂક્યો અને તે સળગ્યો. એટલે બ્રહ્માનંદ સ્વામીએ બૂમ પાડી : ''દોડો..., દોડો..., દોડો... પડખે આગ લાગી હોય એવું લાગે છે.''

આ સાંભળી સંતો થંભ્યા અને કેટલાક તો પોતાના ઝૂંપડા ન સળગે તે સંભાળવા દોડ્યા. શ્રીજીમહારાજ આ જોઈ રહ્યા હતા. પછી બોલ્યા : ''આ યુક્તિ નક્કી બ્રહ્માનંદ સ્વામીની લાગે છે.''

ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : ''મહારાજ ! આપની મરજી વિના તો તણખલું પણ ફરતું નથી તો પછી મારી યુક્તિથી આગ કેમ લાગે ?'' શ્રીજીમહારાજ હસી પડ્યા.

મહારાસ પૂરો થયો ત્યારે રાત્રી પણ લગભગ પૂરી થવા આવી હતી. સૌ સંતો શ્રીજીમહારાજની આજુબાજુ વીંટળાઈ ગયા. બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : ''મહારાજ ! આ તો છ માસથી પણ રાત્રી વધુ મોટી થઈ હતી એવું લાગે છે.'' ત્યારે શ્રીજીમહારાજે કહ્યું : ''કાળ અકળાયો હતો તેથી તેને છૂટો મૂકવો પડ્યો. નહીં તો અક્ષરધામનો આ મહારાસ કદી પૂરો થાત જ નહી.''

આજે પણ આ દિવ્ય ભૂમિમાં જે કોઈ ભાવિક જાય છે તેને આ મહારાસના દર્શન તાદશ્ય થાય છે, કેટલાકને વાજિંત્રનો ઘોષ સંભળાય છે અને કેટલાકને શ્રીજીમહારાજ રાસ મંડળમાં ફરતા દેખાય છે. એટલે આ દિવ્ય રાસનું સ્વરૂપ અવિચ્છિન્ન રહ્યું છે. આજે પણ **'પંચાળા'** શબ્દનું નામ સાંભળતા જ શ્રીજીમહારાજની રાસલીલાના મધુર સ્પંદનો આંદોલીત થઈ હૃદય મનની વીણાને ઝંકૃત કરીને હૈયામાં થનગનાટ થવાની સાથે એક અનોખી અનુભૂતિ સહજ અનુભવાય છે. અને એટલે જ દેશ-વિદેશમાં જ્યાં જ્યાં ઉત્સવ-સમૈયા થાય છે, ત્યાં ત્યાં પંચાળાનો રાસ - શબ્દદેહે છતો થાય છે. ભગવાન શ્રીહરિની આ રાસલીલાથી પંચાળા અને તેનો રાસોત્સવ એક પર્યાય બની રહ્યા છે. પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજશ્રીએ **'જુઓ જુઓને હાંહાં રે, સાહેલીઓ આજ, રસિયો રાસ રમે; પંચાળામાં હાંરે, પંચાળામાં શ્રીજીમહારાજ...રસિયો૦'** આ રાસલીલાનું પદ રચીને રાસોત્સવને લોક હૈયે અમર બનાવી દીધો છે.

શ્રીજીમહારાજના પ્રિય સખા સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામી દ્વારા રચિત પંચાળા મહારાસના છંદો, જેવા કે - **'સર સર પર સધર અમર તર અનુસર, કર કર વર ધર મેલ કરે...', 'ઝટપટ પટ ઉલટ પલટ નટવટ ઝટ, લટપટ કટઘટ નિપટ લલે...'** આવા અનેક છંદો-કીર્તનો લોક સાહિત્યકારોના જીભે ગવાઈને સાહિત્યમાં, લોકજીવનમાં, સંસ્કૃતિમાં ધબકી રહ્યા છે. કોઈપણ લોક સાહિત્ય કલાકાર આ છંદોને જ્યાં સુધી પોતાના કાર્યક્રમમાં ન લલકારે ત્યાં સુધી તેને અધુરું લાગે છે.

અનુસંધાન પેજ નંબર ૯ પરનું

માણસોએ કહ્યું છે, જિંદગીનું સાચું સુખ વિપુલ સાધનસામગ્રી એકઠી કરવામાં નથી. ધન-દોલત પાછળ દોડવામાં નથી, ભોગવિલાસમાં નથી. સાચું સુખ જુદી જ વસ્તુ છે. અને તે સંયમ અને મર્યાદામાં રહેલું છે. સંયમ, મર્યાદા કે સાદગી સંતોષમાંથી અને સમજણમાંથી પ્રગટે છે. રાજા યયાતિ હોય, ભર્તૃહરિ હોય, સોક્રેટિસ જેવો ફિલસૂફ હોય, શેખ સાદી કે મૌલાના રૂમી જેવા સૂફીઓ કે આધુનિક સમયમાં જીવી ગયેલ ટૉલ્સ્ટૉય, થોરો કે, મહાત્મા ગાંધી હોય, દરેક વ્યક્તિએ આ જ વાત **ભારપૂર્વક** કરી છે. એટલું જ નહીં, જિંદગીનો **પૂરો અનુભવ** લીધા પછી કહી છે. **સાદી જિંદગીમાં જેવું સુખ છે તેવું સુખ વિલાસી જિંદગીમાં નથી.**

બહારથી જોનારને ધનવાન અને વિલાસી વ્યક્તિઓનું જીવન ભર્યું ભર્યું લાગે છે. કેવા વિવિધ પ્રકારના સુખો એ લોકો માણતાં હશે એની કલ્પના બીજા લોકોમાં ઈર્ષ્યા પ્રેરે છે. પરંતુ જે જાળમાં ફસાયેલી વ્યક્તિ પોતે જ પોતાની ખરી સ્થિતિ જાણતી હોય છે. એટલે જ યયાતિ અને ભર્તૃહરિ જેવા રાજાઓએ ભોગવિલાસમાં સુખ નથી એમ કહ્યું છે. અને સંસારના ભોગવિલાસ, ધન-દોલતનો પૂરો અનુભવ કર્યા પછી એમણે એવું કહ્યું છે. જિંદગીના ભોગવિલાસમાં રાચતી વ્યક્તિ કે ધન-દોલત પાછળ દોડતી વ્યક્તિ ક્યાંક ને ક્યાંક પરાધીનતા અનુભવતી જ હોય છે. ક્યાંક ને ક્યાંક એ બીજાની ઓશિયાળી બનતી જ હોય છે અને જીવનનું સાચું સુખ માણવામાં એ બાધારૂપ થાય છે. જેમ જેમ તે તેમાંથી દૂર ખસતી જાય છે તેમ તેમ તેની સ્વતંત્રતા વધતી જાય છે. એટલે જ જિંદગીના અનેકવિધ અનુભવોમાંથી પસાર થયેલી વ્યક્તિઓએ **જીવનનું સાચું સુખ** સાદગીમાં, સંયમમાં, ત્યાગમાં અને સંતોષમાં છે એમ કહ્યું છે.

મનુષ્ય સ્વભાવને ઉજાગર કરતું અંગ્રેજીમાં **એક વાક્ય** છે : 'There are two ways of being rich. One is to have all you want, and other is to be satisfied what you have.' - શ્રીમંત થવાના બે રસ્તા છે. એક તમારી ઈચ્છા મુજબનું બધું જ તમને મળે, અને બીજો રસ્તો તમને જે મળ્યું હોય એમાં **સંતોષ** પામવાનો છે અને પોતાની ઈચ્છા મુજબ બધું જ મળ્યું છે એમ ભાગ્યે જ કોઈ માને છે. અહીં મહાભારતના **કર્ણની વાત** 'જન્મ પરમાત્માને આધીન છે પણ પરાક્રમ મારે આધીન છે'ને જરા યાદ કરીએ અને **સંકલ્પ** કરી લઈએ કે 'ગૌધન, ગજધન, બાજધન ઔર રતનધન' મળવું કે ન મળવું એ તો પરમાત્માને આધિન છે, પરંતુ **'સંતોષધન'** મેળવવું એ વ્યક્તિને પોતાને આધીન છે. જે વ્યક્તિ એ મેળવશે એને બાકીના બધાં ધન ક્ષુલ્લક લાગશે. **'સંતોષ' એ 'સુખ' નામની ઈમારતનો પાયો છે.** કદાચ એ પાયો દેખાય કે ન દેખાય પણ **'સુખ'** નામની **ઈમારત** તો એના ઉપર જ ઊભેલી હોય છે. અને એના ઉપર જ ઊભી રહી શકે છે.



# ધનતેરશ

(આસો વદ તેરશ)

ધનતેરશના બે અર્થ થાય છે. એક તો ધણ અર્થાત્ ગૌધન-તેરશ અને બીજો ધનના પૂજનનો દિવસ એટલે ધનતેરશ. પૂર્વે ગાયોના ધણને પણ ધન કહેવામાં આવતું હતું. આ દિવસે ગાયોનું વિવિધ ઉપચારોથી પૂજન થતું. કાળક્રમે ગાયોની સાથે સાથે ધનની પૂજા થવા લાગી. માણસ તો સામાન્યપણે આદિકાળથી ધનની પૂજા કરતો જ આવ્યો છે તેથી આ દિવસે વધુને વધુ ધનની પૂજા થતી ગઈ ને ગૌપૂજા ધીમે ધીમે ઓછી થતી ગઈ. તેથી આ તેરશ ધણ તેરશના નામ કરતા ધનતેરશથી વધારે પ્રચલિત બની.

જો કે ભગવાનના ભક્તને માટે તો સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામીએ ગાયું છે : **'રે શ્યામ તમે સાચું નાણું, બીજું સર્વે દુઃખદાયક જાણું...'** તે પ્રમાણે ભક્તનું સાચુ ધન તો ભગવાન છે માટે તેનું વિશેષ પૂજન કરવાથી સર્વે પૂજન પૂર્ણ થાય છે. છતાંય ધનની આવશ્યકતા અનિવાર્ય જ છે. પરંતુ તે ધન-લક્ષ્મી દૈવી હોવી જરૂરી છે; તે જ પોતાને ઉન્નતિ અપાવે પણ જે લક્ષ્મી આસુરી હોય તેનાથી પોતાને, કુટુંબને કે સમાજને ભ્રષ્ટ અને વિકૃત કરે છે. તેટલા માટે ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં પણ કહ્યું છે : '**धर्मेण** अर्थः सम्पादनीयः ।' ધર્મથી જ ધન-પૈસો મેળવવો. માટે આપણે વિચારવું જોઈએ કે, ખરેખર મારી ઉપાર્જીત કમાણી-લક્ષ્મી તે દૈવી તો છે ને...? અને ખરા અર્થમાં તેને જ **દૈવી લક્ષ્મી**-ધન-સંપત્તિ કહેવાય કે જે કેવળ સ્વાર્થમાં ન વપરાય ને પરમાર્થે-ધર્માર્થે પરમાત્માના ઉપયોગમાં આવે તે જ **સાચી લક્ષ્મી** કહેવાય. તેને જ **મહાલક્ષ્મી** કહેવાય છે.

જો ભૂલથી પણ કંઈને કંઈ લક્ષ્મી-ધનમાં આસુરી કમાણી થતી હોય તો તેની શુદ્ધિ અર્થે આ ધનતેરશના દિવસે લક્ષ્મીનું પૂજન કરવામાં આવે છે. આ પૂજન પાછળની ભાવના લક્ષ્મીજી મનુષ્યજીવનમાં હંમેશાને માટે સ્થિર બનીને રહે અને સદાને માટે પ્રસન્ન રહે એજ છે.

ભગવાન શ્રી ધન્વન્તરીનો જન્મ સમુદ્ર મંથન વખતે હાથમાં કળશ લઈ આજ દિવસે થયો હતો. તે વાતની નોંધ શ્રીમદ્ ભાગવત ગ્રંથમાં કરતા શ્રીવેદવ્યાસજી કહે છે : 'ततश्चा विरभूत् साक्षाच्छ्री रमा भगवत्परा । रञ्जयन्ती दिशः कान्त्या विद्युत् सौदामनी यथा ।।' - અર્થાત્ સમુદ્રમંથન દ્વારા અપ્સરાઓના પ્રગટ થયા બાદ સ્વયં શ્રીલક્ષ્મી દેવી પ્રગટ થયા. તે ભગવાનની નિત્ય શક્તિ છે. તેમની વીજળી જેવી ચમકતી છટાથી દિશાઓ ઝગમગી ઊઠી.

ધનતેરશ એ ધનવાન થવાની પ્રત્યેક ઉરની સહજ આકાંક્ષાને પરિપૂર્ણ કરવાનો પરમ પ્રસંગ છે. કુબેર ધનના મહારાજા છે. મહાદેવ કુબેરના મિત્ર, માર્ગદર્શક અને ગુરુ છે. લક્ષ્મી ધનની દેવી છે. ભગવાન શ્રીહરિ લક્ષ્મીનું પરમધન છે. સોનું, ચાંદી, હીરા-માણેક, મોતી અને રત્નો એ લક્ષ્મીનું સ્થૂળ, પરિચ્છિન્ન અને અસ્થાયી અધ્યસ્ત રૂપ છે. કાગળની નોટો અને ધાતુના સિક્કા એ લક્ષ્મીનું માનવનિર્મિત, સ્વપ્નમય, કલ્પિત અને કામચલાઉ ચલણ છે. જેમ દ્રવ્ય ધનનું સ્થૂળ રૂપ છે અને સિક્કા ઈત્યાદિ તેનું સૂક્ષ્મ રૂપ છે, તેવી રીતે દારિદ્ર કે ધનહીનતા એ ધનનાં બે રૂપોના આકાર વગરનું ધનનું હોવાપણું છે. ત્યાં ધનના અધ્યસ્ત નામ-રૂપનો અભાવ હોવાથી ધનનું અસ્તિત્વ જ નથી રહેતું તેવો આત્યંતિક આભાસ થાય છે. આવી ધનના નામ-રૂપના અભાવવાળી કલ્પિત અવસ્થાને 'ગરીબી' કે 'દરિદ્રતા' કહેવાય છે.



# કાળીચૌદશ

(આસો વદ ચૌદશ)

આજના દિવસ સાથે એક **પૌરાણિક કથા** પણ જોડાયેલી છે. ભગવાન શ્રીકૃષ્ણે સત્યભામા સાથે જઈને ભૌમાસુર જે નરકાસુર તેનો નાશ કરી તેને કેદ કરેલી ૧૬૦૦૦ સ્ત્રીઓને છોડાવી. તેથી દેવોએ આનંદમાં આવી દિવાઓ પ્રગટાવી દિપોત્સવ મનાવેલ. ત્યારબાદ ભૌમાસુર-નરકાસુર તે પૃથ્વી ઉપર પડ્યો થકો છેલ્લા શ્વાસ લઈ રહ્યો હતો ત્યારે તેણે ભગવાનને પ્રાર્થના કરીને કહ્યું: ''હે પ્રભુ ! મારી મૃત્યુતિથિએ જે સૂર્યોદય પહેલા સ્નાન કરે તેને નરકની પીડા ન થાય.'' તે વર ભગવાને તેમને આપેલો તેથી આજના દિવસે બ્રાહ્મમુહૂર્તે સ્નાનનો અધિક મહિમા કહ્યો છે. સોળ હજાર જેટલી સ્ત્રીઓની એવી ભાવના હતી કે અમોને કેદમાંથી છોડાવી ભગવાન પોતાના સાનિધ્યનું સુખ આપે. તે ભાવને વશ થઈ ભગવાન શ્રીકૃષ્ણે નરકાસુરનો નાશ કર્યો અને તે સૌ સ્ત્રીઓના મનોરથ પૂર્ણ કર્યા. આ વાતને જ લક્ષ્ય બનાવી ભગવાન શ્રી સ્વામિનારાયણ કારિયાણી પ્રકરણના પાંચમા વચનામૃતમાં આસો વદિ આ ચૌદશના દિવસે જ એ વાત કરતા કહે છે : ''ભગવાન પોતાના ભક્તના મનોરથ પૂર્ણ કરવાને કાજે પૃથ્વી પર દેહ ધરે છે અને તે ભેળું અનેક જીવનું કલ્યાણ કરે ને ધર્મનું સ્થાપન પણ કરે છે.''

શ્રીજીમહારાજે આ દિવસે ઘણીવાર વડતાલ, ગઢપુર, સરધાર વગેરે સ્થાનોમાં જ્યાં જ્યાં બિરાજતા ત્યાં ત્યાં પોતાના ધર્મકુળની રીત પ્રમાણે હનુમાનજીનું પૂજન-અર્ચન કરીને હનુમાનજીની દાસત્વ ભક્તિને બિરદાવી છે. અને તેથી ભગવાન શ્રીહરિએ શિક્ષાપત્રીમાં આચાર્યશ્રીના ધર્મ નિરૂપણના ૧૨૭માં શ્લોકમાં કહ્યું છે : **'इषकृष्णचतुर्दश्यां कार्याऽर्चा च हनूमतः ॥'** - '...આસો વદી ચતુર્દશીને દિવસે હનુમાનજીની પૂજા કરવી.' આજના દિવસે તમામ અશુભો દૂર થાય તે માટે હનુમાનજીની પૂજા-પ્રાર્થના કરવામાં આવે છે. અને એટલે જ આપણે પણ આજના દિવસે હનુમાનજીના જેવી દાસત્વ ભક્તિ આપણને સૌને પ્રગટે તેવી શરૂઆત કરીએ.

હાસ્યલેખક અને હાસ્યકલાકાર શ્રી જગદિશ ત્રિવેદી **કાળીચૌદશ** અને **દિવાળી**ની પોતાના એક પુસ્તકમાં સુંદર **વ્યાખ્યા** કરતા લખે છે :- ''જૂના જમાનામાં ચૌદસના દિવસે જન્મ થાય તો અપશુકન માનવાનો કુરિવાજ હતો. એમાં પણ કાળીચૌદશના દિવસે જનમવું એ મરવા બરાબર ગણાતું. તેથી આજે પણ કોઈના ઉપર ગુસ્સો આવે તો એને 'કાળીચૌદશની પેદાશ' કહેવાય છે. કાળીચૌદશ કરતાં કાળીચૌદશની પેદાશ સમાજને વધુ કનડે છે. કાળીચૌદશ વર્ષમાં એકવાર આવે. જ્યારે કાળીચૌદશની પેદાશ તો દરરોજ આવી શકે છે, ગમે ત્યારે આવે છે. (૧) ભ્રષ્ટાચારી નેતા (૨) કટકીપ્રિય સરકારી નોકર (૩) લૂંટણિયો વેપારી (૪) લાલચુ ગુરુ (૫) દંભી સાહિત્યકાર (૬) ઈર્ષાળુ કલાકાર અને (૭) આંધળો આગેવાન - આ સાત પ્રકારના લોકો કાળીચૌદશની પેદાશ જેવા હોય છે.

દિવાળીને આપણે દીવાસળી બનાવી દીધી છે. અજ્ઞાનના અંધકારને દૂર કરી જ્ઞાનનો પ્રકાશ પ્રગટાવવાનું પર્વ એટલે દિવાળી. પરંતુ આપણે તો બીજાના પ્રગટેલા દીવાને સળી કરીને ઓલવી નાખવામાં એટલે કે દીવા-સળી કરવામાં જ સમય પસાર કરીએ છીએ. આપણે ત્યાં રોજ દીવાસળી આવે છે, પરંતુ આસો વદ અમાસે પણ દિવાળી આવતી નથી.

વિશ્વનો દરેક જીવ ભૂખડીબારસમાંથી વાઘબારસ બને, ધનતરસ ભૂલીને ધનતેરશ ઊજવે, કાળીચૌદશની પેદાશમાંથી કાળીચૌદશ તરફ સરકીને છેલ્લે દીવાસળી બંધ કરીને સાચા અર્થમાં દિવાળી ઊજવે એવી શુભકામના...''



## દીપાવલી-દિવાળી (આસો વદ અમાસ)
## નૂતન વર્ષ-અન્નકૂટોત્સવ (કારતક સુદ એકમ)
## ભાઈબીજ (કારતક સુદ બીજ)
## લાભપાંચમ (કારતક સુદ પાંચમ)

### દીપાવલી-દિવાળી (આસો વદ અમાસ)

મનુષ્ય માત્ર હંમેશા આધિ-વ્યાધિ ને ઉપાધિથી ઘેરાયેલો છે. તેમાંથી જે દિવસે મુક્ત થવાય છે તે જ દિવસને 'દિવાળી' કહેવાય છે. આ દિવાળીના દિવસે

- ભગવાન શ્રી રામચંદ્રજી લંકા ઉપર વિજય મેળવીને અયોધ્યા પધાર્યા.

-પાંડવો વનમાંથી પાછા ફર્યા.

-સમુદ્રમાંથી લક્ષ્મીજી પ્રગટ થયા.

-પૃથુ ભગવાને પૃથ્વીનું દોહન કરી રસકસ કાઢ્યા.

- ભગવાન શ્રીકૃષ્ણે ભૌમાસુર-નરકાસુરનો નાશ કરી પ્રજાને ત્રાસમુક્ત કરી તેના આનંદનો દિવસ.

-ચોપડા પૂજન કરી શારદાપૂજન કરવાનો દિવસ.

શ્રીજીમહારાજ પણ આ દીપાવલીના શુભ દિવસે આપણને સૌને ઉપદેશ આપતા કારિયાણી પ્રકરણના છઠ્ઠા વચનામૃતમાં કહે છે : "જે ભક્ત કામ, ક્રોધ, લોભ, કપટ, માન, ઈર્ષ્યા અને મત્સર એટલાં વાનાએ રહિત થઈ ભગવાનની ભક્તિ કરે તેની ઉપર ભગવાન રાજી થાય છે." આ ઉપદેશ આપણને સૌને ભગવાન શ્રીહરિએ આપ્યો છે. તેથી તે વાતને આપણે આપણા જીવનમાં સાકાર કરવી તે આપણી પરમ ફરજ છે. તે સર્વે દોષોથી રહિત થઈ દિવ્યજીવન જીવવું તે જ આવા શુભ દિવસનું ફળ હોય છે.

અમાસની રાત્રે અજવાળાં ફેલાવતાં દીવડા પ્રગટાવીને અંતરમાં પ્રકાશ પાથરવાની પ્રાર્થના સૂચવતો ઉત્સવ તે દીપાવલી કે દિવાળી. ભગવાન કે તેમના સત્પુરુષમાં મનુષ્યભાવ આવે તો તેની હોળી કરીએ અને દિવ્યભાવની દિવાળી કરીએ એ જ દિવાળી ! ઘર-કુટુંબ અને શરીરમાં શુદ્ધિ, નવીનતા, પ્રેમ અને આત્મીયતા કેળવવાનો શુભ અવસર એટલે દિવાળી. અને જો સર્વે દોષો ટાળીને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિના દીવડા દિલમાં પ્રગટી જાય તો તેને સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે : 'સખી હેડે તે હરખ ન માંય આજ દિવાળી રે...' એવા ભક્તને તો 'દિન દિન દિવાળી' જ છે.

આ દિવાળીના દિવસે જ સમુદ્ર મંથનમાંથી લક્ષ્મીજીનું પ્રાગટ્ય થયું હતું. તેથી આજ દિવસે ચોપડા પૂજન કરાય છે. અને નવા વર્ષથી શુદ્ધ લક્ષ્મીનું ઉપાર્જન કરીશ તેમજ નીતિથી જ ધન-સંપત્તિ મેળવીશ એવી પ્રતિજ્ઞા આજ દિવસે કરવામાં આવે છે.

આ દિવસે અબજો રૂપિયાનું દારુખાનું ફુટતું હશે છતાંય આ દિવસને ફટાકાવલી નથી કહેતા ને દીપાવલી જ કહે છે. કારણ કે દીપક તે જ્ઞાનજ્યોતિનું ચિહ્ન છે. જેથી જીવનમાં આજ્ઞા-ઉપાસના તથા સંસ્કારો ને સદાચારોના દીપકો પ્રગટાવી, તે જ દીપકોના અજવાળે માયારૂપી

અંધકારને પાર કરી પરબ્રહ્મ પૂર્ણપુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ સુધી પહોંચીએ.

આ શરીર તો કોડીયું છે, જ્ઞાનરૂપી વાટ છે ને સદ્‌ગુરુ રૂપી જ્યોત છે. આ સદ્‌ગુરુ રૂપી જ્યોતના સથવારે વાસ્તવિક પરમ સત્ય તત્ત્વ શોધી તે પરમપદને પ્રાપ્ત કરીએ એજ દીપાવલીનો અર્થ છે.

ખરેખર તો દિવાળી એટલે વિદાય લેતા વર્ષનો અંતિમ દિવસ...! આસો માસની ઘોર અંધારી રાત; આ ઘોર અંધારી રાતે ઉજવાતા દિવાળીના તહેવારને પણ પ્રકાશનું પર્વ શા માટે માનવામાં આવે છે ? આની પાછળનું રહસ્ય પણ સમજવા જેવું છે.

અંધારુ કાળા કામો કરનાર સિવાય કોઈનેય સ્વપ્નેય ગમતું નથી. કારણ કે અંધારું બિહામણું છે. તેમાં અનેક અનર્થો છૂપાય છે. **'Necessity is the mother of Invention'** જરૂરી જરૂરીઆતો જ શોધખોળોની જનની બને છે, તે ન્યાયે આ દિવાળીની રાત્રિનું ઘોર અંધારું જ માનવના મનમાં પ્રકાશ પામવા માટેની પ્રબળ ઝંખના જગાડે છે. તેથી જ આ દિવસે અનેક દીવાઓ પ્રગટાવી અંધકારને હટાવી પ્રકાશ પાથરવાનો પ્રયાસ કરાય છે. પ્રકાશમાં જ પરમાનંદ ને પરમશાંતિ છે, પ્રકાશમાં જ પ્રગતિ માટેની પ્રવૃત્તિ શક્ય બને છે. અને અંધકાર તો અગોચર અને પ્રગતિને રૂંધનાર તેમજ ભયંકર હોય છે. તેથી જ આપણા આર્ષદ્દષ્ટાઓએ કહ્યું છે : तमसो मा ज्योतिर्गमय... । ॐ तेजस्वि नावधीतमस्तु...। आप्यायन्तु मङ्गलानि वाक् प्राणश्चक्षुः क्षोमथो बलमिन्दियाणि च सर्वाणि...।। વગેરે વૈદિક પ્રાર્થના વડે જેમને પ્રસન્ન કરવા ઈચ્છીએ છીએ તે જ આપણા ઈષ્ટદેવ લક્ષ્ય છે. બાકી જગતની રીતે તો ઉત્સવો આનંદ માણવા માટે હોય છે. પરંતુ શાસ્ત્રીય મતાનુસાર ઉત્સવ એ પ્રાર્થના છે અને પ્રાર્થના તે તો દુઃખી હૃદયનો આર્ત પોકાર છે. તે તો સર્વે સાધનો નિષ્ફળ બને ત્યારે પ્રાર્થના જ આધાર બનતી હોય છે. તે પ્રાર્થના જ પ્રભુમાં પાગલ બનાવે છે. તેથી જ કહેવાયું છે : **'हर दिन नया हे, हररात निराली है; दिलमें जो प्रभु का प्यार है, तो दररोज दीपावली है.'**

ભગવાનના ભક્તને તો ખરેખર 'મારે દાડી દાડી તે દિવાળી...' દરરોજ દિવાળી હોય છે. પરંતુ આ વાત જેણે પ્રભુ પ્રેમની પ્યાલી પીધી હોય તેની છે. બાકી આજના ઝંઝાવાતી જગતના માનવીને તો દાડી દાડી દિવાળીને બદલે હોળી સળગતી હોય છે. છતાંય ઘણા ઘમંડી લોકો બોલતા હોય છે કે મેં તારા કરતા દિવાળી વધારે જોઈ છે. ત્યારે તેને કહેવાનું મન થાય કે સારું ભાઈ ! તે દિવાળી તો જોઈ હશે પણ ઉજવી કેટલી? કારણ કે, આ ઉત્સવ તો વેર-ઝેરને ભૂલી સ્નેહના સાથીયા પુરવાનો છે. વિવિધ રંગોથી રંગોળી સજાવી હૃદયના શાંત ઝરુખે સર્વોપરી ભગવાન શ્રીહરિને સમર્પણની ગાદીએ બેસાડી સદ્‌ગુણોના દીપકો પ્રગટાવી તેમની પૂજા કરવાનો ઉત્સવ છે.

ઉત્સવ પણ સાચા અર્થમાં ત્યારે જ ઉજવાયો કહેવાય કે હૃદયમાંથી કામ, ક્રોધ, લોભ, મોહ ઈત્યાદિક અંતઃશત્રુ દૂર થાય. તે વાત ઘણી વખત આનંદ-ઉત્સાહથી બનતી હોય છે. તેથી આદ્ય ઋષિ વાલ્મિકીજી રામાયણમાં લખે છે : 'सीदन्ति कर्मस्वतिदुष्करेषु ।' (વાલ્મીકિ ।માયણ : ૩/૬૩/૧૯)

ઉત્સાહ દ્વારા સંપૂર્ણ સિદ્ધ ઉત્સવ હૃદયમાંથી તમસ્ - અસત્ અને મૃત્યુ આ ત્રણ ભાવને હટાવી દે છે.

શ્રીજીમહારાજે આ ઉત્સવ ગઢપુર, વડતાલ, સરધાર, લોજ, આદરેજ, ભુજ અને કારિયાણી વગેરે ઘણા સ્થાનોમાં કરેલો છે.

દીપાવલીના ઉત્સવમાં મુખ્ય પાંચ દિવસો મનાય છે. દિવાળી આવતા પહેલા સર્વે લોકો ઘરની સાફ-સફાઈ કરી સ્વચ્છ કરે છે. પછી તેમાં રંગોળીઓ પૂરી દીપ પ્રાગટ્ય કરે છે, તેવી જ રીતે આ ઉત્સવમાં હૃદયમાંથી સર્વે દોષોને દૂર કરી નવા સદ્‌ગુણો ભરી પ્રેમના દીપ પ્રગટાવવાનું પર્વ છે. તેથી જ કહેવાયું છે : 'Life is Flower of which Love is honey.'

'જીવન રૂપી પુષ્પનું પ્રેમ એ મધ છે.' પ્રેમથી જીવન જીવીને પ્રભુને પ્યારા બનીએ એવું ઈચ્છીને સૌ સાથે મળી, આગામી આવા ભવ્ય, પવિત્ર અને નવલા દિવસોમાં ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણને પ્રાર્થના કરીએ : 'संगच्छध्वं संवदध्वं सं वो मानांसि जानताम् समाना हृदयानि वः ।' - અમે સાથે રહિએ, સાથે પ્રગતિ મેળવીએ, અમારા સૌના હૃદય સમભાવનાનો સાગર બનો. (ઉપનિષદો)

નૂતન વર્ષના પ્રારંભમાં આપણે આર્તનાદથી પ્રાર્થના કરીએ : "હે મહારાજ ! 'अन्यथा शरणं नास्ति त्वमेव शरणं मम । तस्मात् कारुण्य भावेन रक्ष माम् परमेश्वर !।।' - અમારે બીજાનું શરણું નથી તેમજ અન્ય કોઈના શરણની ઈચ્છા પણ નથી. તમારું એકનું જ શરણ છે, હું તમારે શરણે આવ્યો છું, આપ આપની કરુણામય દૃષ્ટિથી મારું સર્વ પ્રકારે રક્ષણ કરો... રક્ષણ કરો...!!" (ઉપનિષદો)

આમ, શ્રીજીમહારાજને પ્રાર્થના કરીએ અને સાથોસાથ સદૈવ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના મૂળભૂત સિદ્ધાંતોને વળગી રહીએ, ષડઅંગી સંપ્રદાયનો જ હંમેશા સંગ રહે તેવી

અરજ કરીએ. કારણ કે :- **'ઉગ્યો દિનેશ નવ ભર્યા ભર્યા પ્રભાતે, આદેશ આજ જનમંગલકાજ આપે; હું તો સદૈવ ગગને અવિરામ ઘુમું, તીર્થો કરી પવિત્ર સંગ પદાબ્જ ચુમું.'**

આ દીપોત્સવ તથા નૂતન વર્ષ તે આપણા જીવનનું યાદગાર વર્ષ બને, આ મનુષ્ય દેહે કરી આત્યંતિક કલ્યાણ માટેનું અમૂલ્ય ભાતું બની રહે તેવું આ વર્ષ વીતે; તેવી સર્વાવતારી, સર્વોપરી, સર્વકારણના કારણ, અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના શ્રીચરણોમાં પ્રાર્થના કરી ખૂબજ મજબૂત મન કરી તેના સથવારે અડગ કદમો ભરીએ. મોજથી... આનંદથી... ઉત્સાહથી.. ઉમંગથી નવા વર્ષની શરૂઆત કરીએ...!!!

**'કદમ અસ્થિર હોય તેને કદી રસ્તો નથી જડતો,**
**અડગ મનના મુસાફરને હિમાલય પણ નથી નડતો.'**

## નૂતન વર્ષ - અન્નકૂટોત્સવ

(કારતક સુદ એકમ)

કારતક સુદ પડવાનો દિવસ એ વિક્રમ સંવત્સરીના નૂતન વર્ષનો પ્રારંભ. ભગવાન શ્રી વ્યાસ કહે છે : 'यो यादृशेन भावेन तिष्ठत्यस्यां युधिष्ठिर ! । हर्षदैन्यादिरूपेण तस्य वर्षं प्रयाति वै ।।' - 'હે યુધિષ્ઠિર ! જે વ્યક્તિ નૂતન વર્ષના આનંદમાં રહે છે તેનું આખું વર્ષ આનંદમાં વીતે છે.' જે દુ:ખમાં રહે છે તેનું આખું વર્ષ દુ:ખમાં વીતે છે. તેથી આ દિવસ તો પૂરા વર્ષના આનંદ અને સુખને પામવાનો દિવસ છે.

જેમ દિવાળીને દિવસે દીપમાળા રચાય છે તેમજ આ દિવસે પણ સુંદર દીપમાળા રચાય છે. શ્રીજીમહારાજ પણ કારિયાણીમાં સં. ૧૮૭૭ના આસો વદી અમાસ અને કારતક સુદ પડવાને દિવસે વસ્તાખાચરના દરબારમાં ઉત્તરાદે દ્વાર ઓરડાની આગળ દીપમાળા પૂરી હતી અને તે દીપમાળા મધ્યે મંચ બાંધ્યો હતો ને તે મંચ ઉપર છપરપલંગ બિછાવ્યો હતો, તેવી શોભાએ યુક્ત બિરાજમાન થયા હતા. (કારિયાણી પ્રકરણ વચનામૃત : ૬-૭)

દીપમાળાની સાથે સાથે ભગવાન શ્રી સ્વામિનારાયણ સમક્ષ ભક્તો ફટાકડા પણ ફોડતા. તેનું વર્ણન શ્રીહરિલીલામૃત ગ્રંથમાં પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજે કર્યું છે:

**'દીપોત્સવી હતી તે દિને, રાતે રૂડી રચી દીપમાળ;**
**વચે વિરાજે વાલમો, પરમેશ્વર જનપ્રતિપાળ.**
**દર્શન કારણ દેવતા, રૂડું દીપકનું ધરી રૂપ;**
**શું અવનીમાં આવિયા, એવો ભાવ જણાય અનૂપ.**
**તાલ મૃદંગ બજાવિને, કરે ઉત્સવ સંતસમાજ;**
**દારુખાનાનાં રમકડાં જોતા, થઈ ક્રોડ દિવાળી આજ.**
**કોઠીયો ઝાડ બપોરિયા, એવો દારુખાનાનો ખેલ;**
**કર્યો કૃપાળની આગળે, જોઈ રીઝયા રૂદે રંગરેલ.'**

(શ્રીહરિલીલામૃત : ૭/૨૭)

જો કે શ્રીજીમહારાજને ફટાકડા બહુ ગમતા નહિ તેની નોંધ કરતા સ.ગુ. શ્રી આધારાનંદ સ્વામી પોતાના ગ્રંથમાં કહે છે : "...આ હરિભક્તોના છોકરા બાળબુદ્ધિ હોવાથી બપોરિયાં ને ફટાકડા ફોડતા. શ્રીહરિ તેમનો ખેલ જોઈને હસતા. ભક્તોને કહે : આવી રમત સારી નહીં. હાથ-પગ-મોઢું બળી જાય તેવી આ રમત છે." (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૨/૪૫)

નૂતન વર્ષના દિવસે શ્રીજીમહારાજ અન્નકૂટની પણ ઉજવણી કરતા. જાતે કંકોત્રી લખાવી અનેરો ઉત્સાહ દાખવતા. ભગવાન શ્રીકૃષ્ણે આ દિવસે ઈન્દ્રના બદલે ગોવર્ધન આગળ અન્નકૂટનો મોટો ઉત્સવ કરી આ દિવસને અન્નકૂટોત્સવ તરીકેની ખ્યાતિ અપાવી છે.

નવા અનાજની નવી નવી વાનગીઓ ધરાવીને ભગવાન સમક્ષ અન્નકૂટ ધરાવવામાં આવે છે. તેમ કરવાથી આખુંય વર્ષ ભગવાનની પ્રસાદિરૂપ પવિત્ર અન્ન જમવાની ભાવના અને બધું ભગવાનનું જ છે, તેમનું આપેલું આપણે જમીએ છીએ તો તેમને અર્પણ કરી પછી આપણે જમવું તેવી ભાવના વ્યક્ત કરતા આ ઉત્સવ ઉજવવામાં આવે છે. અન્નકૂટ ભગવાન સમક્ષ અર્પણ કરી ઉત્સવના પદો તથા થાળ-આરતી વગેરે ઉત્સાહથી ગવાય છે. સાંજ સુધી આ દર્શન રાખવામાં આવે છે. પછી તે જ પ્રસાદ સર્વે ભક્તોને વહેંચવામાં આવે છે.

શ્રીજીમહારાજ સમકાલીન ઘણા ઘણા અન્નકૂટના ઉત્સવો થતા. તેમાં સં. ૧૮૭૧ના વર્ષનો ગઢપુરનો અન્નકૂટોત્સવ ખૂબજ પ્રસિદ્ધ છે. આ ઉત્સવમાં સર્વે સ્ત્રીભક્તોની પવિત્રતાની સાથે ધર્મ સહિતની ભગવાન શ્રીહરિ પ્રત્યેની નિષ્કામ ભક્તિ જોઈ ખુદ ભક્તિમાતાએ સૌ સ્ત્રીભક્તોને દર્શન આપ્યા હતા. તે વખતે સ્ત્રીભક્તોએ પોતાને ત્યાં ભક્તિમાતાને રોકાવાનો અતિ આગ્રહ કર્યો. ત્યારે ભક્તિમાતા કહે : "હું પતિવ્રતા સ્ત્રી છું. તમે મારા પતિ ધર્મને રાખશો તો હું હંમેશા રહીશ જ. અને અમે બંને જ્યાં હશું ત્યાં અમારા પુત્ર ઘનશ્યામ પણ હોય જ." આમ, ભક્તિમાતાએ સ્ત્રીભક્તોને ઉપદેશસભર આશીર્વાદ આપ્યો હતો.

અધર્મ અંધારું ટાળવા 'પ્રેમે પ્રગટેલા સૂરજ સહજાનંદ'નો પ્રકાશ આપણે કેટલો ઝીલ્યો તે અંતર્દષ્ટિ કરવાનો દિવસ એટલે જ બેસતું વર્ષ. તેથી જ સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીએ

ગાયું છે : **'એજ દિવાળી રે દેહ મનુષ્યનો રે, આવ્યો અતિ દુર્લભકાળ જેહ; તે જ તુજને મળ્યો જેને ઈચ્છે છે દેવતા રે, તેમાં લવ નથી સંદેહ; ભૂમાનંદ કહે છે રે અવસર આવિયો રે, તેમાં તારું લેને સુધારી કાજ...'**

આ કીર્તનના શબ્દાનુસાર શ્રીજીમહારાજે કારિયાણીમાં બેસતા વર્ષના પવિત્ર દિવસે વાત કરી : "...દેહના સંબંધી સર્વમાંથી પ્રીતિ તોડીને ભગવાનને વિષે દૃઢ પ્રીતિ કરે ને સાધુનો સમાગમ રાખે તો ગૃહસ્થને પણ ત્યાગીની પેઠે અખંડ ભગવાનમાં વૃત્તિ રહે." (કારિયાણી પ્રકરણ વચનામૃત : ૭)

નવા વર્ષના મંગલ પ્રભાતે આપણા જીવનનો નવો હિસાબ શરૂ કરીએ. ભગવાન શ્રીહરિ ગઢડા પ્રથમ પ્રકરણના ૩૮, ૬૦ અને સારંગપુર પ્રકરણના ૧૮મા વચનામૃતોમાં કહ્યા પ્રમાણે હું મારા મોક્ષના માર્ગે કેટલો આગળ વધ્યો. આ સત્સંગમાં પ્રતિદિન ખોટ કરું છું કે નફો કરું છું તેનો હિસાબ માંડીએ. જેથી કરી વીતેલા ખોટના દિવસો ફરી ન આવે એવી નૂતન વર્ષના મંગલ પ્રભાતેથી શરૂઆત કરીએ. કારણ કે **'First Impression is the Last Impression.'**

વર્ષના પ્રથમ દિવસે જ એવી અસર આપણા જીવન પર પડે કે તેનું સ્મરણ ચિરગામી બની રહે. ખરેખર નવાં વર્ષની જીવનમાં કંઈ નવીનતા ન પ્રગટે તો 'જૂનું વર્ષ' એ નિરર્થક શબ્દો બને. તેથી જ તો 'જાગ્યા ત્યારથી સવાર - ભૂલ્યા ત્યાંથી ફરી ગણવું.' આ નવા વર્ષના સૂત્રો હોવા જોઈએ. તે સાથે જ જો નવા વર્ષનો પ્રારંભ થાય તો સામાન્ય માનવ પણ મહાનતાના ઉત્તુંગ શિખરોને આંબી શકે. આપણા સંકલ્પોમાં પ્રાણ પૂરવાની જવાબદારી આપણી જ છે. તેથી જ ગવાયું છે : **'નવો દીસે, આવેશ જીવનમાં, નવું જગત આ લાગે છે; ખરો ભક્ત તો નવા વર્ષમાં, નવું જીવન એ માગે છે.'**

ભક્ત પણ તેને જ કહેવાય કે જે કંઈક જીવનમાં જૂના સ્વભાવોને છોડી પોતાના ઈષ્ટદેવને ગમે તેવું જીવે. તેથી કહેવાયું છે : **'An Honest man is the noblest work of God.'**

'પ્રામાણિક માનવી એ ભગવાનની ઉત્તમ કૃતિ છે.' જો આપણે ખરા અર્થમાં માનવી બનીશું તો હવે પછી 'મા' નવી નહિ કરવી પડે, એટલે કે આ છેલ્લો જન્મ થઈ જશે. તેવી શુભ કામના સાથે નૂતન વર્ષના પ્રારંભથી જ ધર્મમય જીવન જીવવાની શરૂઆત કરવી જોઈએ.

'धर्मो रक्षति रक्षितः ।' જે ધર્મની રક્ષા કરે છે તેની રક્ષા ધર્મ કરે છે. એ ન્યાયે આપણે સર્વે આ નૂતન વર્ષથી શ્રીજીમહારાજની સર્વે આજ્ઞાને પાળવાની ટેક લઈશું તો મહારાજ જરૂર આપણી રક્ષા કરશે જ.

ભગવાન શ્રીહરિએ આ ઉત્સવ વનવિચરણમાં સિદ્ધવલ્લભ રાજાના સીરપુર રાજ્યમાં કર્યો હતો. ત્યારબાદ લોજમાં મુક્તાનંદ સ્વામી આદિક સંતોની સાથે કરેલો. પીપલાણામાં તથા જેતપુરમાં ગુરુવર્ય રામાનંદ સ્વામીની સાથે આ ઉત્સવ ઉજવેલ. ત્યારબાદ શ્રીજીમહારાજે સત્સંગની ધર્મધુરા સંભાળ્યા પછી ગઢપુર, ભાડેર, સરધાર, કારિયાણી, અમદાવાદ, વડતાલ વગેરે ધામોમાં અતિ ધામધૂમથી ઉજવ્યા હતા.

## **ભાઈબીજ** (કારતક સુદ બીજ)

ભાઈબીજનું બીજું નામ **'યમદ્વિતીયા'** છે. જૂના વર્ષના રાગદ્વેષોને ભૂલી નવા વર્ષમાં પ્રવેશની સાથે જ ભાઈ-બહેનના નિર્વ્યાજ પ્રેમની અભિવ્યક્તિ થાય છે. આ દિવસે યમુનાજીએ પોતાને ઘેર સ્વબંધુ યમરાજને નિમંત્રણ આપી પૂજા કરી પ્રથમ જમાડેલા ત્યારે પ્રસન્ન થયેલા યમરાજે બહેનને વરદાન માગવા કહ્યું. ત્યારે યમુનાજીએ માગ્યું : "હે ભાઈ ! તમારે દર વર્ષે આ દિવસે મારે ઘેર જમવા આવવું તેમજ આ દિવસે જે ભ્રાતા-પુરુષ પોતાની બહેનને ત્યાં ભોજન કરે તેને તમારે યથેષ્ટ સુખ આપવું."

'या तु भोजयते नारी भ्रातरं युग्मके तिथौ । अर्चयेच्चापि तांबुलै र्न सा वैधव्यमाप्नुयात् ।।' - જે નારી ભાઈબીજના દિવસે ભાઈને જમાડે - તાંબુલાદિક આપી પ્રસન્ન કરે તે વિધવા થતી નથી.

ભાઈ-બહેનના પ્રેમનું પ્રતિક એટલે ભાઈબીજનો દિવસ. જો આ દિવસે ભાઈ બહેનને કોઈ કારણોસર ન મળી શકે તો ભાવભીની બહેન તે બીજના ચંદ્રને પોતાનો ભાઈ ગણી પૂજા કરે છે. તેથી બહેન ચંદ્રને ભાઈ ગણે છે અને તેના બાળકો ચંદ્રને 'ચાંદામામા' કહી પ્રેમથી હાંક મારે છે.

આ બીજના ચંદ્ર દર્શન પછી જ ઈસ્લામ લોકો રોજાના પારણા કરે છે, વેપારીઓ ચંદ્ર દર્શન પરથી બજારની તેજી-મંદીનું અનુમાન કરે છે. આમ, બીજના ચંદ્રનું આર્ય સંસ્કૃતિમાં ઘણું જ મહત્ત્વ છે. તેથી જ કદાચ પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના ડાબા ચરણના તળે ચિહ્નરૂપે નિવાસ આપ્યો છે. અને મહાદેવ શિવજીએ પોતાના મસ્તક ઉપર બીજના ચંદ્રમાને ઘરેણા રૂપે ધારણ કરેલ છે.

શ્રીજીમહારાજ વડતાલ પ્રકરણના ૧૨મા વચનામૃતમાં બીજના ચંદ્રનું દૃષ્ટાંત આપતા કહે છે : "ભગવાનના સ્વરૂપનો જેને સત્સમાગમે કરીને દૃઢ નિશ્ચય થાય છે તેનો જીવ બીજના ચંદ્રમાની પેઠે દિવસે દિવસે વૃદ્ધિ પામે છે."

માટે આપણે પણ આ દિવસે એવો સંકલ્પ કરીએ કે, પંચવર્તમાન યુક્ત સાચા સંતોનો સમાગમ કરીને ભગવાનનો દૃઢ નિશ્ચય કરીએ. જેથી આપણે આ સત્સંગમાં બીજના ચંદ્રની પેઠે દિવસે દિવસે વૃદ્ધિ પામીએ. આ દિવસની આપણા સંપ્રદાયમાં એક વિશેષતા એ છે કે, આ દિવસે સુરતમાં શ્રીજીમહારાજે સ્વહસ્તે અરદેશરજી કોટવાળને આપેલ પાઘના દર્શન કરાવવામાં આવે છે. આમ, આ દિવસ ઘણો જ પવિત્ર ગણવામાં આવે છે.

વિશેષમાં શ્રીજીમહારાજનું મહાન પ્રસાદિભૂત તીર્થધામ એવા સરધારને આંગણે વડતાલ પીઠાધિપતિ વિદ્યમાન પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી તેમજ પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના અધ્યક્ષપદે દર વર્ષે ધનતેરશથી દશમ સુધી, ભવભટકણમાંથી છૂટી ભગવાન શ્રીહરિને ભેટવા માટે, શ્રીજીમહારાજની આજ્ઞા-ઉપાસનામાં ખબડદાર થવા માટે ‘શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી’નું અનેરું આયોજન કરવામાં આવે છે. જેમાં હજારો ભક્તજનો લાભ લઈને પોતાના જીવનને ધન્યભાગી બનાવે છે.

**લાભપાંચમ** (કારતક સુદ પાંચમ)

કારતક સુદ પાંચમને લાભપાંચમ, લાખેણીપાંચમ, સૌભાગ્ય પાંચમ કે જ્ઞાનપાંચમ પણ કહેવામાં આવે છે. જેણે દિવાળીના દિવસે ચોપડા પૂજન ન કર્યું હોય તે આ દિવસે કરે છે. આજથી વેપારીઓ નવા વર્ષનો વેપાર-ધંધો શરૂ કરે છે. લાભ એટલે કે લક્ષ્મીના પતિ ભગવાનને જેણે હૃદયમાં ધાર્યા છે તે જ ખરેખર લાભાર્થી છે. એટલે જ કહેવાયું છે કે - ‘लाभस्तेषां जयस्तेषां कुतस्तेषां पराजयः । येषाम् इन्दीवरश्यामो हृदयस्थो जनार्दनः ।।’ - ભગવાન હૃદયમાં પધાર્યા એટલે શુભ, લાભ, જય વગેરે બધું જ આવી ગયું. લાભ સવાયા થઈ ગયા.

અઢળક ધન-સંપત્તિ મળે, સારો કુટુંબ પરિવાર મળે, સારી નોકરી મળે વગેરે મનુષ્યે ઘણા-ઘણા લૌકિક લાભો માન્યા છે. પણ સૌથી મોટો લાભ તો આ મનુષ્યદેહ મળ્યો એ જ છે. છાણી ગામના હરિજન જેવી શુદ્ર જાતિમાં જન્મ લેનાર પરંતુ ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત થયા તો કેવો લાભ ખાટી ગયા તે વિષે વિદ્વાનો પણ જે ન વિચારી શકે તેવું તેઓ પોતાના એક કીર્તનમાં કહે છે : **‘સજની આ રે ટાણું છે અમૃત લાભનું, ફેર ફેર ન મળે એવું, વીજના ઝબકારા જેવું મોતી પરોવી લેવું, સત્સંગ કીજીએ...’**

સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ ભગવાન શ્રીહરિની પ્રાપ્તિના કેફમાં ગાયું છે કે - **‘ભાગ્ય જાગ્યા રે આજ જાણવા, થયાં કોટિ કલ્યાણ...’** આ પદના શબ્દે શબ્દે સૌભાગ્યના કેફના ઘૂંટડા અનુભવાય છે. આ પદમાં છેલ્લે કહે છે - **‘ધન્ય ધન્ય અવસર આજનો, જેમાં મળિયા મહારાજ; નિષ્કુળાનંદ ડંકો જીતનો, વાગી ગયો છે આજ...’**

ઘરે ખાટી છાશ ને સૂકો રોટલો હોય કે ખાવા પૂરતું ધાન ન મળે, પહેરવા પૂરતું વસ્ત્ર ન મળે, રહેવા યોગ્ય સ્થાન ન મળે તેવા સંજોગોમાં પણ આ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયી બુલંદ અવાજે ગર્જના કરતા જ રહે છે : **‘અણચિંતવી આનંદ એ’લિ રે, થઈ અમૃતરસ ચાલ્યો રેલિ રે; તેમાં પડ્યા સાકરના કરા રે, વરસ્યા મોતિડાંના મેઘ ખરા રે.’** (પુરુષોત્તમ પ્રકાશ : પ્ર. ૫૦)

ભગવાનની પ્રાપ્તિના બળે સૌની કલ્યાણની કંગાલિયત તો ટળી ગઈ હતી, પરંતુ વ્યવહારિક કંગાલિયત પણ દૂર હડસેલાય ગઈ હતી. સૌ બસ... શ્રીજી અમલમાં રાતામાતા થઈને ગાતા રહે છે : **‘રાંકપણું તો રહ્યું નહિ, કોઈ મ કે’શો કંગાલ; નિરધનિયાં તો અમે નથી, મહા મળ્યો છે માલ.’** (નિષ્કુળાનંદ કાવ્ય : સારસિદ્ધિ - ક. ૪૮)

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની જે વિશેષતાઓ સૌ શ્રીજીસમકાલીન જોઈ શકતા. તે સઘળી વિશેષતાઓ આજે પણ આ સંપ્રદાયના વડતાલ પીઠાધિપતિ પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને તેમને વ્હાલા સંતો-ભક્તોના દિવ્ય સાંનિધ્યમાં, સત્સંગમાં સૌ કોઈ અનુભવી રહ્યા છે. આપણે પણ ભાગ્યવાન છીએ કે આપણને એ જ સત્સંગ મળ્યો છે કે, જે સત્સંગ પાંચસો પરમહંસોને મળ્યો હતો. આપણે ભાગ્યવાન છીએ કે આપણને આજે સ્વયં અક્ષરાધિપતિ ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના ગૌરવ સભર ગુરુસ્થાને સ્થાપેલા આદિઆચાર્ય પ.પૂ. ધ.ધુ. શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી તથા આદિઆચાર્ય પ.પૂ. ધ.ધુ. શ્રી રઘુવીરજી મહારાજશ્રીની દિવ્ય પરંપરામાં પ.પૂ. ધ.ધુ. આચાર્યજી મહારાજશ્રીની પ્રાપ્તિ થઈ અને એ જ દ્વારા શ્રીજીમહારાજ મળ્યા છે કે, જે મહારાજ ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી અને દાદાખાચર, પર્વતભાઈ જેવા ભક્તોને મળ્યા હતા. નંદસંતો તુલ્ય પંચવર્તમાનસહ સ્ત્રી-ધનના ત્યાગી સાચા સંતો મળ્યા છે. જેથી સવિશેષ ભાગ્યવાન છીએ આપણે; કારણ કે સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વહસ્તે રચેલા શાસ્ત્રો-મંદિરો અને પધરાવેલા દેવો મળ્યા છે. સાચે જ આપણા આજે **ભાગ્ય જાગ્યા** છે.



# દેવદિવાળી તુલસીવિવાહ

## (કારતક સુદ એકાદશી થી પૂનમ)

દેવદિવાળી એ શ્રેષ્ઠ, દુર્લભ અને કલ્યાણકારી કારતક માસનું ભારતીય સંસ્કૃતિનું અનેરું મહાપર્વ છે. પૌરાણિક કથા અનુસાર શંખાસુર નામના દૈત્યના ત્રાસથી ત્રાહિમામ્-ત્રાહિમામ્ પોકારતાં દુઃખી થયેલા દેવો અંતે ભગવાન વિષ્ણુના શરણે જાય છે અને દૈત્યના ત્રાસથી મુક્ત કરાવવા પ્રાર્થના કરે છે. દેવોને શંખાસુરના ત્રાસથી મુક્ત કરાવવા ભગવાન વિષ્ણુ શંખાસુરની સામે યુદ્ધે ચડ્યા. બંને વચ્ચે ઘમસાણ યુદ્ધ થયું. શંખાસુર મહાશક્તિશાળી હતો. શંખાસુર સાથે ભગવાનનું યુદ્ધ પાંચ હજાર વર્ષ સુધી ચાલ્યું અને અંતતઃ શંખાસુર માર્યો ગયો. આ દીર્ઘ યુદ્ધના કારણે ભગવાનને અતિશય થાક લાગ્યો હોવાથી ભગવાન વિષ્ણુ શયની એકાદશીએ શેષશૈયામાં પોઢી ગયા. ચાર-ચાર માસ થઈ ગયા તોપણ ભગવાન જાગ્યા નહીં હોવાથી દેવોએ ભગવાનને જગાડવા માટે પ્રાર્થના કરી.

પ્રાર્થના સૂરો ભગવાનને સંભળાયા અને ભગવાન વિષ્ણુ ક્ષીરસાગરમાં શેષશૈયા પરથી જાગૃત થયા. તુલસીવિવાહ ઉત્સવ થયો, અનેરો આનંદ છવાયો. આ પ્રસંગ ‘દેવદિવાળી’ તરીકે ઊજવવાની શરુઆત થઈ.

દેવોની દિવાળી એ વર્ષનું મંગળાચરણ છે. દેવોને પ્રાર્થના કરી વર્ષની શુભ શરૂઆત કરવાથી સર્વ કાર્યોમાં માંગલ્ય આવે છે અને વર્ષના બધા જ પર્વો મંગલ બને છે. આ દિવસથી શુભ કાર્યો શરૂ થાય છે.

બીજી કથા અનુસાર ચાર માસ પછી પ્રભુ સુતલમાં રહેલા બલિ પાસેથી આ દિવસે દેવો પાસે આવ્યા. દેવો આનંદમાં આવી ગયા અને ઉત્સવ કર્યો. એ ઉત્સવને ‘દેવદિવાળી’ કહે છે. આ તો દેવોના આનંદની વાત થઈ પણ આપણા માટે એમ કહી શકાય કે, આપણામાંથી અસુરભાવ ટળે અને હૃદયમંદિરમાં દૈવીભાવ પ્રગટે - દેવાધિદેવ પ્રગટે તે આપણી દેવદિવાળી. અસુરો રૂપી દોષો ટળે એ દિવાળી અને પરબ્રહ્મ પરમાત્મા શ્રીહરિ મળે એ દેવદિવાળી.

શ્રીમદ્ ભાગવતના સપ્તમ સ્કંધના દશમા અધ્યાયમાં **ત્રિપુરારિ**ની કથા આવે છે. ત્રિપુર નામનો મોટો દૈત્ય લાખ વર્ષના તપના તપોબળ તેમજ દેવ-દૈત્ય, રાક્ષસ, મનુષ્ય-સ્ત્રી કે રોગથી મરણ થાય નહીં તેવા બ્રહ્માજીના વરદાનના કારણે ત્રણેય લોકને તેના તપોબળથી બાળવા લાગ્યો. તેણે દેવ, નાગ અને યક્ષોને કેદ કરી લીધા. દેવોના અધિકાર છીનવી લઈ સૂર્યને પણ દરવાન બનવાની આજ્ઞા કરી. તેણે વિશ્વકર્મા દ્વારા સુવર્ણ, રજત અને લોહના ત્રણ ઊડતાં નગરો બનાવી લીધા. આ ઊડતાં પુરો લઈને અસુરો ગમે ત્યાં ઊતરે. જ્યાં આ પુરો ઊતરે તે નગર અને તેની સંસ્કૃતિનો નાશ થઈ જતો. ત્યારે દેવો ભગવાનના શરણે ગયા. દેવોની અરજથી ભગવાન સ્વયં બાણ થયા, અગ્નિ શલ્ય (બાણનો અગ્રભાગ) થયા, વાયુ બાણના છેડા રૂપ થયા, મૈનાક પર્વત ધનુષ થયો, પૃથ્વી રથ થઈ, ચાર વેદ ઉત્તમ ઘોડા થયા, બ્રહ્મા સારથિ થયા, સૂર્ય ધ્વજ બન્યા, ચંદ્ર છત્રરૂપ અને ગણેશ વગેરે બીજા દેવો પદાતિ થયા. ત્રણ-ત્રણ દિવસ સુધી દેવો અને ત્રિપુર દૈત્ય વચ્ચે ઘમસાણ મહાયુદ્ધ થયું અને અંતે કાર્તિક પૂર્ણિમાના દિવસે મહાદેવજીએ તેને એકજ બાણથી વીંધી

નાખ્યો. બધા દેવો પ્રસન્ન થયા. આની ખુશાલીમાં જે વિજયોત્સવ-આનંદોત્સવ તે કાર્તિક પૂર્ણિમાના દીપોનો મહોત્સવ - **'દેવદિવાળી.'** આ સર્વ કારણોના કારણે જ્યારે સ્વયં ભગવાન શ્રીહરિ જાગૃત થાય છે ત્યારે દેવદિવાળીમાં મંદિરોમાં દીપોત્સવ દ્વારા આનંદની લહેર લહેરાય છે, શણગાર (રોશની) કરવામાં આવે છે.

મત્સ્યપુરાણ અનુસાર આજના દિનના સાયંકાળે ભગવાનનો **મત્સ્યાવતાર** થયો હતો. તેથી આ દિવસે કરવામાં આવેલ દાન-જપ આદિનું દશ યજ્ઞો સમાન ફળ મળે છે. તે કારણથી ભાવિકો આજે ભાવપૂર્વક દાન-જપ કરે છે. ભારતના ઉત્તર-પૂર્વી આંચલ એટલે કે પર્વતીય ક્ષેત્ર અરુણાચલ પ્રદેશમાં પણ આજના દિવસે શ્રી નિમ્બાર્કાચાર્યની જયંતી હોવાથી ત્યાં પણ આજનું પર્વ ભારે ધામધૂમથી મનાવવામાં આવે છે. શિવજીના પુત્ર અને ગણેશજીના બંધુ એવા દક્ષિણ ભારતમાં 'સુબ્રહ્મણ્યમ્' તરીકે જાણીતા કાર્તિક સ્વામીનો જન્મદિવસ પણ આજના દિવસે ભારે ઉત્સાહ, ઉમંગથી ઊજવાય છે. શીખ ધર્માવલંબી, શીખ ધર્મના આદિ પ્રવર્તક મહાનગુરુ સંત શ્રી નાનકજીનો જન્મ પણ કાર્તિકી પૂર્ણિમાના દિવસે થયો હોવાથી આ પર્વ શીખો પણ ધામધૂમથી ઊજવે છે.

સંવત ૧૭૯૬માં આ દિવસે એટલે કે આ પર્વના પ્રારંભમાં ઉત્તર પ્રદેશમાં ઈટાર ગામમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના પિતાશ્રી ધર્મદેવનો જન્મ થયો હતો. અને આ પર્વની સમાપ્તિમાં એટલે કે સં. ૧૭૯૮ કારતક સુદ પૂર્ણિમાએ માતા ભક્તિદેવીનો જન્મ થયો હતો. જો પ્રથમ ધર્મ રાખીએ, તો જ ભક્તિ પ્રગટે. જ્યાં આવી ધર્મ સહિત ભક્તિ હોય, ત્યાં જ બાળપ્રભુ શ્રી ઘનશ્યામ મહારાજનું પ્રાગટ્ય થાય છે.

સં. ૧૮૭૦માં ગઢપુરમાં ભગવાન શ્રીહરિએ શ્રી વાસુદેવનારાયણ સમક્ષ અન્નકૂટોત્સવ કર્યો હતો ત્યારે ભક્તિમાતાએ શ્રીભક્તોને દર્શન દઈને ધર્મે સહિત ભક્તિ કરવાનો ઉપદેશ આપ્યો હતો. જેની નોંધ લેતા 'શ્રીમદ્ સત્સંગિજીવન' ગ્રંથમાં સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી શ્રાદ્ધના પ્રકારો બતાવતાં લખે છે : 'यत्र धर्मो वसेत्तत्र वासो भवति मे ध्रुवम् । यतश्चापसरेद्धर्मस्ततो गच्छामि तत्क्षणम्॥ पतिव्रताया मम वै प्रतिज्ञैषास्ति योषितः । नाहं जहामि तं स्निग्धं स्निग्धां मां न जहाति सः ॥ वशीकृतोऽस्ति स तु वै भवतीभिर्यतात्मभिः । यमैश्च नियमैस्तस्मादहमस्मि वशीकृता ॥ अतः सहैव पत्याहं वासं युष्मास्वभीप्सता । भवतीनामपि हृदि स्थास्याम्यत्र न संशयः ॥' - જેઓમાં મારા પતિ ધર્મ નિવાસ કરે તેમાં મારો નિવાસ નિશ્ચે થાય છે. ધર્મ જેનાથી દૂર જાય તેનાથી હું પણ તત્કાળ જ દૂર જાઉં છું. પતિવ્રતા એવી મારી આ (પૂર્વોક્ત પ્રમાણે) પ્રતિજ્ઞા છે કે જેથી હું મારા સ્નેહના આધાર સ્વરૂપ મારા પતિને ક્યારેય ત્યાગ કરતી નથી. નિયમમાં મનવાળી તમોએ અહિંસા, સત્યાદિ યમો અને શૌચ-તપાદિ નિયમો વડે તે ધર્મને તો વશ કરેલા છે માટે હું પણ વશ થયેલી છું. માટે તમારામાં વાસ ઈચ્છતા મારા પતિ ધર્મની સાથે જ હું પણ તમારા હૃદયમાં રહીશ, તેમાં સંશય નથી.

(શ્રી સત્સંગિજીવન : ૩/૪૫/૫૮-૬૧)

સંવત ૧૮૫૭ની સાલમાં આ જ દિવસે પીપલાણામાં નરસિંહ મહેતાના ઘરે સદ્‌ગુરુવર્ય શ્રી રામાનંદ સ્વામીએ મહાપ્રભુ શ્રી નીલકંઠવર્ણીને મહાદીક્ષા આપીને **'સહજાનંદ સ્વામી'** અને **'નારાયણમુનિ'** એવા બે મહામંગળકારી નામ પાડ્યા હતા.

'सहजानन्द इत्याह प्रथमं नाम तस्य सः ।

ततो नारायणमुनिरिति चक्रेऽभिधां स्वयम् ॥'

રામાનંદસ્વામીએ શ્રીનીલકંઠ બ્રહ્મચારીનું સાર્થક **નામકરણ** કર્યું. ગુરુવર્ય રામાનંદસ્વામીએ શ્રીનીલકંઠનું **'સહજાનંદ'** એવું પહેલું નામ રાખ્યું. અને ત્યારબાદ તપ, સ્વભાવ અને શરીરની આકૃતિથી નારાયણ ઋષિને સમાન હોવાથી તેમનું **'નારાયણમુનિ'** એવું બીજું નામ હર્ષપૂર્વક રાખ્યું. (શ્રી સત્સંગિજીવન : ૧/૫૮/૩૭)

'શ્રી પુરુષોત્તમ પ્રકાશ' ગ્રંથમાં સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી આ 'સહજાનંદ' નામનો મહિમા ગાતાં કહે છે :

**સકાર કે'તાં સર્વે દુઃખ વામે રે । હકાર કે'તાં હરિધામ પામે રે ॥**
**જકાર કે'તાં જય જય જાણો રે । નકાર કે'તાં નિર્ભય પ્રમાણો રે ॥**
**દકાર કે'તાં દદામા દઈને રે । પામે ધામ સહજાનંદ કહીને રે ॥**

(પુરુષોત્તમ પ્રકાશ : ૨૩)

સંવત ૧૮૫૮ના આ જ દિવસે જેતપુરમાં સદ્‌ગુરુ શ્રી રામાનંદ સ્વામીએ સહજાનંદ સ્વામીને સંપ્રદાયની ધર્મધુરા સોંપી હતી. આજ દિવસે રામાનંદ સ્વામીએ સૌ સંતો-ભક્તોને કહ્યું : "મેં તમોને અગાઉથી કહી રાખ્યું હતું કે :- **'હું તો લાવ્યો ગણેશનો વેષ, ખેલ કરનાર છે જે વિશેષ; તે તો પાછળ છે આવનાર, એ જ જાણો આ ધર્મકુમાર.'** (શ્રીહરિલીલામૃત : ૪/૨૦/૨) 'હું તો ડુગડુગીનો વગાડનારો છું, ખેલના ભજવનારા તો હજુ આવશે.' મેં તો ડુગડુગી વગાડી તમને સૌને ભેગા કર્યા. હવે આ વર્ણી નારાયણમુનિ તમને સૌને એકાંતિક ધર્મ સિદ્ધ કરાવશે. હું જેમની રાહ જોઈને બેઠો હતો, જેમની આજ્ઞાથી ગુરુપદની ગાદી ઉપર બેઠો હતો તે સ્વયં પુરુષોત્તમ નારાયણ અક્ષરધામના અધિપતિ પોતે અત્રે પધાર્યા, ત્યારે તેમનું કાર્ય તેઓને સુપરત કરવા મેં નિર્ણય કરી લીધો છે. તેઓ પૃથ્વી ઉપર ભાગવત ધર્મનું પ્રસ્થાપન કરવા અને અનંત જીવોને બ્રહ્મરૂપ કરી અક્ષરધામ પમાડવા વર્ણીરૂપે સહજાનંદ

સ્વામી રૂપે આપણી સમક્ષ અક્ષરધામના અધિપતિ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ વિરાજમાન છે. તેમના સ્વરૂપની દૃઢ નિષ્ઠા કરશો તો તમારું સૌનું કલ્યાણ થશે.''

આટલું કહીને રામાનંદ સ્વામી સિંહાસન પાસે આવ્યા. સહજાનંદ સ્વામીના કપાળમાં ચાંદલો કર્યો. જરિયાની વસ્ત્રો તથા અલંકારો પહેરાવ્યાં. ફૂલના હાર પહેરાવ્યા અને પોતે જ તેમની આરતી ઉતારી.

પછી તેમણે સહજાનંદ સ્વામીને કહ્યું : ''હે મહામુનિ ! તમે તમારા ત્યાગ અને વૈરાગ્યનો સ્વભાવ ગૌણ કરીને મારી આજ્ઞાનું પાલન કરવાથી તમારા પર હું પ્રસન્ન થયો છું. તેથી તમો મારી પાસેથી પોતાના ઈચ્છિત કેટલાક વરદાન માગો. આ બ્રહ્માંડમાં મારે તમોને નહિ આપવા યોગ્ય કંઈ પણ નથી. માટે તમોએ નિશ્ચય કરેલું પોતાનું જે અભીષ્ટ ઈચ્છિત હોય તે કહો.''

આ રીતે રામાનંદ સ્વામીએ **વરદાન** માગવાનું કહ્યું ત્યારે સર્વ જીવપ્રાણીમાત્ર પર દયા કરનાર ભગવાન શ્રી નારાયણમુનિએ વરદાન માગતા કહ્યું :- 'इह च यदुस्दुःखमन्तकाले ह्यगणितवृश्चिकदंशतुल्यमाहुः । यदितरदपि तच्च वैष्णवानां भवतु ममाथ च ते तु सन्त्वदुःखाः ॥' - ''હે સ્વામિન્ ! આ લોકમાં અંત સમયે મનુષ્યોને અગણિત વીંછીઓના દંશની પીડા કરતા પણ અધિક દુઃખ થાય છે, તથા બીજી પણ શરીર સંબંધી જે જે પીડાઓ કહેવાય છે; તે વેદનાઓનું દુઃખ જો તમારા ભક્તજનોને ભોગવવાનું લખ્યું હોય તો તે મને પ્રાપ્ત થાઓ પણ તમારા ભક્તો દુઃખી ન થાય.'' (શ્રી સત્સંગિજીવન : ૧/૫૯/૮૩)

'क्वचिदपि भुवि कृष्णभक्तिभाजां निजकृतकर्मवशादवश्यभोग्यम् । इह यदुरुतथाऽन्नवस्त्रदुःखं तदपि ममास्तु न तु प्रजेश! तेषाम् ॥' ''હે ગુરુવર્ય ! તે જ રીતે આ લોકમાં ભગવદ્‌ભક્તિ કરનારા તમારા ભક્તજનોને પોતાના કઠિન કર્મસંજોગોવશાત્ ક્યારેય પણ અન્ન વસ્ત્રાદિકની પીડા અવશ્ય ભોગવવાની લલાટમાં લખી હોય તો તે પીડા મને આવે પણ તેઓ અન્નવસ્ત્રે કરીને દુઃખી ન થાય.'' (શ્રી સત્સંગિજીવન : ૧/૫૯/૮૪)

આ રીતે સહજાનંદ સ્વામીએ સ્વયં પરમાત્મા હોવા છતાં પોતાની સ્વતંત્ર ઈચ્છાથી સ્વીકારેલા નરનાટકને શોભાવવા અને પોતાના આશ્રિતવર્ગને ભગવાનની ઉપાસનાની રીતિ તથા સદ્‌ગુરુની પરિચર્યા કરવાની સેવારીતિ શિખવવા જાણે કે ભક્ત હોય તેમ ભક્તિભાવપૂર્ણ હૃદયથી ગુરુના ચરણમાં પ્રાર્થના કરી.

સહજાનંદ સ્વામીના **બે વર** સાંભળીને રામાનંદ સ્વામી સ્થિર થઈ ગયા. સભાજનો સહજાનંદ સ્વામીનો કરુણાર્દ્ર ભાવ જોઈ રહ્યા. સાચી દયા અન્યના દુઃખને પોતામાં સહી લેવામાં છે એ રહસ્ય આજે સૌને સમજાયું. રામાનંદ સ્વામીની આંખોમાંથી હર્ષાશ્રુ વહી રહ્યા હતા. જેણે પોતાનો દેહ પણ ભક્તોને અર્થે કરી રાખ્યો છે, તે જ સાચા પ્રભુ છે, સાચા ગુરુ છે. રામાનંદ સ્વામીએ કહ્યું : **''તમારા સર્વે મનોરથો સફળ થશે તેમાં જરા પણ સંશય નથી.''** જીવપ્રાણીમાત્ર ઉપર પરોપકાર કરનારા શ્રી નારાયણમુનિને આ પ્રકારે વરદાન આપી, આસન પર બિરાજતા રામાનંદ સ્વામી પોતાની સ્થિર દૃષ્ટિથી સહજાનંદ સ્વામીના મુખકમળ સામું જોઈ જ રહ્યા. સહજાનંદ સ્વામીના આ શબ્દોમાં રંતિદેવની હૈયા આરત ટપકતી હતી. તેમનો આ કરુણાર્દ્ર ભાવ જોઈ સભાજનો ગદ્‌ગદ થઈ ગયા. રામાનંદ સ્વામીની આંખોમાંથી હર્ષાશ્રુ વહી રહ્યા હતા. ગુરુ પાસેથી ધર્મધુરા ધારણ કરતી વેળાએ આશ્રિતોના દુઃખો માગી લેવાની આવી કરુણા કોઈ ઉત્તરાધિકારીએ દર્શાવી હોય એવું વિશ્વના ઈતિહાસમાં જ નહિ, પરંતુ સૃષ્ટિનું સર્જન થયું ત્યારથી લઈ આજ સુધીના ઈતિહાસમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ સિવાય બીજું કોઈ દૃષ્ટાંત જડતું નથી.

સંવત ૧૮૮૧માં દેવદિવાળીના બીજા જ દિવસે વડતાલમાં સર્વાવતારી, સર્વોપરી સાક્ષાત્ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વયં **યાવત્ ચંદ્ર દિવાકરૌ** પોતાના આશ્રિતોને ઉપાસના દર્શન માટે પોતાના સ્વરૂપની પ્રતિષ્ઠા કરી આપી હોય તેવો વિશ્વના અધ્યાત્મજગતનો એકમાત્ર ઈતિહાસ છે. અને એ છે વડતાલમાં કમલાકાર નવ શિખરોથી શોભાયમાન મંદિરના દક્ષિણખંડમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વહસ્તે મંદિર કરાવી પોતાનું જ દિવ્ય સ્વરૂપ શ્રીહરિકૃષ્ણ મહારાજ પધરાવેલ છે. સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી લખે છે : 'तदन्तिके तु मे मूर्तिरस्ति स्वीयप्रसत्तये । धर्मभक्तियुता चास्ति मन्दिरे तूत्तरे मम॥' ભગવાન શ્રીહરિ સ્વમુખે કહે છે : ''દક્ષિણ મંદિરમાં શ્રી રાધાકૃષ્ણની સમીપે મારી મૂર્તિ મારા એકાંતિક ભક્તોની પ્રસન્નતા માટે છે. તેમજ ઉત્તર મંદિરમાં પણ ધર્મ ભક્તિએ સહિત મારી મૂર્તિ પોતાના ભક્તોની પ્રસન્નતા માટે છે.'' (શ્રી સત્સંગિજીવન : ૪/૨૭/૫૬)

જે જે લોકોએ આરાધન કરેલું છે તે તે જનોને મનોવાંછિત ધર્મ, અર્થ, કામ મોક્ષ વગેરે ફળને આપતા થકા ભૂભાર ઉતારવાના નિમિત્તે પામર - પતિત મનુષ્યોને સમાશ્રય કરવા યોગ્ય અને સકળમનુષ્યને નયન ગોચર, શ્રેષ્ઠ અને પતિત, સર્વે સ્ત્રી પુરુષોને દર્શન આપતાં થકાં વૃત્તાલય ધામમાં કાયમને માટે પ્રગટ સ્વરૂપે બિરાજમાન છે. તે શ્રી સત્સંગિજીવનના પ્રથમ પ્રકરણના અધ્યાય ૬૮માં કહ્યું છે :- 'वृत्तालये स भगवान् जयतीह साक्षात् ।'

●●●●●

આજના દિવસે ઠાકોરજી આગળ નવા શિયાળુ શાકભાજીની સુશોભિત હાટડી ભરવામાં આવે છે. આપણે તો ભગવાને જ બનાવેલું બીજ ધરતીમાં નાખીએ છીએ પણ ઉગાડવાનું કામ તો પરમાત્મા કરે છે. બધું જ ભગવાનનું છે : 'तवैव वस्तु तुभ्यमेव प्रदीयते ।' - તેઓની જ વસ્તુ તેઓને જ અર્પણ કરી 'તેન ત્યક્તેન ભુંજીથાઃ' તેમણે જ આપેલું તેમને જ અર્પણ કરીને આપણી ઠાકોરજી પ્રત્યેની ભક્તિ પ્રદર્શિત કરવાનું આ પર્વ છે.

## તુલસીવિવાહ

પદ્મપુરાણ અને સ.ગુ. શ્રી પ્રેમાનંદ સ્વામીકૃત 'તુલસીવિવાહ આખ્યાન' અનુસાર કથા છે કે - દેવતાઓના રાજા ઈન્દ્રે એકવાર અજાણમાં શિવનું અપમાન કરી નાખ્યું. આથી શિવજીએ ત્રીજું નેત્ર ખોલીને રૌદ્ર રૂપ ધરી ઈન્દ્ર પર પ્રચંડ ક્રોધાગ્નિનો પ્રહાર કર્યો, ભયભીત થયેલો ઈન્દ્ર દેવગુરુ બૃહસ્પતિના શરણમાં ગયો અને રક્ષણ કરવા પ્રાર્થના કરી. શરણે આવેલા શિષ્યનું રક્ષણ કરવા બૃહસ્પતિએ શિવજીને વિનમ્રભાવે પ્રાર્થના કરી એટલે શિવજી પીગળી ગયા. તેમણે ક્રોધનું શમન કરી ઈન્દ્રને ભયમુક્ત કર્યો.

જેમ ધનુષ્યમાંથી છૂટેલું તીર પાછું વાળી શકાતું નથી તેમજ શિવજીના છૂટેલા ક્રોધાગ્નિનું પણ થયું. આથી શિવજીએ પોતાના ક્રોધાગ્નિને સમુદ્રમાં વિલીન કરી તેમાંથી ઈન્દ્રનું અભિમાન ઉતારે તેવો મહાશક્તિશાળી પુરુષ ઉત્પન્ન કર્યો. જળમાંથી ઉત્પન્ન થયેલા આ પુરુષનું નામ જાલંધર પડ્યું. જાલંધરે સ્વર્ગ પર આક્રમણ કરી ઈન્દ્રને પરાસ્ત કરી તેનું અભિમાન ઉતારી નાખ્યું. ત્યાર પછી ત્રિલોક પર પણ વિજય મેળવ્યો.

ત્રિલોક વિજયી જાલંધરનો વિવાહ કુશધ્વજ અસુરની પુત્રી વૃંદા સાથે થયો. જાલંધર પૂર્વજન્મમાં ભગવાનના યોગમાં હતો. વૃંદા પણ ભગવાનને ભજતી હતી. તે મહાસતી હતી. તેના પ્રતાપે જાલંધરની ત્રિલોકમાં હાક વાગતી હતી. તેને કોઈ જીતી શકતું નહિ. તે દેવતાઓ પર અત્યાચાર કરવા લાગ્યો. શિવજીના ક્રોધાગ્નિમાંથી ઉત્પન્ન થયેલો જાલંધર શિવનો જ વિરોધી બની ગયો અને શિવપત્ની પાર્વતીનું હરણ કરી માયાવી સૃષ્ટિ રચી તેમાં કેદ કરી દીધાં. ઈન્દ્ર સહિત દેવતાઓ જાલંધરની શક્તિ સામે ટકી ન શક્યા. પતિવ્રતા પત્ની વૃંદાના શીલકવચથી રક્ષાયેલો જાલંધર અભય અને અજેય બની અતિ અધર્મી બની ગયો.

જાલંધરનો અત્યાચાર અસીમ બની ગયો અને દેવતાઓ ભગવાનના શરણે ગયા અને જાલંધરનો નાશ કરી સૃષ્ટિને ભયમુક્ત કરવા પ્રાર્થના કરી. ભગવાન જાણતા હતા કે જાલંધર વૃંદાની શીલશક્તિથી રક્ષાયેલો છે. તેનો નાશ ત્યારે જ થાય જ્યારે વૃંદાનું સતીત્વ તૂટે. જો જાલંધર નહીં હણાય તો સૃષ્ટિની કેટલીય શીલવંત સ્ત્રીઓનું ચારિત્ર્ય જોખમાશે. તેથી ભગવાન વિષ્ણુએ સૃષ્ટિના કલ્યાણ માટે પોતાની જ ભક્ત એવી સતી વૃંદાનું શીલ છળકપટથી તોડ્યું.

વૃંદાને અપશુકનિયાળ સ્વપ્ન આવ્યું. તેથી તે સવારે મૂંઝાઈને બગીચામાં રડતી હતી. વિષ્ણુ ભગવાન ત્યાં મુનિરૂપે આવ્યા. વૃંદાએ તેમને સ્વપ્નની વાત કહી અને પૂછ્યું : ''મારા પતિનું શું થયું હશે ?'' ત્યાં તો બે વાનર જાલંધરનું માથું અને ધડ લઈને આવ્યા. આ જોઈ વૃંદા કલ્પાંત કરવા લાગી. અને મુનિને તેને સજીવન કરવા વિનંતી કરી. મુનિએ જળ છાંટી જાલંધરના દેહમાં પોતે પ્રવેશ કર્યો. વૃંદા રાજી થઈ અને અંતે તેના સતીત્વનો જાલંધરરૂપ ધારી ભગવાને ભંગ કર્યો, આ તરફ ખરા જાલંધરનો શિવજીએ યુદ્ધમાં નાશ કર્યો. આમ, વૃંદા સાથે પ્રભુના દિવસો પસાર થતા હતા. એક દિવસ અચાનક ભગવાનનું ચતુર્ભુજ સ્વરૂપ તેણે જોયું અને બધી વાત પ્રગટ થઈ ગઈ. વૃંદાએ ગુસ્સે થઈ ભગવાનને શાપ આપ્યો કે, 'પથ્થર થઈ જાવ.' ભગવાને શાપ હસતાં મોંએ સ્વીકારી લીધો. અને વૃંદાએ કહેલું કે તમારી સ્ત્રીનું પણ રાક્ષસ દ્વારા અપહરણ થશે, તે શાપ રામાવતારમાં ભગવાને સ્વીકાર્યો. ભગવાન શાલિગ્રામ થયા ને વૃંદા અગ્નિપ્રવેશ પછી ચિતામાંથી તુલસીના છોડરૂપે જન્મી.

વૃંદા પૂર્વે તો ભગવાનની ભક્ત હતી તે તેની સ્મૃતિ થઈ આવી. તેને પસ્તાવો થયો. તેણે ભગવાનને કહ્યું : ''હે પ્રભુ ! છોડના દેહમાં તમારો યોગ કેમ થશે ?'' ભગવાને કહ્યું : ''તુલસીપત્રથી ભક્તો મારું પૂજન કરશે. થાળમાં, દાનમાં, પૂજનમાં, તુલસીપત્ર હશે તો તે બહુ ફળદાયી થશે. જગતમાં તારો મહિમા મારી સાથે ગવાશે અને મારી સાથે અહીં અને ધામમાં પણ લક્ષ્મી અને રાધા જેવો અખંડ સંબંધ રહેશે.''

દાન આપતી વખતે દાન દેવાની વસ્તુ ઉપર **તુલસીપત્ર** મૂકી યજમાન પાસે વિપ્રો સંકલ્પ કરાવે છે કે, 'ઈદં ન મમ !' - આ મારું નથી. તેમ આ દેહ, ઈન્દ્રિય, મન, આત્મા કશું આપણું નથી. આ બધું જ ભગવાનનું છે. જેમ તુલસીજી ભગવાનને સમર્પિત થઈ ગયાં, તેમ આપણે પણ આત્માએ સહિત આપણા શરીર ઉપર તુલસીપત્ર મૂકી 'ઈદં ન મમ !' બોલી ભગવાન શ્રીહરિને સમર્પિત થઈ જવાનું છે. તુલસીપત્ર તો શરીર

પરથી ઊડી જાય એટલે વૈષ્ણવો તુલસીના કાષ્ઠની કંઠી બનાવરાવીને તે કંઠમાં ગુરુ દ્વારા ધારણ કરે છે, જેથી હંમેશા જાણપણું રહે કે, 'હું ભગવાનનો છું.'

ભીમકરાય અને વસુદેવે કુરુક્ષેત્રમાં વૃંદારૂપે રુક્મિણી અને શાલિગ્રામ સ્વરૂપ ભગવાન શ્રીકૃષ્ણના લગ્ન કરાવ્યા. ભગવાનનો વિવાહ આ દિવસે થયો હોવાથી ભક્તો ખુશાલીમાં દીપ પ્રગટાવે છે. આ દીવડાઓને કારણે આ દિવસ **'દેવદિવાળી'** પણ ગણાય છે. સ.ગુ. શ્રી પ્રેમાનંદ સ્વામીએ તુલસીવિવાહની ૬૬ પદોની ધોળ રાગની સુંદર **પદમાળા** રચી છે તેમાં તુલસીવિવાહનું મૂળ શરૂઆતના પદોમાં દર્શાવ્યો છે તેનો **ભાવાર્થ** જોઈએ :

એકવખત સૂર્યગ્રહણ સમયે કુરુક્ષેત્રમાં તીર્થસ્નાન કરવા સહકુટુંબ આવેલા શ્રીકૃષ્ણ ભગવાનના પિતા વસુદેવ અને અનેક રાજાઓ સાથે આવેલ રુક્મિણીના પિતા ભીમકરાયનો અચાનક ભેટો થાય છે. વેવાઈઓનું, પિતા-પુત્રીનું, સસરા-જમાઈનું અને દૌહિત્રો અને કુટુંબીજનોનું અરસપરસ રોમાંચક મિલન થયું અને રુક્મિણીહરણ વખતથી ભીમકરાયના મનમાં પડેલી આંટી નીકળી ગઈ. બધાને આનંદ-આનંદ થઈ ગયો પણ ભીમકરાયના મનમાં એક વસવસો રહી ગયેલો કે, 'સગપણનું જે સુખડું રે, લેવાયું ન કાંઈ...' (પદ-૧૫) પુત્રીવિવાહનો-કન્યાદાનનો લહાવો લેવાનો રહી ગયેલો, પણ હવે મોટી ઉંમરના કૃષ્ણ-રુક્મિણીના લગ્ન સમાજમાં કેમ શોભે ? ભીમકરાયને એક વિચાર ઝબક્યો, તેમણે વસુદેવને એક પ્રસ્તાવ મૂક્યો : 'ભીમક કહે કુરુક્ષેત્ર રે, પુણ્ય તીરથ ભારિ; કા'તો તુલસીવિવાહ રે, આપણે કરીએ વિચારી. રુક્મિણી રૂપે તુલસી રે, કન્યા તે મારી; શાલીગ્રામ તમારો રે, પુત્ર સુખકારી.' (પદ-૧૬)

વસુદેવને આ પ્રસ્તાવ ગમી ગયો. તેથી તુલસી રૂપે રુક્મિણી અને શાલિગ્રામ રૂપે ભગવાન શ્રીકૃષ્ણના લગ્ન થયા. ત્યારથી આ તુલસીવિવાહ થયો તેવી પણ એક કથા છે.

બ્રહ્મવૈવર્તપુરાણ મુજબ એક **કથા** એવી છે કે - તુલસી નામની એક ગોપિકા ગોલોકમાં રાધાની સખી હતી. એક દિવસ રાધાએ તેને શ્રીકૃષ્ણની સાથે વિહાર કરતા જોઈને તેને શાપ આપ્યો કે, 'તું મનુષ્ય શરીર ધારણ કર.' આ શાપને ગ્રહણ કરી તે ધર્મધ્વજ રાજાની કુંવરી થઈ. તેના રૂપની તુલના કોઈની સાથે થઈ શકતી નહોતી, એટલે તેનું નામ તુલસી પાડ્યું.

તુલસીએ બદરીવનમાં જઈ ઘોર તપ કર્યું અને બ્રહ્મા પાસેથી એવું **વરદાન** માગ્યું કે, 'હું શ્રીકૃષ્ણને પતિરૂપે મેળવવા ચાહું છું.' પ્રથમ તો બ્રહ્માએ રાધાના શાપ અનુસાર તેને દંભાસુરના પુત્ર શંખચૂડ નામના રાક્ષસ સાથે પરણાવી. તે પણ પૂર્વ જન્મે સુદામા નામે ગોપ હતો પણ શાપને કારણે અસુર થયો હતો. શંખચૂડને વરદાન હતું કે તેની સ્ત્રીનું સતીત્વ ભંગ થયા વિના તેનું મૃત્યુ થાય નહીં. જ્યારે શંખચૂડે બધા દેવોને પરાસ્ત કર્યા, ત્યારે બધા જ ભગવાન વિષ્ણુ પાસે ગયા. તેથી ભગવાને શંખચૂડનું રૂપ ધારણ કરી તુલસીનું સતીત્વ નષ્ટ કર્યું. આથી તુલસીએ ભગવાન વિષ્ણુને શાપ આપ્યો કે, 'હે પ્રભુ ! તમારું હૃદય દયાહીન છે, પાષાણ જેવું છે. કેમ કે, તમે કપટથી મારું સતીત્વ નષ્ટ કર્યું છે. તો હવે તમે હંમેશા પૃથ્વી પર પાષાણ રૂપમાં રહો.'

પ્રભુએ શાપ સ્વીકારી લીધો, પરંતુ તુલસીને પણ વનસ્પતિ થવાના આશિષ આપતા કહ્યું : "તું આ શરીર છોડીને લક્ષ્મી સમાન મારી પ્રિયા થઈશ. તારા શરીરમાંથી ગંડકી નદી અને કેશમાંથી તુલસી વૃક્ષ ઉત્પન્ન થશે."

આ શાપ પછી ભગવાને પથ્થરનું રૂપ ધારણ કર્યું. જે શાલિગ્રામ રૂપે ઠાકોરજીની પૂજા શરૂ થઈ અને ગંડકીના કિનારેકિનારે તુલસીના વન ઊગી નીકળ્યાં. તુલસીદલ પ્રભુના મસ્તકે ચડવા લાગ્યાં. એ બંનેનો વિધિપૂર્વકનો વિવાહ એજ **'તુલસીવિવાહ.'**

આ પાષાણરૂપે શાલિગ્રામ નેપાળમાં ગંડકી નદીમાં થાય છે. એવું કહેવામાં આવે છે કે, નદીના વહેણ ઉપર તુલસીનો ગુચ્છ ધરવાથી તરત જ પાણીમાંથી શાલિગ્રામ ઉપર તરી આવે છે.


કાર્તિકી પૂર્ણિમાએ તુલસીવિવાહની સમાપ્તિ પછી સમાજમાં લગ્નની શરૂઆત થાય છે. આ **તુલસીવિવાહ**-દેવદિવાળીનો **મર્મ** એ જ છે કે, આપણે હથેવાળો હરિ સંગાથે કરીને તુલસીદેવીની જેમ જન્મ સુફળ કરી લેવાનો છે. પૂર્વે લગ્નમાં ફટાણાં (બીભત્સ લગ્નગીતો) ગવાતાં. પરંતુ સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે આ કુરિવાજ બંધ કરાવ્યો અને સ.ગુ. શ્રી પ્રેમાનંદ સ્વામી આદિક નંદસંતો પાસે તુલસીવિવાહ, રુક્મિણીવિવાહ, રાધાકૃષ્ણવિવાહ વગેરે પદમાળાઓ-કીર્તનો રચાવી અને ફટાણાંની જગ્યાએ લગ્નમાં આ પદો ગાવાની આજ્ઞા કરી છે.

સં. ૧૮૬૩ની સાલમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે કાલવાણીમાં તુલસી વિવાહનો ઉત્સવ કર્યો હતો.



# સત્સંગ સમાચાર પત્રિકા

સ્વામી ઘનશ્યામદાસજી તથા શા. સ્વામી સર્વમંગલદાસજી તથા સાધુ ધર્મવલ્લભદાસજી







પાળજ ગામમાં એકી સાથે અકસ્માતમાં ધામમાં સિધાવેલ પાંચ સત્સંગી સત્સંગી યુવાનોની શોકસભામાં ઉપસ્થિત પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. સંતો






સારસા-ભરુચમાં હરિભક્તોના નિવાસસ્થાનોએ પધરામણી કરતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી.







સુણાવ (આણંદ)ને આંગણે મંદિરમાં ઠાકોરજીને આરતી ઉતારતા તથા દર્શન-અમૃતવાણીનો લાભ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.






સુરતને આંગણે યોજાયેલ પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો '૬૬મા જન્મોત્સવ' પ્રસંગે પૂજન-અર્ચન કરતા પૂ. સંતો-હરિભક્તો.




સરધારધામને આંગણે યોજાયેલ 'શ્રીકૃષ્ણ જન્માષ્ટમી મહોત્સવ' પ્રસંગે કથાવાર્તાનો લાભ આપતા તથા પ્રાગટ્ય ઉતારતા પૂ. સ્વામી તથા સંતો




મલાડ (મુંબઈ)ને આંગણે પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીના સાનિધ્યમાં યોજાયેલ દ્વિમાસિક સભા તથા બાળસંસ્કાર મંડળનો વાર્ષિકોત્સવ.




વડોદરાને આંગણે યોજાયેલ 'માસિક સત્સંગ સભા'માં દર્શન-અમૃતવાણીનો લાભ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.




સરધારધામને આંગણે 'જળઝીલણી મહોત્સવ' પ્રસંગે યોજાયેલ ઠાકોરજીની શોભાયાત્રા, પૂજન-અર્ચન તથા પ્રાસાદિક તળાવમાં અભિષેક.

પધારો ગઢપુર... ॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥ પધારો ગઢપુર...

## અક્ષરધામથી જાહેર આમંત્રણ

આંતરરાષ્ટ્રીય શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ૧૫૦૦ કરોડ લેખન મહોત્સવ - ૩ વડતાલના ઉપલક્ષમાં

**ગઢપુરપતિ શ્રી ગોપીનાથજી મહારાજના સાનિધ્યમાં પ.પૂ. અ.સૌ. ગાદિવાળા માતુશ્રીના દિવ્ય સંકલ્પથી**

# દ્વિશતાબ્દી અન્નકૂટ મહોત્સવ – ગઢડા



**આયોજનો**

શ્રી દિપમાળા : તા. ૨૩-૧૦-૨૦૧૪, સાંજે ૭.૦૦ કલાકે

શ્રી અન્નકૂટ મહોત્સવ : તા. ૨૪-૧૦-૨૦૧૪, સવારે ૧૦ થી ૧

શ્રી ભક્ત ચિંતામણી ગાન કથા : તા. ૨૫ થી ૨૯-૧૦-૨૦૧૪

સમય : સવારે ૮.૩૦ થી ૧૧.૩૦, બપોરે ૩ થી ૬, રાત્રે ૮ થી ૧૧



**:: વક્તા ::**

પૂ. કો. શા. સ્વામી શ્રી ઘનશ્યામવલ્લભદાસજી



**તારીખ :- ૨૪ થી ૨૯ -૧૦-૨૦૧૪**

**॥ આયોજક ॥ શ્રી ગોપીનાથજી મંદિર ટ્રસ્ટી બોર્ડ, શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર, ગઢડા**

ફો.નં. ૦૨૮૪૭ - ૨૫૨૮૦૦ www.gopinathji.com

---

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી આયોજીત

## ભગવાન શ્રી સ્વામિનારાયણ મંદવાડગ્રહણ લીલા

# દ્વિશતાબ્દી મહા મહોત્સવ - વરજાંગ જાળિયા

**॥ અધ્યક્ષશ્રી ॥**

પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



**॥ ઉપાધ્યક્ષશ્રી ॥**

પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

**:: પ્રારંભ ::**

સં. ૨૦૭૦ આસો વદ - ૨
તા. ૧૦-૧૦-૨૦૧૪

**:: પૂર્ણાહુતિ ::**

સં. ૨૦૭૦ આસો વદ - ૮
તા. ૧૬-૧૦-૨૦૧૪

**પ્રયોજક :-** પૂ. પુરાણી સ્વામી શ્રી શ્રીહરિદાસજી (વડતાલવાળા) હાલ - વરજાંગ જાળિયા

**॥ મહોત્સવ સ્થળ ॥ નૂતન શિખરબધ્ધ શ્રી સ્વામિનારાયણ મંદિર,** મું. વરજાંગ જાળિયા, તા. ઉપલેટા, જી. રાજકોટ.

કો. સ્વામી શ્રી ભક્તિનંદનદાસજી, ફો.નં. ૦૨૮૨૬ - ૨૮૨૪૮૦, મો. ૯૮૭૯૬૯૧૮૯૬

LIVE ONLINE

www.svg.org
www.sardharkatha.com

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

વિદ્યમાન પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી
પ.પૂ. ૧૦૮ શ્રી **ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના અધ્યક્ષ પદે **દિપાવલીના શુભ અવસરે**
તીર્થધામ સરધારને આંગણે ૧૯મી

# શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી

2014 સરધાર

વાઘબારશ થી ચોથ



## તારીખ : ૨૦ થી ૨૬ -૧૦-૨૦૧૪

**પ્રયોજક :- પૂ.સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - સરધાર**

## સત્સંગ છાવણીના કાર્યક્રમની રૂપરેખા

**સવાર**

| | |
|---|---|
| ૪.૩૦ થી ૬.૦૦ | સ્નાનાદિક - પૂજાવિધિ |
| ૬.૦૦ થી ૬.૩૦ | પ્રભાતફેરી |
| ૬.૩૦ થી ૭.૦૦ | પ્રભાતિયા |
| ૭.૦૦ થી ૮.૦૦ | કીર્તન વિવેચન |
| **વક્તા :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી** | |
| ૮.૦૦ થી ૯.૧૫ | પરચા પ્રકરણ કથા |
| **વક્તા :- પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજી** | |
| ૯.૧૫ થી ૯.૪૫ | ધ્યાન અનુષ્ઠાન |
| ૯.૪૫ થી ૧૦.૧૫ | જ્ઞાનગોષ્ઠી |
| ૧૦.૧૫ થી ૧૧.૩૦ | વચનામૃત વિવેચન |
| **વક્તા :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી** | |
| ૧૧.૩૦ થી ૧૨.૦૦ | પ્રવચન-માનસીપૂજા |
| ૧૨.૦૦ થી ૧.૦૦ | મહાપ્રસાદ |

**બપોર**

| | |
|---|---|
| ૧.૦૦ થી ૨.૦૦ | વચનામૃત-કથા-પ્રશ્નોત્તરી |
| ૨.૦૦ થી ૩.૩૦ | વિશ્રાંતિ |
| ૩.૩૦ થી ૩.૪૫ | માનસી-ફગવા-કીર્તનભક્તિ |
| ૩.૪૫ થી ૫.૦૦ | પરચા પ્રકરણ કથા |
| **વક્તા :- પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજી** | |
| ૫.૦૦ થી ૬.૧૫ | શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતોની કથા |
| **વક્તા :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી** | |
| ૬.૧૫ થી ૭.૩૦ | પ્રવચન-ગોડી-આરતી-સ્તુતિ |
| ૭.૩૦ થી ૮.૩૦ | મહાપ્રસાદ |
| ૮.૩૦ થી ૯.૦૦ | સ્વાભાવિક ચેષ્ટાગાન |
| ૯.૦૦ થી ૧૦.૦૦ | વ્યાખ્યાનમાળા |
| ૧૦.૦૦ થી ૪.૩૦ | વિશ્રાંતિ |



**છાવણીના વિશેષ કાર્યક્રમો** - નૂતન વર્ષ પૂજન, સમૂહ સ્નાન, રાસોત્સવ, શેરડી ઉત્સવ, ઓળા ઉત્સવ, ડોડા ઉત્સવ વગેરે...

**સ્થળ :- 'શ્રી સ્વામિનારાયણ બાગ' શ્રી સ્વામિનારાયણ મંદિર, સરધાર**

તા.જી. રાજકોટ. **સંપર્ક** - ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૭૬૦૦૦૫૮૫૦૫ (પૂ. પતિતપાવન સ્વામી)

**Live :** www.sardharkatha.com **E-mail :** sardharmandir@gmail.com

## ॥ મહોત્સવમાં આવવા માટેની વ્યવસ્થા ॥



**વિમાન વ્યવસ્થા :-**

મુંબઈ અને દિલ્હીથી દેહરાદુન તેમજ અમદાવાદ, વડોદરા અને સુરતથી દિલ્હી સુધી વિમાનની વ્યવસ્થા ઉપલબ્ધ (દેહરાદુનથી હરિદ્વાર ૬૦ કિ.મી.)



**ટ્રેન વ્યવસ્થા :-**

મુંબઈ, સુરત, અમદાવાદ અને રાજકોટથી હરિદ્વાર તેમજ દિલ્હી સુધીની ટ્રેનો ઉપલબ્ધ.... સરકારના નિયમમુજબ ટીકીટ બુકીંગ બે મહિના અગાઉ કરાવવાની રહેશે. (દિલ્હીથી હરિદ્વાર ૧૫૦ કિ.મી.)

**હરિદ્વાર મહોત્સવ પ્રસંગે....**

શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા આયોજીત

ઉત્તરભારતની બારમી

# શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા

**તારીખ :- ૨૭-૧૦-૨૦૧૪ થી ૧૩-૧૧-૨૦૧૪**

**કુલ દિવસ :- ૧૮ ટીકીટ દર :- ૧૨,૮૦૦**

(ટીકીટ બુકીંગ સમયે રૂા. ૫,૦૦૦/- ભરવાના રહેશે તેમજ બાકીની રકમટીકીટ દીઠ રૂા. ૭,૮૦૦/- યાત્રાપ્રવાસ ઉપડતા પહેલા ૩૦ દિવસે ભરી દેવાના રહેશે.)

## દર્શનીય પવિત્ર તીર્થસ્થળો :

હરિદ્વાર, ઋષિકેશ, અયોધ્યા, છપૈયા, કાશી, અલ્હાબાદ, મથુરા, વૃંદાવન, ગોકુળ

**ખાસનોંધ :-** તા. ૨૭-૧૦-૨૦૧૪ના રોજ **રાજકોટ**થી ઉપડશે માટે **હરિદ્વાર** સુધીની યાત્રા દરમ્યાન યાત્રિકે પોતાની રીતે જમવાનું સાથે લાવવાનું રહેશે. તેમજ તીર્થસ્થાનોના દર્શન કરીને ટ્રેનયાત્રાનું **અંતિમ** વિરામસ્થાન **રેલ્વે સ્ટેશન-રાજકોટ** રાખવામાં આવ્યું છે, તેથી યાત્રિકોએ ત્યાંથી પોતાની રીતે પોતપોતાના મુકામસુધી પહોંચવાનું રહેશે.

**બુકિંગ માટે સંપર્ક :-** **શ્રી સ્વા. મંદિર - સરધાર.** ફો. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧ મો. ૭૬૦૦૦૫૮૫૦૫ (પૂ. પતિતપાવન સ્વામી) ૯૪૦૯૪૯૦૮૯૦ (મહેતાજી). **શ્રી સ્વા. મંદિર - શ્રીજીનગર સુરત.** મો. ૮૧૨૮૬૯૧૫૧૩. **પૂ. ધર્મવલ્લભ સ્વામી - વડતાલ.** મો. ૭૬૦૦૦૨૭૧૩૪. **શ્રી સ્વા. મંદિર - ડોંબીવલી** ફો.નં. ૦૨૫૧ - ૨૪૫૩૮૭૫ મો. ૯૩૨૨૭૫૩૦૫૨ (પૂ. પ્રેમસ્વામી). **શ્રી સ્વા. મંદિર - ખારગેટ મહુવા.** મો. ૮૧૨૮૬૯૧૫૧૫ (કો. પા. સાગર ભગત). **શ્રી સ્વા. મંદિર - ભાવનગર.** મો. ૯૮૯૮૦૨૫૨૫૧ (કો. પા. મેહુલ ભગત), ૯૪૨૬૩૧૪૩૬૮ (અમરશીદાદા). **શ્રી સ્વા. મંદિર - બગસરા.** ફો.નં. ૦૨૭૯૬ - ૨૨૨૫૪૧, ૮૧૨૮૬૯૧૫૦૨ **મનસુખભાઈ દહિસર.** મો. ૯૮૩૩૫૧૫૧૭૨. **અશોકભાઈ વિદ્યાનગર.** મો. ૯૮૨૪૪૯૩૩૮૭. **પ્રવિણભાઈ માનકુવા - ભુજ.** મો. ૯૮૨૫૭૯૫૮૫૨. **ગોવિંદભાઈ માનકુવા - ભુજ.** મો. ૯૮૨૫૫૩૭૮૪૬. **રાજુભાઈ સુખપુર-ભુજ.** મો. ૯૮૭૯૭૩૪૪૩૫. **ઈશ્વરભાઈ વિકાસ મોટર્સ - અમદાવાદ.** મો. ૯૯૨૫૦૪૪૧૦૮. **નાથાભાઈ અમદાવાદ.** મો. ૯૮૭૯૧૩૨૩૧૨. **શાંતિલાલ માણાવદર.** મો. ૯૪૨૬૧૬૭૭૦૮. **હિંમતભાઈ ધંધુકા.** મો. ૯૪૨૮૪૯૯૩૦૮. **ધીરુભાઈ - ઉના.** મો. ૯૮૨૪૨૪૩૧૬૬. **મહેશભાઈ - નાગકડા.** મો. ૯૪૨૬૭૧૩૦૧૩. **જગદીશભાઈ - ભરુચ.** મો. ૯૪૨૯૪૨૭૧૦૦. **દુર્લભજીભાઈ - જેતપુર.** મો. ૯૩૨૭૬૦૧૦૦૮. **નિલેશભાઈ - અમરેલી.** મો. ૯૪૨૭૨૩૦૬૨૦.

**હરિદ્વાર ઉતારા વિષે માહિતી :-**

હરિદ્વારને આંગણે ઉજવાતા વિશાળકાય મહોત્સવમાં લાભ લેનાર પોતાની રીતે વિમાન યા ટ્રેન કે અન્ય રીતે **ડાયરેક્ટ** આવવા ઈચ્છતા ભક્તજનો માટે જમવાની તથા **ઉતારા**ની વ્યવસ્થા મહોત્સવ સ્થળ ઉપર **ટેન્ટહાઉસ**માં કરવામાં આવશે. પરંતુ યાત્રિક પોતાની રીતે ધર્મશાળા યા હોટલમાં પોતાના ખર્ચે રહી શકશે. મહોત્સવમાં આવનાર તમામભક્તોએ સરધાર મંદિરે પોતાનું નામ-સરનામાની વિગત સાથે આઈ કાર્ડની ઝેરોક્ષકોપી ફરજીઆત મોકલવાની રહેશે.

**અન્ય સૂચના :-**

આ મહોત્સવનો લાભ લેનાર ભક્તોએ પોતાની સાથે ઠંડીનો સમય હોવાથી પહેરવા તેમજ ઓઢવા-પાથરવા માટે **ગરમવસ્ત્રો** ફરજીઆત સાથે લાવવાના રહેશે. અને પોતે દરરોજ લેતા હોય તે દવાઓ તેમજ તાવ, ઉધરસ-શરદી, ઉલ્ટી-ઝાડા વગેરે **દવાઓ** સાથે લેવી.

દર મહિનાના પહેલા રવિવારે **સરધારધામ**માં યોજાતી

:: તારીખ :: ૫-૧૦-૨૦૧૪

## ॥ અભયદાન માસિક સત્સંગ સભા ॥

:: સમય :: સવારે ૯ થી ૧

**સ્થળ :-** શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા.જી. રાજકોટ. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩








શ્રી રઘુવીરવાડી ખાતે યોજાયેલ 'શ્રીકૃષ્ણ જન્માષ્ટમી મહોત્સવ'માં પ્રાગટ્યની આરતી ઉતારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી સાથે પૂ. બચુબા તથા પૂ. લાલીરાજાશ્રી.








ભાદરવા સુદ ત્રીજના દિવસે જનોઈ ધારણવિધિ પ્રસંગે ઠાકોરજીનું પૂજન અર્ચન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. સંતો.








ભગવાન શ્રીહરિની આજ્ઞા અનુસાર ગણેશચોથના પવિત્ર દિવસે શ્રી ગણપતિજીનું પૂજન-અર્ચન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી









ગઢડા પ્રદેશના સિહોર શહેરને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી યોજાયેલ 'નૂતન મંદિર ખાતમુહૂર્તવિધિ'

Swaminarayan Chintan, September - 2014 Reg. No. RJT - 624/13-15, Valid up to 31/12/15, RNI No. GUJGUJ-2013/47868_Posted at Rajkot R.M.S on 20th of every month wpp No. G-PMG-RJT/018/2013 Valid up to 14/6/2014

# પધારો હરિદ્વાર



॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥



## નૂતન નવલા વર્ષમાં દેવભૂમિ-તપોભૂમિ હરિદ્વારને આંગણે વિશાળ ફલક પર...

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના
રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી

ભંડેરી ઈમ્પેક્ષ-સુરત દ્વારા આયોજીત

# હરિદ્વાર મહોત્સવ

અંતર્ગત

## પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના


શ્રીમુખે ૩૨૫મી

# શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ

**તારીખ :- ૨૯ થી ૯ ૧૧-૨૦૧૪**



અધ્યક્ષશ્રી : પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



ઉપાધ્યક્ષશ્રી : પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

## આયોજક-નિમંત્રક :- ભંડેરી ઈમ્પેક્ષ - સુરત

પ.ભ. શ્રી મગનભાઈ ભંડેરી, ઘનશ્યામભાઈ ભંડેરી, પ્રકાશભાઈ ભંડેરી,
નિલેશભાઈ કોઠીયા, શંભુભાઈ મોરડીયા, પ્રવિણભાઈ લખાણી

॥ મહોત્સવ પ્રસારણ ॥

હમારા લક્ષ્ય ચેનલ પર થશે

:: online ::
www.lakshyatv.com

:: વેબસાઈટ ઓનલાઈન ::
www.sardharkatha.com
www.svg.org

**મહોત્સવ સ્થળ :** 'પંથદ્વીપ ગ્રાઉન્ડ' જયરામ આશ્રમની સામે, ઋષિકેશ રોડ, હરિદ્વાર (ઉત્તરાખંડ)

Publisher, Printer, Owner, editor :- SWAMI PATITPAVANDASJI , Place of Publication :- Shree Swaminarayan Mandir, At : SARDHAR, Ta. & Dist. Rajkot (GJ) - 360025.
Printing press with complete address : SHREEJI ART, GF-12, ASHIRVAD SHOPPING CENTER, ASHRAM ROAD, PALDI AHMEDABAD, (GJ) - 380007